TUESDAY
૦૨-૦૨-૨૦૨૧
વિ.સં. ૨૦૭૭
પોષ વદ ૦૫
અંક : ૧૦૦
કુલ પાના : ૮

સત્ય માટે, સત્ય સાથે સતત...

# ચક્રવાત

We celebrate the milestone of reaching the 100th step of 7th year's of our publication

રાજકોટથી પ્રસિધ્ધ થતું અને સમગ્ર ગુજરાતમાં બહોળો ફેલાવો ધરાવતું દૈનિક અખબાર

● મેનેજિંગ તંત્રીશ્રી : જિજ્ઞેશભાઈ કાલાવડીયા ● તંત્રીશ્રી : યાકુબ આર. બાદી ● એસો. એડિટર : જે.પી. જાડેજા ● હેડ ઓફિસ : ચક્રવાત ભવન, અંબાજી કડવા પ્લોટ, આનંદ બંગલા ચોક પાસે, મવડી રોડ, રાજકોટ. ● વર્ષ : ૭ ● RNI Reg. No.GUJGUJ/2013/66120 ●કિંમત રૂા. ૪

### નિર્મલા સિતારમણે બજેટમાં દેશના સરકારી સાહસોને ખાનગી કંપનીઓને સોંપવાનો માર્ગ ખુલ્લો કર્યો

# બજેટ ૨૦૨૧ : ગરીબ અને મધ્યમ વર્ગ માટે ફરી નિરાશા

(જી.એન.એસ)ન્યુ દિલ્હી,તા.૧

કેન્દ્રિય નાણાંપ્રધાન નિર્મલા સિતારમણે નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટેનું અંદાજપત્ર રજૂ કર્યું હતું. જેમાં તેમણે કેટલીક એવી જાહેરાતો કરી હતી કે જે પ્રથમવાર જ અમલમાં આવી રહી હોય. આ વર્ષે કોરોનાને કારણે પેપરલેસ અંદાજપત્ર રજુ કરાયું હતું. દર વર્ષે નાણાં પ્રધાન બ્રિફકેસમાં અંદાજપત્ર લઈને સંસદમાં પ્રવેશતા હોય છે. પરંતુ પેપરલેસ બજેટ રજુ કરવા માટે નાણાં પ્રધાન નિર્મલા સિતારમણ, બ્રિફકેસના બદલે ટેબ્લેટ સાથે સંસદમાં પ્રવેશ્યા હતા.

**પેટ્રોલ પર ૨.૫૦ રૂા. અને ડીઝલ પર ૪ રૂા. કૃષિ સેસ લગાડવાનું એલાન, સોના અને ચાંદી પરની કસ્ટમડયુટી ઘટાડવામાં આવી**

જોવામાં આવે તો આ બજેટ સામાન્ય માણસનું નહોતું. સામાન્ય માણસને રાહત થાય તે માટે કોઈ જાહેરાત કરવામાં આવી ન હતી. ઉલ્ટું, બધી વસ્તુઓ પર કસ્ટમ ડ્યુટી અને સરચાર્જને લીધે મોબાઈલ સહિતની ઘણી ચીજો પણ મોંઘી થઈ રહી છે.

આ બજેટ સામાન્ય લોકો માટે નિરાશાજનક હતું.

**નાણાંમંત્રી સીતારમણે સંસદમાં પેપરલેસ બજેટ રજૂ કર્યું : વીમા ક્ષેત્રમાં ૭૪ ટકા એફડીઆઇ થઇ શકશે**

સિતારમને કહ્યું કે કોરોના વાયરસ મહામારી સામે લડવા માટે સરકારે વર્ષ ૨૦૨૦માં ૩૦ લાખ કરોડ રૂપિયાના ૫ મિની બજેટ રજૂ કર્યા હતા. નાણામંત્રીએ સામાન્ય લોકોને રસ પડે એવી જે જાહેરાત કરી છે તેમાં એલઆઈસીનો IPO આ વર્ષમાં બજારમાં આવશે તેની છે. કોરોના મહામારીના સમયમાં જયારે લોકો આર્થિક રીતે પડી ભાંગ્યા હતા ત્યારે મૂડીબજારમાં પ્રવેશેલી અનેક કંપનીઓના IPOમાં લોકોએ રોકાણ કરીને તગડી કમાણી કરી હતી. શેરબજાર વિશે નહીં જાણનારા લોકો પણ હવે IPOમાં રસ દાખવતા થયા છે.



નાણામંત્રીએ કહ્યું કે વર્ષ ૨૦૨૧-૨૨માં દેશની સૌથી મોટી જીવન વીમા સંસ્થા ભારતીય જીવન વિમા નિગમ (એલઆઈસી) પોતાનો IPO લાવશે. આ બાબતે એલઆઈસી અધિનિયમ સાથે જોડાયેલા બદલાવ ચાલૂ સંત્રમાં રજૂ કરવામાં આવી શકે છે.સાથે નાણામંત્રીએ જાહેરાત કરી કે ભારત પેટ્રોલિયમ, એર ઈન્ડિયા, કોનકોર અને શિપિંગ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાના વ્યુહાત્મક વેચાણ પણ આગામી નાણાંકીય વર્ષમાં પુરા થશે. આ યોજનાનો અમલ નીતી આયોગ કરશે એમ નાણામંત્રીએ કહ્યું હતું.

**ચૂંટણીવાળા ૪ રાજ્યોમાં રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર ૨.૨૭ લાખ કરોડ ખર્ચ કરાશે**

નાણામંત્રીએ પોતાના બજેટ ભાષણમાં કહ્યું કે બે જાહેર ક્ષેત્રની બેંકો અને એક જનરલ વીમા કંપનીનું પણ ખાનગીકરણ કરવામાં આવશે. જો કે નાણામંત્રીએ કઈ જાહેર ક્ષેત્રની બેંક અને કઈ જનરલ વીમા કંપનીનું ખાનગીકરણ કરશે તે બાબતે ફોડ પાડયો નહોતો.

નાણામંત્રીએ શેરબજાર માટે માત્ર એક સિકયોરીટી માર્કેટ કોડ રજૂ કરવાની જાહેરાત કરી.

નાણામંત્રી નિર્મલા સીતારમણે જાહેરાત કરી છે કે, વીમા ક્ષેત્રમાં ૭૪ ટકા FDI થઈ શકશે. પહેલા વીમા સેક્ટરમાં FDI ૪૯ ટકા જ થતી હતી. આ સિવાય રોકાણકારો માટે ચાર્ટર બનાવવાની જાહેરાત કરી છે. નાણામંત્રી નિર્મલા સીતારમણે સ્ટાર્ટ અપ કંપની માટે જાહેરાત કરી છે. જેના હેઠળ એક ટકા કંપનીને રોકટોક વિના શરૂઆતમાં કામ કરવાની મંજૂરી મળશે

**ઈન્કમટેક્ષ સ્લેબમાં કોઈ ફેરફાર નહિ, ૭૫ વર્ષથી ઉપરના લોકોને આઈટીઆરમાંથી મુકિત**

આ બજેટમાં સરકારે હેલ્થ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર ખાસ્સું ધ્યાન આપ્યું છે, પરંતુ જેની આતુરતાથી રાહ જોવાઈ રહી હતી તેવી આઈટી સ્લેબમાં ફેરફાર તેમજ ૮૦ઝ હેઠળ મળતી છૂટનો કોઈ ઉલ્લેખ પણ ના કરી નાણાંમંત્રીએ મધ્યમ વર્ગને નિરાશ કર્યો છે. જો આ રાહત મળી હોત તો અર્થતંત્રમાં વધુ રુપિયો ફરતો થવાની શક્યતા હતી, પરંતુ નાણાંમંત્રીએ પગારદાર વર્ગને રાહત આપવાનું ટાળ્યું છે. જોકે, પેન્શન અથવા વ્યાજની આવક પર નભતા ૭૫ વર્ષથી વધુ વયના નાગરિકોને ટેક્સ ભરવામાંથી મુક્તિ આપવામાં આવી છે.

**સસ્તા મકાન પર દોઢ લાખ રૂપિયા સુધીની લોન વ્યાજમુક્ત રહેશે, મોબાઈલ અને તેના પાર્ટસ મોંઘા થશે**

એક તરફ, પેટ્રોલ અને ડીઝલના ભાવ સરકારના આકરા કરવેરાને કારણે હાલ આસમાને પહોંચ્યા છે, તેવામાં તેમાં કોઈ રાહત આપવાને બદલે નાણાંમંત્રીએ પેટ્રોલ પર રુ. ૨.૫૦ અને ડીઝલ પર રુ. ૪નો ફાર્મ સેસ લેવાની દરખાસ્ત કરતાં પેટ્રોલ-ડીઝલના ભાવ ઓર વધે તેવી શક્યતા છે.

**ચૂંટણીવાળા રાજ્યો અસમ, તમિલનાડુ, પશ્ચિમ બંગાળ પર ઓળઘોળ મોદી સરકાર**

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમન સોમવારે સંસદમાં પોતાનું ત્રીજું બજેટ રજૂ કરી રહ્યા હતા, ત્યારે ખેડુતો વિશેની એક લાઈન પર વિપક્ષોએ પસ્તાળ પાડીને ભારે હંગામો મચાવી દીધો હતો. નાણામંત્રીએ જયારે બજેટની રજૂઆતમાં કહ્યું કે સરકાર ખેડુતો પ્રત્યે કટીબધ્ધ છે એની સાથે જ વિપક્ષના નેતાઓએ લોકસભામાં હંગામો મચાવી દીધો હતો અને નારેબાજી કરવા માંડી હતી. વિપક્ષોનો વિરોધ ધારધાર હતો કે નાણામંત્રીએ પોતાનું બજેટ ભાષણ થોડા સમય માટે અટકાવવું પડ્યું હતું.નાણામંત્રીએ આ વખતે પહેલીવાર પેપરલેસ એટલે કે ડીજીટલ બજેટ રજૂ કર્યું હતું.

**જાહેર ક્ષેત્રની બેંકો અને એક જનરલ વીમા કંપનીનું પણ ખાનગીકરણ કરવામાં આવશે**

નાણામંત્રી નિર્મલા સીતારમને ખેડુતો વિશે સરકાર કટીબધ્ધ હોવાની વાત કરતા વિપક્ષોએ કૃષિ કાનુન વાપસ લો ના નારા લગાવીને લોકસભાને ગજવી નાંખી હતી. હંગોમાં વધવાને કારણે નાણામંત્રીએ પોતાનું બજેટ ભાષણ અટકાવવું પડ્યું હતુ.

નાણામંત્રીએ કહ્યું હતું કે અમે લોકડાઉન સમાપ્ત થયા પછી સરકારી ખર્ચ વધાર્યો છે. ૨૦૨૦-૨૧માં ૩૦.૪૨ લાખ કરોડના સરકારી ખર્ચનો અંદાજ છે, જે વધીને ૩૪.૫ લાખ કરોડ થશે. ૨૦૨૧માં રાજકીય ખાધ જીડીપીના ૯.૫% છે. એની ભરપાઈ માટે અમને ૮૦ હજાર કરોડ રૂપિયા વધારે જોઈએ. એ માટે અમને બજાર પાસેથી અપેક્ષા છે. ૨૦૨૧-૨૨માં ૩૪.૮૩ લાખ કરોડના સરકારી ખર્ચનો અંદાજ છે. ૨૦૨૧-૨૨માં રાજકીય ખાધ જીડીપીના ૬.૮ ટકા રહેવાનો અંદાજ છે. ૨૦૨૫-૨૬ સુધી એ ઘટાડીને ૪.૫ ટકા કરવાનો અંદાજ છે. કન્ટિજન્સી ફંડને ૫૦૦ કરોડથી વધારીને ૩૦ હજાર કરોડ રૂપિયા સુધીની જોગવાઈ કરવામાં આવી છે.

### બજેટમાં સરકારની મહત્વની જાહેરાતો...

- ૯૫% ડિઝિટલ લેણદેણ અને ૧૦ કરોડનો વ્યવસાય કરનારી કંપનીને ઓડિટથી મળશે છૂટ
- એફોર્ડેબલ હાઉસિંગમાં છૂટ એક વર્ષ માટે વધી
- મોબાઈલ ફોન થઈ શકે છે મોંઘો, કસ્ટમ ડ્યૂટી વધારીને ૨.૫% થઈ
- કોપર પર ડ્યૂટી ૨.૫% અને સ્ટીલ પર ડ્યૂટી ઘટીને ૭.૫% કરવામાં આવી
- તમિલનાડુ, અસમ, પશ્ચિમ બંગાળને નવા માર્ગો અને કોરિડોરની ભેટ
- વિમા ક્ષેત્ર પર સરકારનો મોટો નિર્ણય, હ્ઽૈં વધારીને ૭૪% કરાયું
- બેંક ડૂબી તો હવે ૧ લાખની જગ્યાએ ૫ લાખ રૂપિયા મળશે
- ડુબેલા દેવાને લઈને બનશે મેનેજમેન્ટ કમિટિ
- એગ્રિકલ્ચર ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડની જાહેરાત, દેશમાં બનશે મોટા ૫ ફિશિંગ હબ
- ૧૦૦ નવી સૈનિક સ્કુલ ખોલવામાં આવશે અને લેહમાં કેન્દ્રીય વિશ્વવિદ્યાલય ખુલશે
- સોનું-ચાંદી, તાંબા પર કસ્ટમ ડ્યૂટી ઘટાડવામાં આવી.

### શું સસ્તુ થશે ???

- ★ સોનું-ચાંદી
- ★ લોખંડ
- ★ ચામડાની વસ્તુઓ
- ★ ડ્રાય ક્લિનિંગ
- ★ સ્ટીલના વાસણો
- ★ ઈન્શ્યોરન્સ
- ★ વીજળી
- ★ પોલીસ્ટર
- ★ તાંબાના વાસણો
- ★ કૃષિના સાધનો

### શું મોંઘું થશે???

- ★ મોબાઈલ
- ★ મોબાઈલના પાર્ટ્સ
- ★ ઓટોસ્પાર્ટ્સ
- ★ પેટ્રોલ-ડીઝલ
- ★ ઈલેક્ટ્રોનિક્સ સામાન
- ★ કોટનના કપડાં
- ★ લેધરના જૂતા
- ★ સોલર ઈન્વર્ટર
- ★ કાબુલી ચણા
- ★ યુરિયા અને ડીએપી ખાતર
- ★ દારૂ

### બજેટમાં સરકારની મહત્વની જાહેરાતો...

- ઈક્મ ટેક્સ સ્લેબમાં કોઈ ફેરફાર નહી
- આરોગ્ય બજેટ ૯૪ હજાર કરોડથી વધારીને ૨.૨૩ લાખ કરોડ કરવામાં આવ્યું
- ૧૭ નવા પબ્લિક હેલ્થ યૂનિટ નેશનલ ઈન્સ્ટિટ્યૂશન ઓફ વર્લ્ડ હેલ્થ સેન્ટર બનશે
- શહેરો માટે જલ જીવન મિશન લોન્ચ કરવામાં આવશે
- આગામી વર્ષે ૮૫૦૦ કરોડ કિમી સડકોનું નિર્માણ થશે
- ભારતમાલા પ્રોજેક્ટ હેઠળ ૩ હજાર કિમીથી વધારે માર્ગો બન્યા
- ૫ ટ્રિલિયન ડોલર ઈકોનોમી માટે મેન્યૂફેક્ચરિંગ પર ફોકસ
- કોરોના વેક્સિન માટે ૩૫ હજાર કરોડ રૂપિયા
- જુની કારો સ્ક્રેપ થશે, ઓટોમેટેડ ફિટનેસ સેન્ટર બનશે
- શહેરી સ્વચ્છ ભારત મિશન ૨.૦ પર ૧ લાખ ૪૧ હજાર કરોડ ખર્ચ થશે
- આગામી ૫ વર્ષમાં સ્વચ્છ હવા પર ૨ હજાર કરોડ ખર્ચ થશે
- વસ્તી ગણતરી ડિઝિટલ કરવામાં આવશે, ડિઝિટલ પેમેન્ટ પર ૧૫૦૦ કરોડનું ઈન્સેન્ટિવ
- વર્ષ ૨૦૨૧-૨૨માં આર્થિક નુંકસાન ૬.૮% રહેવાનું અનુમાન
- પેન્શન મેળવનારા સિનિયર સિટિઝનને ઈક્મ ટેક્સમાંથી રાહત






# સેન્સેક્સમાં ઐતિહાસિક ૨૩૧૪ અંકના ઉછાળો બજેટના સહારે રોકાણકારો નફાના પર્વત પર

### નિફ્ટી ૬૪૬ના વધારા સાથે **૧૪ હજારની સપાટી પર**

(જી.એન.એસ.)મુંબઈ,તા.૧

નાણાં પ્રધાને કરેલી બજેટની જાહેરાત બાદ આજે રોકાણકારોની ચાંદી થઈ ગઈ છે. જેમાં બીએસઈ લિસ્ટેડ કંપનીઓની માર્કેટ કેપ વધીને ૧,૯૦,૩૫,૩૩૫.૮૯ કરોડ થઈ છે. જ્યારે શુક્રવારે તે ૧,૮૬,૧૨,૬૪૪.૦૩ કરોડ હતી. એટલે કે, થોડા કલાકોમાં રોકાણકારોની સંપત્તિમાં ૪ લાખ કરોડથી વધુનો



વધારો થયો છે. શેરબજારમાં આજે ખુશીનો માહોલ જોવા મળ્યો છે. જેમાં સેન્સેક્સ +૨,૩૧૪.૮૪ પોઈન્ટ એટલે ૫.૦૦% ટકાના ઉછાળા સાથે ૪૮,૬૦૦.૬૧ પર આગળ વધી બંધ રહ્યો છે. તેમજ નિફ્ટી +૬૪૬.૬૦ પોઈન્ટ એટલે ૪.૭૪% ટકાના વધારા સાથે ૧૪,૨૮૧.૨૦ પર બંધ રહી છે. નાણાં પ્રધાન નિર્મલા સીતારમણે સંસદમાં નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨

### થોડા કલાક અને રોકાણકારોને **ચાર લાખની કમાણી**

માટેનું સામાન્ય બજેટ રજૂ કર્યું છે. નિર્મલા સીતારમણનું આ ત્રીજુ બજેટ દેશના અર્થતંત્ર માટે ખૂબ મહત્વનું છે. બજેટથી શેરબજારમાં ઉછાળા આવ્યો છે. નિર્મલા સીતારમણના બજેટ પર ભાષણ દરમિયાન શેર?બજારમાં ઉછાળો આવવાનો શરૂ થઈ ગયો હતો. આજે સેન્સક્સ અને નિફ્ટી બંને ઈન્ડેક્સમાં સારી ખરીદી જોવા મળી છે.

## વીજ કંપની પસંદ કરવા માટે ગ્રાહકો સ્વતંત્ર

(જી.એન.એસ)ન્યુ દિલ્હી,તા.૧

બજેટ ૨૦૨૧માં સરકારે સામાન્ય ગ્રાહકોને મોટો ફાયદો કરાવ્યો છે. ઉર્જા સેક્ટરમાં એલાન કરતા સરકારે ગ્રાહકો હવે આ સુવિધા પ્રદાન કરી છે કે હવે તેઓ પોતાની મન મરજીથી વિજળી કંપનીઓને પસંદ કરી શકશે. આ હેઠળ વિજળી ગ્રાહકોને એકથી વધારે વિતરણ કંપનીઓમાંથી કોઈને પસંદ કરવાનો વિકલ્પ આપવા માટે રૂપરેખા તૈયાર કરવામાં આવશે. માત્ર એટલુ જ નહીં વિજળી ગ્રાહકોને વિતરણ કંપનીઓને વિકલ્પ આપવા માટે નિયમ બનાવવામાં આવશે.

નાણા મંત્રીએ આ સાથે જ એલાન કર્યુ કે સરકાર હરિત ઉર્જા સ્ત્રોતોથી હાઈડ્રોજન ઉત્પાદન માટે આગામી નાણાકીય વર્ષમાં હાઈડ્રોજન ઉર્જા મિશન શરૂ કરવાનો પ્રસ્તાવ કરે છે. ગયા ૬ વર્ષમાં વિજળી ક્ષેત્રમાં કેટલાક સુધાર કરવામાં આવ્યા. આ દરમિયાન કેટલીક ક્ષમતામાં ૧,૩૮,૦૦૦ મેગાવોટની સ્થાપિત ક્ષમતા જોડવામાં આવી. નાણા મંત્રી નિર્મલા સીતારમને વીજળી ક્ષેત્ર માટે મોટી જાહેરાત કરી છે. સરકાર તરફથી ૩ લાખ કરોડ રૂપિયાથી વધારેની સ્કીમ લોન્ચ કરવામાં આવી રહી છે, જે દેશમાં વીજળી સંબંધિત ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત કરવાનું કામ કરશે. સરકરે હાઈડ્રોજન પ્લાન્ટ નિર્માણની પણ જાહેરાત કરી છે.

## સ્વાસ્થ્ય બજેટને સાજુ કરાયું : ૧૩૫ ટકાનો વધારા સાથે ૨.૩૮ લાખ કરોડ કરાયું

(જી.એન.એસ)ન્યુ દિલ્હી,તા.૧

કોરોના કાળમાં આ વાતની આશા કરવામાં આવી રહી હતી કે હેલ્થ સેક્ટરને મોદી સરકાર તરફથી કઈકને કઈક ખાસ મળશે, મોદી સરકારે કોરોનાને જોતા સ્વાસ્થ્ય ક્ષેત્ર માટે બજેટમાં વધારો કર્યો છે અને એક ખાસ સ્કિમ પણ ચલાવવામાં આવી છે. મોદી સરકારે બજેટ દ્વારા આત્મનિર્ભર સ્વાસ્થ્ય યોજનાની ભેટ દેશના લોકોને આપી. સ્વાસ્થ્ય બજેટમાં ૧૩૫ ટકાનો વધારો થયો છે અને તેને ૯૪ હજારથી ૨.૩૮ લાખ કરોડ કરવામાં આવી છે.

નાણા મંત્રી નિર્મલા સીતારમણે કહ્યું કે સરકારે આવતા ૬ વર્ષમાં આશરે ૬૧ હજાર કરોડ રૂપિયા ખર્ચ કરશે. તેમણે જણાવ્યું કે તે હેઠળ પ્રાઈમરી લેવલથી લઈને ઉચ્ચ સ્તર સુધીની સ્વાસ્થ્ય સેવાઓ પર ખર્ચ કરવામાં આવશે. નવી બીમારીઓ પર પણ ફોકસ હશે. જે નેશનલ હેલ્થ મિશનથી અલગ હશે. બજેટમાં જાહેરાત કરવામાં આવી છે કે ૭૫ હજાર ગ્રામી હેલ્થ સેન્ટર ખોલવામાં આવશે. દરેક જિલ્લામા તપાસ કેન્દ્ર, ૬૦૨ જિલ્લામાં ક્રિટિકલ કેર હોસ્પિટલ ખુલશે, નેશનલ સેન્ટર ફોર ડિસીજ કંટ્રોલ, ઈંટિગ્રેટેડ હેલ્થ ઈંફો પોર્ટલને વધુ મજબૂત કરવામાં આવશે.

# લાલપુરમાં ગોવાણામાં જુગાર રમતા મહિલા સહિત આઠ શખ્સ ઝડપાયા

ચક્રવાત ટીમ જામનગર, તા.૦૧

લાલપુર તાલુકાના ગોવાણા ગામમાં આવેલા એક ખેતરમાં ગઈકાલે સાંજે જામેલી જુગારની મહેફીલ પર પોલીસે દરોડો પાડતા નાલ ઉઘરાવી જુગાર રમાડતા શખ્સ અને જુગાર રમતા એક મહિલા સહિત સાત ઝડપાયા હતાં. નવાગામ ઘેડમાંથી ચાર શખ્સ ઘોડીપાસા વડે જુગાર રમતા મળી આવ્યા હતાં. લાલપુર તાલુકાના ગોવાણા ગામમાં આવેલા એક ખેતરમાં ગઈકાલે સાંજે જુગાર રમાતો હોવાની બાતમી પરથી લાલપુર પોલીસ સ્ટેશનના સ્ટાફે ગોવાણા ગામની ઉગમણી સીમમાં આવેલા ભોજાભાઈ કારાભાઈ કરમુર નામના શખ્સના ખેતરમાં દરોડો પાડ્યો હતો. તે ખેતરમાં આવેલી ઓરડીમાં ભોજાભાઈને નાલ આપી ગંજીપાના વડે જુગાર રમતા જામનગરના નીતિન કાંતિભાઈ ગજ્જર, રમેશ નારણભાઈ કરંગીયા, વશરામ મુળજીભાઈ પરમાર, રાજેશ ભીમસીભાઈ વરૂ, જયેશ જગાભાઈ નંદાણીયા, મૂળ હડીયાણાના સંજય વાલજીભાઈ નંદાસણા તથા કાજલબેન ઉર્ફે ક્રિષ્નાબેન પોપટભાઈ પરમાર નામના સાત વ્યક્તિ મળી આવ્યા હતાં. પોલીસે પટ્ટમાંથી રૂા. ૫૯,૪૭૦ રોકડા, રૂા. ૨.૫૦ લાખની મોટર સહિતનો મુદ્દામાલ કબજે કર્યો છે. તમામ આઠ સામે જુગાર ધારાની કલમ ૪,૫ હેઠળ ગુન્હો નોંધવામાં આવ્યો છે. જામનગરના નવાગામ ઘેડ વિસ્તારમાં આવેલી માસ્તર સોસાયટી સ્થિત નાઘેર વાસમાં શનિવારે સાંજે પોલીસે પૂર્વ બાતમીના આધારે દરોડો પાડતા કીરિટભાઈ ભીખાભાઈ નારોલા, સાગર નાનજીભાઈ કોળી, લક્ષ્મણ રમેશભાઈ કોળી, મંગાભાઈ પરબતભાઈ સોલંકી નામના ચાર શખ્સ ઘોડીપાસા ફેંકી જુગાર રમતા ઝડપાઈ ગયા હતાં. પોલીસે રૂા. ૧૧,૭૦૦ રોકડા સાથે આરોપીઓની ધરપકડ કરી છે.

# જામનગર તથા લાલપુરમાં ત્રણ ઘરફોડ ચોરીનો આરોપી પકડાયો

ચક્રવાત ટીમ જામનગર, તા.૦૧

જામનગરના જુના રેલવે સ્ટેશન પાસેથી પોલીસે મૂળ આણંદના એક શખ્સને પકડી પુછપરછ કરતા તેણે જામનગરની બે તેમજ લાલપુરની એક ઘરફોડ ચોરી કર્યાની કબુલાત આપી છે. જામનગરના રેલવે સ્ટેશન પાસે શનિવારે એક શખ્સ ઊભો હોવાની અને તે શખ્સ જામનગરના બે અલગ-અલગ વિસ્તાર તેમજ લાલપુર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ઘરફોડ ચોરીના ગુન્હામાં સંડોવાયેલો હોવાની બાતમી સીટી બી ડિવિઝનના સર્વેલન્સ સ્ટાફના કિશોર પરમાર, દેવેન ત્રિવેદી, બસીરભાઈ મુન્દ્રાકને મળતા પીઆઈ કે.જે. ભોયેની સૂચનાથી પીએસઆઈ કે.વી. ચૌધરી અને સ્ટાફે જુના રેલવે સ્ટેશન પાસેથી હાલમાં આણંદ જિલ્લાના સોજીત્રા ગામમાં રહેતા મુકેશ આશાભાઈ તળપદા ઉર્ફે અશોક દેવીપુજક નામના શખ્સને અટકાયતમાં લઈ પૂછપરછ કરતા તેણે ગયા વર્ષે સીટી બી ડિવિઝન પોલીસ સ્ટેશન હેઠળના વિસ્તારમાં ઘરફોડ ચોરી કર્યાની અને તે પહેલા સીટી-સી ડિવિઝન પોલીસ સ્ટેશન અને લાલપુર પોલીસ સ્ટેશન હેઠળના વિસ્તારમાં પણ ઘરફોડ ચોરી કર્યાની કબુલાત આપી છે. અગાઉ સંખ્યાબંધ ચોરીમાં ઝડપાયેલા શખ્સને રિમાન્ડ પર લેવાની તજવીજ કરાઈ છે. આ કાર્યવાહીમાં સ્ટાફના શોભરાજસિંહ, રાજેશ વેગડ, રવિરાજસિંહ જાડેજા, ક્રિપાલસિંહ, શિવભદ્રસિંહ, યુવરાજસિંહ, ફૈઝલ ચાવડા, હરદીપ બારડ સાથે રહ્યા હતાં.

# જૂનાગઢમા રખડતા માનસિક લોકોની સગવડતા માટે બુધ્ધિ જીવીઓ શું કરશે ?





## જૂનાગઢ બસ સ્ટેશન ચોક સર્કલના વીજળીના ખુલ્લા બોર્ડના કરંટથી જાનહાનિ થશે તો જવાબદારી કોની ?

ચક્રવાત ટીમ જૂનાગઢ, તા.૦૧

જૂનાગઢ જાણે ગીરનારી ના ભરોસે હોય એવું લાગી રહ્યું. ઘણી ધોરી વિનાનું જૂનાગઢ કહેવામાં કાય નવાઈ નથી. જૂનાગઢ ના ચોવીસ કલાક ટ્રાફિક થી ધમધમતા અને વાહનો ની અવાર જવર વારા બસ સ્ટેશન સર્કલના પોલમાં લાઈટ નો બોર્ડ છેલ્લા ઘણા દિવસ થી ખુલ્લો પડ્યો છે. બીજી બાજુ આ સર્કલ ના ઓટલા પર શહેરમાં રખડતા માનસીક લોકો રાત ગુજારે છે .ત્યારે એમને એ પણ ખબર નથી કે તે મોત ની પથારીની નજીક છે. એક બાજુ જૂનાગઢ મહાનગર પાલિકા કરોડો રૂપિયાના નવા કામો કરી રહી છે ત્યારે આવા ખુલ્લા વીજળીના બોર્ડ કેમ નજરે નહિ પડી રહ્યા હોય એ પણ જૂનાગઢ ની જનતાના પ્રશ્ન થઈ રહ્યો છે. બીજી બાજુ એ લોકો એ પણ કહી રહ્યા છે કે માનસિક કોણ છે એ કે જેને ખબર નથી કે વીજળીના બોર્ડ ખુલ્લા છે કે પછી કે કે જેને ખબર નથી કે આ ખુલ્લા બોર્ડમા મોત છે. જો કોઈ વ્યક્તિ ને આ બોર્ડ માથી કરન્ટ લાગશે કે કોઈ જાનહાનિ થશે તો જવાબદારી કોની ? જૂનાગઢની જનતા સગવડતા સાથે સલામતી ઈચ્છી રહી છે.

# રાજયસભાના સાંસદ પરિમલભાઈ નથવાણીના જન્મદિન નિમિત્તે દ્વારકાધીશ મંદિરે ધ્વજારોહણ

ચક્રવાત ટીમ દ્વારકા, તા.૦૧

મૂળ હાલારના વતની અને હાલ રાજયસભાના સાંસદ તેમજ રિલાયન્સ ગ્રુપ ઓફ ઈન્ડસ્ટ્રીઝના સિનિયર ગ્રુપ પ્રેસીડેન્ટ પરિમલભાઈ નથવાણી દ્વારા આજે તેમના જન્મદિન નિમિત્તે દ્વારકાધીશ મંદિરના શિખર ઉપર નૂતન ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું. તેમજ આજના આખા દિવસના તમામ મનોરથનો લાભ તેઓએ લીધો હતો. પરિમલભાઈ નથવાણી આજે દ્વારકા પર્ધાયા હતાં. તેમની સાથે દેવસ્થાન સમિતિના ઉપાધ્યક્ષ તેમના પુત્ર ધનરાજભાઈ નથવાણી, કેન્દ્રીય ગૃહ મંત્રી અમીતભાઈ શાહના પુત્ર અને બીસીસીઆઈના સેક્રેટરી જયભાઈ શાહ, આર.એસ. એસ.ના અગ્રણી સુનીલભાઈ સોની જોડાયા હતાં. દ્વારકાની શારદાપીઠમાં સવારે પરિમલભાઈ દ્વારા ધ્વજાજીનું પૂજન કરી ધ્વજારોહણ કરાયું હતું. ત્યારપછી ભગવાન દ્વારકાધીશજીના દર્શન કરી પાદુકાનું પૂજન કર્યું હતું. દ્વારકા મંદિરના પૂજારી કપીલભાઈ વાયડા, પૂજારી પરિવાર ગુગ્ગળી જ્ઞાતિના ભુદેવોએ તેમને જન્મદિનની શુભેચ્છા અને આશિર્વાદ પાઠવી ઉપરણી ઓઢાડી તેમનું



સ્વાગત-સન્માન કર્યું હતું. આ પ્રસંગે દ્વારકાના પત્રકાર ચંદુભાઈ બારાઈ તેમજ અસંખ્ય શુભેચ્છકો આવ્યા હતા અને પરિમલભાઈ નથવાણીને જન્મદિનની શુભેચ્છા પાઠવી હતી. પરિમલભાઈ નથવાણીએ ગુગ્ગળી જ્ઞાતિના બ્રાહ્મણ પરિવારોને દક્ષિણા આપી હતી.

# જામનગર ખાતે ભૂકંપની પરિસ્થિતિને પહોંચી વળવા ઈન્સીડન્ટ રિસ્પોન્સ સિસ્ટમ અને ટેબલટોપ એકસરસાઈઝ યોજાઈ

ચક્રવાત ટીમ જામનગર, તા.૦૧

નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી ન્યુ દિલ્હી અને ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ ગુજરાત સરકાર દ્વારા તા. ૨૮/૦૧/૨૦૨૧ના રોજ ગુજરાત રાજ્યના તમામ જિલ્લા માટે ઈન્સીડન્ટ રિસ્પોન્સ સિસ્ટમ પર તાલીમનું આયોજન અને ગુજરાતમાં ભૂકંપની અસરને પહોચી વળવા ભૂકંપ પર ટેબલટોપ એકસરસાઈઝનું આયોજન કરવામાં આવેલ હતું. નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી ન્યુ દિલ્હીથી મેજર જનરલ આતા હસન, ડો.વી.થીરુપુગાઝ અને મેજર વી.કે. દત્તા દ્વારા બ્રીફ તાલીમ આપવામાં આવેલ હતી. રાજ્યકક્ષાએથી મુખ્ય કારોબારી અધિકારી જીએસડીએમએ



અને રાહત કમિશનર હર્ષદ પટેલ અને અધિક મુખ્ય કારોબારી અધિકારી જીએસડીએમએ વિકટર મેકવાન, નિયામક જીએસડીએમએ ડો. પાટડીયા દ્વારા સંકલન કરવામાં આવેલ હતું. જિલ્લા કક્ષાએ કલેકટરના માર્ગદર્શન હેઠળ અધિક નિવાસી કલેકટર, આર્મી-નેવી-એરફોર્સ, એસએસબી જેવી ફોર્સની વિંગના અધિકારીઓ, નાયબ કમિશનર જે.એમ. સી. વસ્તાણી, પોલીસ, આરોગ્ય, ડિઝાસ્ટર મેનેજમેન્ટ સ્ટાફ અને જિલ્લા કક્ષાના અધિકારીઓ ઈન્સીડન્ટ રિસ્પોન્સ સિસ્ટમ અને ટેબલટોપ એકસરસાઈઝમાં જોડાયા હતા.આ તકે એન.ડી.એમ.એના અધિકારીઓએ જામનગર જિલ્લાના અધિકારીઓ સાથે પ્રતિભાવોની આપ-લે કરી હતી.

# જામનગરના ચીફ ફાયર ઓફીસર બન્યા સ્ટેટ ડાયરેક્ટર ઓફ ફાયર એન્ડ પ્રિવેન્સન સર્વિસીઝ

ચક્રવાત ટીમ જામનગર, તા.૦૧

રાજયમાં આગની દુર્ઘટનાઓ વધી રહી છે. બાદ હવે સરકાર સફાળી જાગી છે, અને થોડા દિવસો પૂર્વે ખુદ મુખ્યમંત્રી રૂપાણીએ નવી ફાયર રેગ્યુલેશન સિસ્ટમની જાહેરાત કરી છે. મુખ્યમંત્રીએ જાહેરાત સમયે કહ્યું હતું કે રાજ્યકક્ષાએ ડાયરેક્ટર ઓફ ફાયરની પોસ્ટ ઉભી કરવામાં આવી છે, જેના પ્રથમ ડીરેક્ટર તરીકે જામનગર મનપાના ચીફ ફાયર કે.કે.બિશ્નોઈને સરકાર દ્વારા સીધા જ નિયુક્ત કરવામાં આવતા જામનગર મનપાના ગૌરવમાં વધારો થયો છે. કે.કે.બિશ્નોઈએ સ્ટેટ ડાયરેક્ટર ઓફ ફાયર એન્ડ પ્રિવેન્સન સર્વિસીઝ ગાંધીનગર ખાતે પોતાના હોદાનો ચાર્જ પણ સાંભળી લીધો છે. હા સાથે જ તેવો જામનગરના ચીફ ફાયર ઓફીસર તરીકે પણ કાર્યરત રહેશે. ફાયર સેફ્ટી અંગે



કેટલાંક મહત્વપૂર્ણ નિર્ણયો કર્યા છે. રાજ્યમાં દરેક હાઈરાઈઝડ બિલ્ડીંગ, વાણિજ્યિક સંકુલો, સ્કૂલ, કોલેજ, હોસ્પિટલ્સ અને ઔદ્યોગિક એકમો માટે ફાયર સેફ્ટી એન.ઓ.સી. ઓનલાઈન મેળવવા માટેની પ્રક્રિયાઓ અંગે રાજ્ય સરકાર પારદર્શી રીતે ફાયર સેફ્ટી કોપ પોર્ટલ વિકસાવવા જઈ રહ્યું છે, અને હવે બિશ્નોઈના વડપણ હેઠળ રાજ્યમાં ફાયર સેફટીના નિયમો અને અમલવારી અંગેની મહત્વની જવાબદારી સોંપેલ છે.

# ભાણવડમાં શનિવારે ગુજરીબજારમાં બે મહિલાના પાકીટની ચોરી

ચક્રવાત ટીમ જામનગર, તા.૦૧

ભાણવડમાં શનિવારે ભરાયેલી ગુજરીબજારમાં ખરીદી કરવા ગયેલા બે મહિલાના રોકડ, મોબાઈલ સહિતના પાકીટ સેરવાઈ ગયા હતાં. પોલીસે અજાણ્યા તસ્કર સામે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી છે. ભાણવડ શહેરમાં આઝાદ નગરમાં રહેતા મીનાબેન હિતેન્દ્રભાઈ કાલરીયા નામના મહિલા શનિવારે ભાણવડમાં નદીના પટમાં ભરાતી ગુજરી બજારમાં ગયા હતાં. આ મહિલાનું રૂા. ૩૦૦૦ ની રોકડ તથા એક મોબાઈલ જેમાં હતો તે પાકીટ અને એક અન્ય મહિલાનું રૂા. ૫૫૦૦ની રોકડવાળુ પાકીટ આંગળીના કોઈ ઈલમીએ સેરવી લીધા હતાં. ઉઠાવગીર ગુજરી બજારની ગીરદીનો લાભ લઈ સરકી પણ ગયો હતો. બન્ને મહિલાઓને થોડીવાર પછી પોતાના પાકીટ ઉપડી ગયાની જાણ થઈ હતી. મીનાબેને આ બાબતની પોલીસમાં ફરિયાદ નોંધાવતા ભાણવડ પોલીસે કુલ રૂા. ૯૦૦૦ની મત્તાના બે પાકીટ ચોરી જવા અંગે અજાણ્યા શખ્સ સામે આઈપીસી ૩૭૯ હેઠળ ગુન્હો નોંધ્યો છે.

# દ્વારકા જિલ્લાના ત્રણ તાલુકામાં ફરાર આરોપીને ઝડપી લેતી એલસીબી

## પોલીસે બન્ને શખ્સોની પૂછપરછ માટે રીમાન્ડ પર લેવાની હાથ ધરેલી તજવીજ

ચક્રવાત ટીમ દ્વારકા, તા.૦૧

ગુજરાત રાજયના મ્હે. પોલીસ મહાનિર્દેક્ષક અને મુખ્ય પોલીસ અધિકારી, ગુજરાત રાજયનાઓ દ્વારા નાસતા ફરતા આરોપી પકડી પાડવા ઝુંબેશ અનુસંધાને નાયબ પોલીસ મહાનિરીક્ષક સંદીપસિંહ સાહેબ તથા દેવભૂમિ દ્વારકા જીલ્લાના પોલીસ અધિક્ષક શ્રી સુનીલ જોશીનાએ વધુમાં વધુ નાસતા ફરતા આરોપીઓ પકડી પાડવા સુચના કરેલ હોય જે અનુસંધાને એલ.સી.બી.ના પોલીસ ઈન્સ. જે.એમ.ચાવડા ના માર્ગદર્શન મુજબ એલ.સી.બી.ના પોલીસ હેડ કોન્સ. મસરીભાઈ આહીર તથા બોઘાભાઈ કેસરીયા નાઓની હકીકત આધારે રાજસ્થાન રાજયમાં તપાસમાં જઈ ભાણવડ પો.સ્ટે. ફસ્ટ



આઈપીસી કલમ ૩૨૪,૩૨૩, ૫૦૪,૫૦૬ (૨), ૧૧૪ મુજબના ગુનાના નાસતા ફરતા આરોપી કૈલાસસિંહ ઉદેસિંહ રાવત રહે. પહેલી ખૂદે ગામ તા. વિજયપુર જિ. અજમેર રાજસ્થાનવાળાને તા.૩૦/૦૧/૨૦૨૧ ના હસ્તગત કરી આગળની કાર્યવાહી અર્થે ભાણવડ પો.સ્ટે. સોંપી આપેલ. કલ્યાણપુર તાલુકાના ખીરસરા ગામના પાટીયા પાસેથી કલ્યાણપુર પો.સ્ટે. પ્રોહી પ્રોહી ગુ.ર.નં.૪૬/૨૦૧૬ પ્રોહી કલમ ૬૬બી, ૬૫એઈ, ૧૧૬બી, ૮૧ મુજબના ગુન્હાના નાસ્તો ફરતો આરોપી બાલુભાઈ ઉર્ફે કરશનભાઈ ટીડા પરબતભાઈ કોડીયાતર જાતે. રબારી રહે. ગ્રોફેડ મીલ, ગાંધીગ્રામ, જુનાગઢ વાળાને હસ્તગત કરી આગળની ધટિત કાર્યવાહી અર્થે કલ્યાણપુર પોલીસ સ્ટેશન ખાતે સોંપી આપેલ તેમજ ખંભાળીયા પો.સ્ટે. ના પ્રોહી ગુનામાં પણ સંડોવાયેલ છે. આ કાર્યવાહી એલ. સી.બી પો.ઈન્સશ્રી જે.એમ.ચાવડાની સુચના મુજબ સ્ટાફના એ.એસ.આઈ. દેવસીભાઈ ગોજીયા, બીપીનભાઈ જોગલ, સજુભા જાડેજા, કેશુરભાઈ ભાટીયા, વિપુલભાઈ ડાંગર, નરસીભાઈ, સોનગરા, ધર્મેન્દ્રસીહ ચુડાસમા હેડ કોન્સ. મસરીભાઈ આહીર, ભરતભાઈ ચાવડા, બોઘાભાઈ કેશરીયા, લાખાભાઈ પિંડારીયા, જેસલસીહ જાડેજા, સહદેવસીહ જાડેજા, પ્રવિણભાઈ ગોજીયા, અરજણભાઈ મારૂ, બલભદ્રસીહ ગોહીલ, મહેન્દ્રસીહ જાડેજા, હસમુખભાઈ પી કટારા વગેરે જોડાયા હતા.

# જામનગરમાં પોલીસ સહિતના ફ્રન્ટલાઈન કોરોના વોરીયર્સને વેકસીન આપવામાં આવી

## ડીડીઓ ડો. વિપીન ગર્ગ, એસડીએમ તેમજ તમામ સરકારી કર્મચારીઓના ફ્રન્ટલાઇન વર્કરોને વેક્સીન અપાઇ : કોઇને હજુ સુધી આડ અસર થઇ નથી તેવો તંત્રનો દાવો : કેટલાકને સામાન્ય તાવ

ચક્રવાત ટીમ જામનગર, તા.૦૧

જામનગર સહિત સમગ્ર હાલારમાં રવિવારે વેકસીન આપવાના બીજા તબકકાનો પ્રારંભ થયો હતો, જેમાં જામનગર શહેર, જીલ્લામા ૧૬૦૦ અને દેવભુમી દ્વારકા જીલ્લામાં ૮૦૦ જેટલા સરકારી કર્મચારીઓ, પોલીસ, મહાપાલીકા, મહેસુલ, પંચાયત, જી.જી. હોસ્પીટલ, ડીઝાસ્ટર મેનેજમેન્ટ સહિતની કચેરીમા કામ કરતા અધિકારીઓને પણ રસી આપવામાં આવી હતી. ડીડીઓ ડો. વિપીન ગર્ગે પણ ગઈકાલે વેકસીન મુકાવી હતી અને હજુ સુધી કોઈ એવી આડ અસર થઈ નથી તેવો અધિકારીઓનો દાવો છે, પરંતુ કેટલાકને સામાન્ય તાવ આવ્યો હોવાની વિગતો બહાર આવી છે. જામનગરમાં ગઈકાલે રવિવારે રસિકરણના બીજા તબકકામાં ૧૬૦૦થી વધુ ફ્રન્ટલાઈન વોરિયર્સને વેકસીન આપવામાં આવી હતી, ડીડીઓ ડો. વિપીન ગર્ગ, પ્રાંત અધિકારી સહિતના લોકોએ રસિકરણ કરાવ્યુ હતું, ઉપરાંત પોલીસ વિભાગ, મહેસુલ વિભાગ, શહેરી વિકાસ અને પંચાયતના કર્મચારીઓએ પણ વેકસીન મુકાવી હતી, રવિવારે બીજા તબકકામાં જી.જી. હોસ્પીટલમાં ૬ બુથ, જીલ્લામાં ૬, તાલુકામાં ૯ બુથ ઉપર લગભગ ૧૬૦૦ જેટલા અધિકારીઓ, કર્મચારીઓએ રસિકરણ કરાવ્યુ હતું. જી.જી. હોસ્પીટલમાં પોલીસ અને મહાનગરપાલીકાના કર્મચારીઓ સહિત ૮૧૫ જેટલા ફ્રન્ટલાઈન વર્કરોને રસિકરણ કરવામાં આવ્યુ હતું, જો કે ગઈકાલે કોઈપણ પ્રકારની આડ અસર થઈ નથી તેમ અધિકારીઓએ દાવો કર્યો છે. આમ જામનગર અને દેવભુમી દ્વારકા જીલ્લામાં રસિકરણની કાર્યવાહી જોરશોરથી આરંભી દેવાઈ છે. દ્વારકા જીલ્લામાં ૨૨૦૦ ફ્રન્ટલાઈન વર્કોરને રસી અપાશે જેમાથી ૮૦૦ થી વધુ કર્મીઓએ રસિકરણ કરાવ્યુ હતું.

# રાજ્યમાં પવનની દિશા બદલાતા અસહ્ય ઠંડીમાંથી નજીવી રાહત

## આગામી શુક્રવાર સુધી તાપમાનમાં ક્રમશ વધારો ત્યાર બાદ નજીવા ફેરફારો

ચક્રવાત ટીમ રાજકોટ તા.૦૧

રાજ્યમાં પવનની દિશામાં આવેલા ભૌગોલિક પરિવર્તનની અસરથી તાપમાનમાં નજીવી રાહતનો અનુભવ લોકોને થઈ રહ્યો છે. રાજ્યમાં અત્યંત ઠંડા રહેતા શહેરોનું ન્યુનત્તમ તાપમાન આજે ૭ થી ૧૨ ડીગ્રી વચ્ચે નોંધાવા પામેલ હતું. રાજ્યમાં તા. ૫ શુક્રવાર સુધી નીચા તાપમાનનો પારો બન્ને તરફ (ન્યુનત્તમ અને લઘુત્તમ) થોડો ઉચકાયેલ જોવા મળશે. પરંતુ શુક્રવાર બાદ ફરી તાપમાનનો પારો ગગડતો નજરે પડશે. રાજ્યમાં આજે ન્યુનત્તમ તાપમાનનો પારો ૭ થી ૧૪ ડીગ્રી વચ્ચે



તેમજ ઉચા તાપમાનનો પારો ૨૯ થી ૩૨ ડીગ્રી આસપાસ નોંધાવા પામેલ છે.

રાજ્યમાં આજે સૌથી વધુ ઠંડી ગિરનાર પર્વત ખાતે ૩.૬ ડીગ્રી જેવું તાપમાન નોંધાયુ હતુ. જ્યારે શહેરોમં અમરેલી ૭.૮, જૂનાગઢ ૮.૬, નલિયા ૯.૨, ગાંધીનગર ૯.૫, કેશોદ ૧૦.૩, વલસાડ ૧૦.૫, કંડલા એરપોર્ટ ૧૦.૬, ડીસા ૧૦.૭, રાજકોટ ૧૧.૫, અમદાવાદ ૧૧.૬, પોરબંદર ૧૧.૯, તેમજ અન્ય શહેરોમાં નીચલા તાપમાનનો પારો ૧૨ થી૧૭ ડીગ્રી સુધી નોંધાવા પામ્યો હતો.

છેલ્લા ૨ દિવસથી રાજ્યમાં ધીમેધીમે તાપમાનનો પારો ઉચકાતા અસહ્ય ઠંડીનો અનુભવ કરતા લોકોને થોડી રાહતનો અનુભવ થયેલ છે. શુક્રવાર સુધી આ રાહત ચાલુ રહેશે.

# ખંભાળિયામાં જિલ્લા પોલીસ સ્ટાફને કોરોના રક્ષિત કરાયા

ચક્રવાત ટીમ જામખંભાળિયા, તા.૦૧

કોરોના વાયરસની બીમારી સામે લડત આપી રહેલા ફ્રન્ટલાઈન કોરોના વોરિયર્સ ડોક્ટરર્સ અને મેડિકલ સ્ટાફ બાદ હાલ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કોરોના વોરિયર્સ તરીકે નોંધપાત્ર સેવા આપી રહેલા પોલીસ સ્ટાફને કોરોના સામે રક્ષિત કરવા માટે બે દિવસથી જિલ્લામાં પોલિસ સ્ટાફને કોરોના વેક્સિનેશન હાથ ધરવામાં આવ્યું છે. આ અંતર્ગત રવિવારથી દેવભૂમિ દ્વારકા જિલ્લાના મુખ્ય મથક ખંભાળિયામાં આવેલી સિવિલ હોસ્પિટલ તથા અન્ય ખાનગી હોસ્પિટલ ઉપરાંત જિલ્લામાં જુદા જુદા દસ કેન્દ્રોમાં પોલિસ સ્ટાફને કોરોના વેક્સિન આપવાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. કાયદો અને વ્યવસ્થા જાળવતા પોલિસ અધિકારીઓ, સ્ટાફ ઉપરાંત સહભાગી થાતાં હોમગાર્ડ્ઝના જવાનોને પણ કોરોના સામે રક્ષિત કરવા માટે આરોગ્ય વિભાગ દ્વારા વેક્સિન આપવામાં આવી હતી. આ અંતર્ગત જિલ્લામાં કુલ ૨૨૯૮ પોલિસ તથા હોમગાર્ડ્ઝના સ્ટાફને વેક્સિન આપવાનું નક્કી કરવામાં આવ્યું છે. જેમાં ગઈકાલે રવિવારે પ્રથમ દિવસે ૫૩૯ તથા આજરોજ બીજા દિવસે ૬૦૨ અધિકારી- સ્ટાફને કોરોના વેક્સિન આપવામાં આવી હતી. આ રસીકરણ કાર્યક્રમમાં આજરોજ દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ વડા સુનિલ જોશી, ડીવાયએસપી સી.સી. ખટાણા, તથા સમીર સારડા, સહિતના અધિકારીઓ અને પોલીસ તથા હોમગાર્ડ સ્ટાફને કોરોના વેક્સિન આપવામાં આવી હતી. જ્યારે આ ઝુંબેશ આગામી દિવસોમાં પણ ચાલુ રાખવામાં આવનાર છે.

# ખંભાળિયામાં રામ જન્મભૂમિ માટે નિધિ એકત્ર : દાતાઓ-કાર્યકરોનું સન્માન કરાયું

ચક્રવાત ટીમ ખંભાળિયા, તા.૦૧

તમામ હિન્દુઓના આરાધ્ય દેવ એવા ભગવાન શ્રીરામનું ભવ્ય મંદિર શ્રીરામની જન્મભૂમિ એવા અયોધ્યા ખાતે નિર્માણ થવા જઈ રહ્યું છે, ત્યારે તમામ ભારતીય અને દરેક હિન્દુઓ પોતાના દ્વારા યથાયોગ્ય સ્વરૂપે યોગદાન દઈ શકે તે માટે સમગ્ર ભારતમાં પ્રયાસો થઈ રહ્યા છે. ખંભાળિયામાં આ માટે 'શ્રીરામ મંદિર નિધી સમર્પણ' કાર્યક્રમના ભાગરૂપે અહીંના રામનાથ સોસાયટીના મિત્રો દ્વારા સ્વેચ્છાએ આગળ આવી અને ઘરે ઘરે ફરી, આ માટે નિધિ એકત્ર કરવાનું કાર્ય હાથ ધરવામાં આવ્યું છે. આ અંતર્ગત રામનાથ સોસાયટીના દરેક ઘરની રૂબરૂ મુલાકાત લઈ અને નિધી એકત્ર કરવામાં આવી હતી. આ દરમિયાન રામદૂત સમાન સાબિત થયેલા આ



સ્વયંસેવકોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ માટે ક્યાંક પુષ્પવર્ષા કરીને તો કોઈ જગ્યાએ કુમકુમ તિલક અને પેંડા ખવડાવીને મીઠા મોઢા કરવી, તેઓએ આવકારવામાં આવ્યા હતા. આ માટે દરેક હિન્દુ ભારતીયના મનમાં અદમ્ય ઉત્સાહ જોવા મળ્યો હતો અને નોંધપાત્ર એવી રકમ એકત્ર કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં પરેશભાઈ મહેતા, દીપકભાઈ ચોકસી, સંજયભાઈ બથીયા, જયેશભાઈ ગોકાણી, હિતેશભાઈ બથીયા, કારુભાઈ માવદીયા, હાર્દિકભાઈ મોટાણી, રાજુભાઈ ધ્રુવ, અશોકભાઈ કાનાણી, જયેશભાઈ મોદી, ભરતભાઈ છગ, ઈન્દ્રજીતસિંહ પરમાર, જયેન્દ્રસિંહ પરમાર, ભવ્યભાઈ ગોકાણી, વિકીભાઈ રૂઘાણી, પ્રિયજીતસિંહ જાડેજા, શ્યામ પુરોહિત, ભોલાભાઈ (સલાયાવારા) વિગેરેએ જહેમત ઉઠાવી હતી.

# માર્ગ સુરક્ષા માટે જાગૃત કરાયા



ચક્રવાત ટીમ લીંબડી, તા.૦૧

આજ રોજ લીંબડી એસ ટી ડેપોમાં માર્ગ સુરક્ષા માસ સડક સુરક્ષા જીવન રક્ષાની ઉજવણી કરવામાં આવી જેમાં લીંબડી એસ ટી ડેપો એ ટી આઈ ચંદનસિંહ રાઠોડ દ્વારા ડ્રાઈવરોની ડ્રાઈવિંગ બાબતે જરૂરી માહિતી આપવામાં આવીને સલામત સવારી એસ ટી અમારીના શુત્ર સાથે ઉજવણી કરવામાં આવી આ કાર્યક્રમને સફળ બનાવવા મદન સિંહ જાડેજા તેમજ લલિતભાઈ સોલંકી દ્વારા જહેમત ઉઠાવી હતી.

# વાંકાનેર : સીએનજી રીક્ષાની આડમાં વિદેશી દારૂની હેરાફેરી કરતા બે ઝડપાયા



ચક્રવાત ટીમ વાંકાનેર, તા.૦૧

મોરબી જિલ્લા પોલીસ અધિક્ષક એસ.આર. ઓડેદરા સાહેબની સૂચના તથા નાયબ પોલીસ અધિક્ષક રાધિકા ભારાઈ સાહેબના માર્ગદર્શન હેઠળ વાંકાનેર તાલુકા પીએસઆઇ આર. પી. જાડેજા તથા સર્વેલન્સ ટીમના પેટ્રોલિંગ દરમિયાન કોન્સ્ટેબલ હરિશ્ચંદ્રસિંહ ઝાલા અને અજયસિંહ ઝાલાને મળેલ બાતમીના આધારે વાંકાનેર તાલુકા પોલીસ ટીમ દ્વારા વાંકાનેરના મહિકા ગામના પુલ પાસે સીએનજી રીક્ષા નં. **GJ 03 BX 0405** માં વિદેશી દારૂની હેરાફેરી કરતા બે શખ્સોને ઝડપી લીધા હતા. વાંકાનેર તાલુકા પોલીસ દ્વારા આ કામગીરીમાં ભારતીય બનાવટનો પરપ્રાંતિય ઈંગ્લિશ દારૂ રોયલ ચેલેન્જર ક્લાસિક પ્રિમીયમ વ્હીસ્કી ૭૫૦mlની ૭૮ બોટલો કિંમત રૂ. ૪૦,૫૬૦ સહિત કુલ રૂ. ૧,૦૦,૫૬૦ નો મુદ્દામાલ જપ્ત કરી આરોપી અફઝલભાઈ ઈકબાલભાઈ પીપરવાડીયા (ઉ.વ.૨૩, રહે. રાજકોટ) અને આશીફભાઈ જીવાભાઈ મીનીવાડીયા (ઉ.વ. ૨૦, રહે. રાજકોટ)ની ધરપકડ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી. વાંકાનેર તાલુકા પોલીસની આ કામગીરીમાં પીએસઆઇ આર. પી. જાડેજા હેડ કો. મયુરધ્વજસિંહ જાડેજા, ધર્મેન્દ્રસિંહ જાડેજા, જયપાલસિંહ ઝાલા તથા કો. મુકેશભાઈ જીલરીયા સંજયસિંહ જાડેજા, અજયસિંહ ઝાલા સહિતનો પોલીસ સ્ટાફ જોડાયો હતો.

# ઉત્તર પ્રદેશ પ્રયાગરાજ મેળામાં અખિલ ભારતીય અખાડા કાઉન્સિલના મહા મંડલેશ્વરોએ ગંગા સ્નાન કર્યું



ચક્રવાત ટીમ જૂનાગઢ, તા.૦૧

હિન્દુ ગ્રંથોમાં,પૌષ પૂર્ણિમાના દિવસે સૂર્ય ભગવાનને દાન કરવા,સ્નાન કરવા અને અર્પણ કરવા વિશેષ મહત્વ આપવામાં આવ્યું છે.આ દિવસે કાશી, પ્રયાગરાજ અને હરિદ્વારમાં ગંગા સ્નાન કરવું ખૂબ શુભ માનવામાં આવે છે.પૌષ મહિનાના શુક્લ પક્ષની પૂર્ણિમાને પાષા પૂર્ણિમા કહેવામાં આવે છે.હિન્દુ ધર્મમાં પૂર્ણિમાનું ખૂબ મહત્વ છે.ત્યારે આ પવિત્ર દિવસે ત્રિવેણી સંગમ પ્રયાગરાજ ઉત્તર પ્રદેશમાં અખિલ ભારતીય અખાડા કાઉન્સિલના મહામંત્રી, હરિ ગિરિજી મહારાજ આંતરરાષ્ટ્રીય આશ્રયદાતા શ્રી પંચદશનામ જુના અખાડા આંતરરાષ્ટ્રીય પ્રવક્તા સચિવ નારાયણ ગિરિજી, મહામંડલેશ્વર મહેન્દ્રાનંદ ગિરિજી મુજકુંદ ગુફા જુનાગઢ, મહારાજ દુધેશ્વર પીઠધીશ્વર ગાઝિયાબાદ, સાધ્વી જય અંબિકા નંદગિરીજી, સ્વામી વીરેન્દ્રાનંદ ગીરીજી ઉત્તરાખંડ, સચિવ મહંત પુષ્કર રાજ ગિરજી, ત્રિવેણી સંગમ પહોંચીને શ્રી પંચદાશનમ જુના અખાડાથી સિધ્ધ બાબા મૌજગિરી જીના સ્થળે ચાલ્યા. પ્રયાગરાજમાં શોભાયાત્રા શરૂ થશે. વધુમાં જણાવ્યું હતું કે વૈદિક જ્યોતિષ અને હિન્દુ ધર્મ સાથે સંકળાયેલ માન્યતાઓ અનુસાર, પૌશને સૂર્ય ભગવાનનો મહિનો કહેવામાં આવે છે. એવું કહેવામાં આવે છે કે આ મહિનામાં વ્યક્તિ સૂર્યદેવની પૂજા કરવાથી મોક્ષ મેળવે છે. તેથી, પૌષ પૂર્ણિમાના દિવસે પવિત્ર નદીઓમાં પૂજા કરવાથી ઈચ્છાઓ પૂર્ણ થાય છે. અને જીવનમાં આવતી અવરોધો દૂર થાય છે. પૂર્ણ ચંદ્રની તારીખ ચંદ્રને પ્રિય છે અને આ દિવસે ચંદ્ર પૂર્ણ આકારમાં છે.

# પ્રોહીબીશનના ગુનામાં નાસતા ફરતા આરોપી પકડાયો



ચક્રવાત ટીમ જૂનાગઢ, તા.૦૧

નાયબ પોલીસ મહાનીરીક્ષક મનિન્દરસિંહ પવાર સાહેબ જુનાગઢ રેન્જ તથા પોલીસ અધિક્ષક રવીતેજા વાસમશેટ્ટીની સુચના તેમજ નાયબ પોલીસ અસિક્ષક સાહેબ જે. બી. ગઢવી સાહેબના માર્ગદર્શન હેઠળ નાસ્તા ફરતા આરોપીઓને પકડવા સ્પેશયલ ડ્રાઈવ રાખેલ અને ડ્રાઈવ દરમ્યાન નાસ્તા ફરતા આરોપીઓને પકડી પાડી કાયદેસરની કાયગવાહી કરવા સુચના હતી અને આ ડ્રાઈવ દરમિયાન નાસ્તા ફરતા આરોપીઓને પકડી પાડવા માણાવદર પો.સ્ટે.ના પો. સબ.ઈન્સ.શ્રી પી.વી.ધોકડીયા એ પો.સ્ટાફને સુચના આપેલ હતી. પ્રોહીબીસનના બે અલગ અલગ ગુનાઓમા છેલ્લા એક વર્ગથી નાસ્તા ફરતા આરોપી દીનેશ ઉર્ફે મુન્નો રાઘવજીભાઈ બુમતારીયા -બસ સ્ટેન્ડ પાસે આવેલ હોવાની બાતમી હકીકત પો.કોન્સ. વિક્રમભાઈ મનસુખભાઈ પરમારને મળેલ હતી .આરોપીને પકડી પાડી મણાવદર પો.સ્ટે. ખાતે લઈ આવી કાયદેશરની કાયગવાહી કરવામા આવી.

# કોરોના કાળના કોરોના વોરિયર્સ જૂનાગઢ પોલીસે કોરોના વેક્સિન લીધી



ચક્રવાત ટીમ જૂનાગઢ, તા.૦૧

કોરોના મહામારી સામેના જંગમાં ભારત દુનિયાનું સૌથી મોટું વેક્સિનેશન કરવા જઈ રહ્યું છે. ગુજરાતે પહેલાં ડેટાબેઝ તૈયાર કરી ચાર લાખથી વધુ હેલ્થકેરવર્કર્સ, ૬ લાખથી વધુ ફ્રન્ટલાઈનવર્કર્સ, જેમાં પોલીસ, સફાઈકર્મચારી અને કોવિડની ડ્યૂટીમાં ડાયરેક્ટ ફરજ બજાવતા કર્મચારીઓનો સમાવેશ થાય છે, એમ કુલ ૧૧ લાખથી વધુ કોવિડ કર્મચારીઓને વેક્સિનનો ડોઝ પહેલા અપાયો છે. હવે આજથી ગુજરાતભરના ફ્રન્ટલાઈન વોરિયર્સ કોરોના વેક્સિન લેવા જઈ રહ્યા છે. ત્યારે રિયલ કોરોના વોરિયર્સ અને પ્રજાના મિત્ર જૂનાગઢ પોલીસે આજે કોરોના વેક્સિન લીધી હતી.જિલ્લા આરોગ્ય વિભાગ રેન્જ આઈ.જી. મનીંદર પ્રતાપ સિંહ પવાર, એસ.પી. રવિ તેજા વાસમશેટ્ટી, ડી.વાય.એસ.પી. પ્રદિપસિંહ જાડેજા સહીતના પોલીસ અધિકારીઓ અને પોલીસ જવાનોને અપાઈ કોવિડ વેક્સિન.પોલીસ હેડક્વાર્ટર ખાતે પોલીસ અધિકારીઓએ કોરોના વેક્સિન લીધી.સિવિલ હોસ્પીટલ ખાતે જીલ્લા કલેક્ટર ડો. સૌરભ પારઘી અને ડી.ડી.ઓ. પ્રવિણ ચૌધરીએ કોરોના વેક્સિન લીધી. સ્વરાજની સંસ્થાઓમાં આગામી સપ્તાહથી સ્વાસ્થ્યકર્મીઓ સિવાયના રેવન્યુ, પોલીસ, પાલિકાના કર્મચારીઓને ચૂંટણી કામગીરીમાં જોતરવામાં આવનાર હોવાથી શનિવારે રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા બપોર બાદ વીડીયો કોન્ફરન્સીંગથી રવિવારે સ્વાસ્થ્યકર્મી સિવાયના ફ્રન્ટલાઈન વર્કર્સને વેક્સિન આપવા સૂચના આપતા આરોગ્ય વિભાગમાં કોરોના વેક્સિન આપવાનું શરૂ કરવામાં આવ્યું છે.

# સુરેન્દ્રનગરના પાટડી ખાતે રેવન્યુ સ્ટાફને વેક્સિનેશન



ચક્રવાત ટીમ પાટડી, તા.૦૧

તા.૩૦/૧/૨૦૨૧ ના રોજ બપોરના ૧-૦૦ કલાકે કલેકટર દ્વારા યોજવામાં આવેલ વિડીયો કોન્ફરન્સમાં આપવામાં આવેલ સુચનાનુસાર તા.૩૧/૧/૨૦૨૧ રવિવારે કોરોના વેકસીન પ્રોગ્રામ અંતર્ગત ફ્રન્ટલાઈન કોરોના વોરીયર્સ તરીકે અત્રેની મામલતદાર કચેરી તેમજ પ્રાંત કચેરીના અધિકારી/કર્મચારીને વેકસીન અચૂક આપવાની સૂચનાથી તમામ અધિકારી/ કર્મચારીઓને રવિવારે ફરજીયાત પાટડી ખાતેના સી.એચ.સી. સેન્ટર ખાતે વેકસીનેશન માટે હાજર રહીને સુથાર સાહેબ તેમજ પ્રાંત અધિકારી જાદવના માર્ગદર્શન અને અગ્રેસરતામાં તાલુકાના રેવન્યુ સ્ટાફનું વેક્સીનેશ કાર્યક્રમ યોજાયેલ હતો.

# સુરેન્દ્રનગરમાં રાષ્ટ્રપિતાને શ્રદ્ધાંજલિ અપાઈ

ચક્રવાત ટીમ વઢવાણ, તા.૦૧

સુરેન્દ્રનગર -વઢવાણ શહેર કોંગ્રેસ સમિતિ અને વઢવાણ તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા અહિંસાના પ્રતીક રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી ની પુણ્યતિથિ પર શ્રદ્ધાંજલિ અર્પણ કરવા મા આવી હતી. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ કમીટી દ્વારા સંયોજકની મિટિંગનુ આયોજન કરવામા આવેલ હતું, જેમાં વઢવાણ તાલુકા કોંગ્રેસ સમિતિના હોદેદારો અને સુરેન્દ્રનગર -વઢવાણ શહેર સયુંકત નગરપાલિકામા આવતા વોર્ડ પ્રમુખ અને વોર્ડ પ્રભારી ઓને ચૂંટણી લક્ષી માહિતી પ્રોજેક્ટર દ્વારા ફિલ્માંકન કરી દર્શાવવામા આવી હતી. જેમાં જીપીસીસી માથી રજનીકાંત કડ, ૬૨ વઢવાણ વિધાનસભાના મોહનભાઈ પટેલ, સુરેન્દ્રનગર -વઢવાણ શહેર કોંગ્રેસ સમિતિ ચૂંટણી ઈન્ચાર્જ સુબોધ જોષી, સુરેન્દ્રનગર -વઢવાણ શહેર કોંગ્રેસ સમિતિ પ્રસાર પ્રચાર સમિતિ ઈન્ચાર્જ સાહીર સોલંકી, સુરેન્દ્રનગર જિલ્લા કોંગ્રેસ મંત્રી સાગરભાઈ ચામડીયા, તથા કોંગ્રેસના કાર્યકરો એ સંયોજકની મિટિંગમા ભાગ લઈ આગામી ચૂંટણીમા પક્ષને મજબૂત બનાવવા કટિબદ્ધ થઈ પક્ષને જિલ્લા, તાલુકા અને નગરપાલિકામા જળહળતો વિજય અપાવવા ખાત્રી આપી હતી.

# મહીસાગર જિલ્લાના જાહેર સ્થળો, સરકારી કચેરીઓ બહાર ધરણા પર પ્રતિબંધ મુકાયો



ચક્રવાત ટીમ મહીસાગર, તા.૦૧

મહીસાગરના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ આર. આર. ઠકકરે જિલ્લા સેવા સદન, મહીસાગર તથા જિલ્લાના લુણાવાડા, ખાનપુર, બાલાસિનોર, વિરપુર, સંતરામપુર તથા કડાણા તાલુકા સેવા સદન તેમજ અન્ય તમામ સરકારી કચેરીઓની બહાર કે સદર જિલ્લા/તાલુકા સેવા સદનના પરિસરથી ૨૦૦ મીટરની ત્રિજયામાં અનઅધિકૃત/ગેરકાયદેસર રીતે કોઈપણ વ્યકિતએ/વ્યકિતઓને એકી સાથે કોઈપણ જગ્યાએ ચાર કે તેથી વધુ માણસો ભેગા થવા કે કોઈ મંડળી બનાવી ધરણા, પ્રતિક ધરણા, પ્રતિક દેખાવો, ભૂખ હડતાળ પર બેસવા, ઉપવાસ કે આમરણાંત ઉપવાસ ઉપર બેસવા તેમજ સરઘસ/ રેલી કાઢવા ઉપર તાત્કાલિક અસરથી અમલમાં આવે તે રીતે તાત્કાલીક અસરથી તા.૧૫/૦૨/૨૦૨૧ સુધી મનાઈ ફરમાવી છે. આ જાહેરનામું જેઓ ફરજ પર સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તેવી વ્યકિતઓ, ગૃહરક્ષક દળની વ્યકિતઓ કે જેઓને સક્ષમ અધિકારી તરફથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકે પરવાનગી આપવામાં આવી હોય તેઓને લાગુ પડશે નહીં. આ જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર વ્યકિત શિક્ષાને પાત્ર ઠરશે. જયારે હુકમનો ભંગ કરનાર સામે ક્ષેત્રાધિકાર ધરાવતા પોલીસ સબ ઈન્સ્પેકટર દરજજાથી ઉતરતા ન હોય તેવા અધિકારીને ફરિયાદ નોંધવવા માટે અધિકૃત કરવામાં આવેલ છે.

# સુરેન્દ્રનગરમાં મહારક્તદાન અને સર્વ રોગ નિદાન કેમ્પ



ચક્રવાત ટીમ સુરેન્દ્રનગર, તા.૦૧

તારીખ ૩૧/૧/૨૦૨૧ ને રવિવાર ના રોજ જામકંડોરણા શહેર અને આજુબાજુના ગ્રામ્ય વિસ્તારની જનતા માટે મચ્છો માતાજીના સાનિધ્યમાં તથા તેમના પટાંગણમાં સર્વરોગ નિદાન કેમ્પ તેમજ મેગાબ્લડ ડોનેશન કેમ્પનું આયોજન રાખ્યું હતું મુખ્ય આયોજક નાજાભાઈ ભરવાડ મુખ્ય અતિથિ તરીકે કેબિનેટ મંત્રી જયેશભાઈ રાદડીયા તથા અતિથિ વિશેષ તરીકે ગુજરાત માલધારી સેના. અધ્યક્ષ પંકજભાઈઝાપડા, મહામંત્રી નવઘણભાઈ ભરવાડ નડિયાદ તથા હરેશભાઈ ઝાપડા, રાજકોટ જિલ્લા પ્રમુખ હિરેનભાઈ ફાંગલિયા તથા ઉપપ્રમુખ પુનાભાઈ વકાતર તથા માલધારી સેનાના જુદા જુદા તાલુકાના કાર્યકરો તથા પ્રમુખોએ હાજરી આપી હતી શિક્ષક સંગઠનના શિક્ષક રાજુભાઈ તથા દિનેશભાઈ રાઠોડે સમાજમાં શિક્ષણનું પ્રમાણ વધે એ માટે શિબિરનું આયોજન રાખ્યું હતું આગામી સમયમાં સમાજમાં શિક્ષણનું પ્રમાણ વધે એ માટે થઈ ગુજરાત માલધારી સેના તથા શિક્ષક સંગઠનના શિક્ષકો મળી ગામડે ગામડે નેહડા જાગૃતિના કાર્યક્રમો કરશે અને સમાજને જાગૃત કરવામાં આવશે.

# સુરેન્દ્રનગરના પાટડી ખાતે આરોગ્ય કેમ્પ યોજાયો



ચક્રવાત ટીમ પાટડી, તા.૦૧

આજ તા. ૩૦/૦૧/૨૦૨૧ ને શનિવારનાં રોજ પાટડી તાલુકા કાનુની સેવા સમિતિ અને ભારત સરકારનાં **Integration of AYUSH With NPCDCS Ayurveda** દ્વારા પાટડી ખાતે ખારાગોઢા રોડ પર આવેલ સરકારી હોસ્પિટલ (સી. એચ. સી.) માં સવારના ૯-૩૦ થી ૨-૩૦નાં સમય દરમ્યાન બ્લડ પ્રેશર, ડાયાબીટીસ અને હાયપર ટેંશનના રોગીઓ માટે **Cholestrol** ની નિશુલ્ક (ફ્રી) તપાસણી માટે આરોગ્ય કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતુ જેમા તાલુકા કાનુની સેવા સમિતિના ચેરમેન જી. પી. ભોઈ સાહેબ, મેડીકલ સુપ્રિન્ટેન્ડન્ટ ડો. શ્યામલાલ રામ, મેડીકલ ઓફિસર ડો. જાનકીબેન કલોલા, સંલગ્ન પેરા મેડીકલ સ્ટાફ પંકજભાઈ વાઘેલા, બળદેવભાઈ વૈશ્નવ, રેખાબેન રોજાસરા, જયોતીબેન સુમેરા, નિલેષભાઈ જાદવ, સેક્રેટરી નરેન્દ્રસિંહ મકવાણ, પેનલ એડવોકેટ એચ એચ નંદાણી, આઈ કે હદાણી, પી એલ વી અલ્કાબેન સોલંકી, રમેશભાઈ ટ્રેન્ટીયા, રમીલાબેન મકવાણા, સુરેખાબેન પટેલ, મહેશભાઈ વાઢેર, કોર્ટ સ્ટાફ અનીલભાઈ રામાનુજ, ભરતભાઈ જાદવ, જતીનભાઈ ગવાણીયા હાજર રહેલ અને કુલ ૭૨ દર્દીઓની તપાસણી અને નિદાન કરવામાં આવેલ હતું.

# સુરેન્દ્રનગરમાં વિશ્વ પોલીયો દિનની ઉજવણી કરાઈ

ચક્રવાત ટીમ વઢવાણ, તા.૦૧

માનવ ઉત્થાન સેવા સમિતિ, માનવ ધર્મ આશ્રમ ખાતે મહાત્મા પ્રવીણા બાઈજીના સહયોગથી ૩૧મી જાન્યુઆરી વિશ્વ પોલિયો દિન નિમિતે જીરો થી ૫ વર્ષના બાળકોને પોલિયો પીવડાવવા મા આવેલ હતો. તેમજ આત્મજા કેન્સર કેર એન્ડ સપોર્ટ સેન્ટરના ડોક્ટર મનીષા સિંઘ, અને યુવા વિકાસ પરિષદના સામાજિક કાર્યકર સુબોધ જોષી, સાગરભાઈ ચામડીયા, છનાલાલ બાજવાણીયા, સાહીર સોલંકી, સોમાભાઈ નાકીયા, રક્ષાબેન મસિયાવા, કૈલાશ બેન સોલંકી, પ્રતાપભાઈ પરમાર, ઈમરાન મન્સૂરી, હેતલ બેન દ્વારા આયોજિત નિઃશુલ્ક ગર્ભાશય મુખ કેન્સર ની તપાસ અને સ્કીનીંગ અને જાગૃતિ શિબિરનુ આયોજન કરવામા આવ્યું હતું, જેમાંઆત્મજા કેન્સર યુનિટના ડોક્ટર મનીષા સિંઘ,સંજીવની કેર યુનિટ ના ઈલા ઉદય વોરા, તથા સી. યુ. શાહ મેડિકલ કોલેજ અને હોસ્પિટલ ના ડોક્ટર શ્રીઓ ડો. નિશી પટેલ, ડો. જાહન્વી વ્યાસ,સિવિલ હોસ્પિટલ ના ડો. ત્રીજા પરીખ દ્વારા ગર્ભાશય મુખ કેન્સરની તપાસ સ્કિનિંગ કરી પેપ સ્મિઅર એકત્રિત કરવા મા આવેલ હતું. જેનો રિપોર્ટ અમદાવાદ લેબોરેટરી મા નિઃશુલ્ક કરી આપવા મા આવશે. અને જિલ્લા અંધત્વ નિવારણ સોસાયટીના ઓપ્થેલ્મિક ઉપાસના બહેન અને બ્રિજેશ પટેલ દ્વારા મહિલા, બાળકો અને પુરુષો કુલ મળી ને ૧૭૦ જેટલા દર્દીઓની આંખની તપાસણી કરવા મા આવી હતી. આ નિઃશુલ્ક સારવાર અને નિદાન કેમ્પમા મહાનુભાવો સર્વ રૈયાભાઈ રાઠોડ, મોહનભાઈ પટેલ,બી. કે. પરમાર, ઋતુરાજ રાઠોડ, ધર્મેન્દ્રસિંહ પરમાર, પદમાબેન મકવાણા, ઉપસ્થિત રહી કાર્યક્રમ ની શોભા વધારી હતી, કાર્યક્રમનુ સફળ સંચાલન ધર્મેન્દ્ર શાહે દ્વારા કરવા મા આવ્યું હતું.

# ગીર સોમનાથ જિલ્લામાં નવા ચહેરાઓને તક આપવા અનોખી પહેલ



ચક્રવાત ટીમ વેરાવળ, તા.૦૧

તાજેતરમાં નગરપાલિકા તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત ની ચૂંટણીમાં જયારે દરેક પક્ષોમાં નેતાઓના સગા વ્હાલાઓ માટે ટિકિટોની હોડ જામી છે ત્યારે રાજકીય આગેવાનો પોતાના સગા વહાલાઓને ટિકિટ મળે તેવા આગ્રહ સેવી રહેલ છે ત્યારે ગીર સોમનાથ જિલ્લા કોંગ્રેસ મંત્રી એવા ભગુભાઈ વાળા કે જેઓ તાલુકા પંચાયત ના સીટિંગ મેમ્બર હોવા છતાં પક્ષના આગ્રહને અવગણીને આગામી ચૂંટણીમાં નવા ચહેરાઓને તક પુરી પાડવાનો આગ્રહ રાખી પોતે આ વખતની ચૂંટણી નહિ લડવાની જાહેરાત કરી એક અનોખી પહેલ કરી છે આ તકે જિલ્લા કોંગ્રેસ અગ્રણી ભગુભાઈ વાળાએ જણાવેલ કે સંગઠનના જવાબદારોએ ઉમેદવારી થી પર રહી પાર્ટીના હિતમાં નવા ચહેરાઓને પસંદ કરવામાં આવે તો પક્ષને ખુબ મોટો ફાયદો થઈ શકે છે જેથી પાર્ટીના હિતમાં વિચારતા તમામ હોદેદારોએ તકવાદની રાજનીતિ છોડીને નવા ચહેરાઓને તક પુરી પાડીને ઉમદા ઉદાહરણ પૂરું પડવું જોઈએ જે આજના સમયની માંગ છે એવું ભગુભાઈ વાળા ની અખબારી યાદીમાં જણાવેલ છે.

# લીંબડી ખાતે પોલીયોની રસી અપાઈ



ચક્રવાત ટીમ લીંબડી, તા.૦૧

૩૧ જાન્યુઆરી રવિવાર પોલિયો દિવસ નિમિત્તે લીંબડી તાલુકામાં ઝીરો થી પાંચ વર્ષ સુધીના બાળકોને બે ટીપા પોલિયો રસી અંતર્ગત આજે પોલિયો રસી પીવડાવવામાં આવી હેલ્થ વર્કર પ્રવીણભાઈ વાઘેલા તેમજ તેમની ટીમ દ્વારા પોલીયો રસીકરણ કરવામાં આવી.

# સુરેન્દ્રનગર આમ આદમી પાર્ટીમાં નિવૃત સરકારી કર્મચારી પી. જી પરમાર જોડાયા



ચક્રવાત ટીમ વઢવાણ, તા.૦૧

સુરેન્દ્રનગર ખાતે નિવાસ કરતા પી. જી. પરમાર નિવૃત સરકારી આજે આમ આદમી પાર્ટીમાં જોડાયા. દેશનું હિતનું ઈચ્છનારા અને ગુજરાતને ભષટ્રાચાર મુક્ત ગુજરાત બનાવવા માટે હાલ એકજ વિકલ્પ આમ આદમી પાર્ટી હોય જેથી હું આમ આદમી પાર્ટી વિધિવત જોડાવ છું અને બીજું હું સુરેન્દ્રનગરના દરેક નાગરિકને આવાહન કરું છું કે આવો બધા સાથે મળી ભ્રસ્ટાચાર મુકત સુરેન્દ્રનગર બનાવી આમ આદમી પાર્ટી એટલે કે નાના માણસની કિંમત કરતી પાર્ટી છે અને પાર્ટીની વિચાર ધારાને વધુમાં વધુ વેગ મળે તેવી કામગીરી કરવાની નેમ છે આમ આદમી પાર્ટી સુરેન્દ્રનગર પૂર્વ પ્રભારી જયદેવસિંહ જાડેજા એ આવકારેલ અને શહેરના પ્રમુખ મહેશ ભાઈ ગોલતર દ્વારા પાર્ટીમાં જોડવા બદલ ફૂલ હાર કરી તેમનું સન્માન કરવામાં આવેલ.

તંત્રીસ્થાનેથી......

# બજેટ ૨૦૨૧ : કેન્દ્ર સરકારથી નારાજ ખેડૂતોને સરકારે શું આપ્યું..?

દેશમાં ખેડૂત આંદોલન જોરમાં છે ત્યારે નાણામંત્રી નિર્મલા સીતારામને બજેટ રજૂ કર્યું છે. છેલ્લા બે મહિનાથી વધારે સમયથી કેન્દ્ર સરકારના કૃષિ કાયદાઓથી નારાજ ખેડૂતો દિલ્હીની સરહદો પર વિરોધપ્રદર્શન કરી રહ્યા છે. જોકે નાણામંત્રી નિર્મલા સીતારમણે વર્ષ ૨૦૨૧-૨૨ના બજેટના ભાષણમાં દાવો કર્યો કે સરકાર ખેડૂતો માટે પ્રતિબદ્ધ છે. એમણે કહ્યું કે સરકાર ૨૦૨૨ સુધી ખેડૂતોની આવક બમણી કરવા પર અડગ છે. આ સાથે એમણે દાવો કર્યો કે મોદી સરકારે યુપીએ સરકારથી વધારે ત્રણ ગણી રકમ ખેડૂતોનાં ખાતાંમાં પહોંચાડી છે અને દરેક ક્ષેત્રમાં ખેડૂતોની મદદ કરી છે, દાળ, ઘંઉ, ધાન સમેત અન્ય પાકોની એમએસપી (લઘુતમ મૂલ્ય) વધાર્યું છે. નાણામંત્રી નિર્મલા સીતારમણે કહ્યું કે ધાન્યની ખરીદી પર ૨૦૧૩-૧૪માં ૬૩ હજાર કરોડ રૂપિયા ખર્ચ કરવામાં આવ્યા હતા, તેને વધારીને ૧ લાખ ૪૫ હજાર કરોડ કરવામાં આવી ચૂક્યા છે. આ વર્ષે આ આંકડો ૭૨ હજાર કરોડ રૂપિયા સુધી પહોંચી શકે છે. ગત વર્ષે ૧.૨ કરોડ ખેડૂતોને લાભ થયો હતો આ વર્ષે ૧.૫ કરોડ ખેડૂતોને ફાયદો થશે ૨૦૧૩-૧૪માં ઘઉં પર સરકારે ૩૩ હજાર કરોડ રૂપિયા ખર્ચ કર્યો હતો. ૨૦૧૯માં ૬૩ હજાર કરોડ ખર્ચ કર્યો અને હવે ૭૫ હજાર કરોડ રૂપિયા થઈ ગયો છે. ૨૦૨૦-૨૧માં ૪૩ લાખ ખેડૂતોને આનો લાભ મળ્યો છે. ખેડૂત આંદોલનમાં ત્રણ કાયદાઓ પાછા ખેંચવા ઉપરાંત એમએસપીની ચર્ચા સૌથી વધારે થઈ રહી છે અને તેની ખેડૂતો માગણી કરે છે. વિપક્ષની નારેબાજી વચ્ચે નાણામંત્રીએ કહ્યું કે સરકાર ખેડૂતોની ભલાઈ માટે પ્રતિબદ્ધ છે અને એમએસપી વધારીને ઉત્પાદનના ખર્ચની ૧.૫ ગણી કરવામાં આવી છે. ઘંઉ માટે ખેડૂતોને ૭૫૦૬૦ કરોડ રૂપિયા અને દાળ માટે ૧૦, ૫૦૩ કરોડ રૂપિયાની ચુકવણી કરવામાં આવી છે. વળી, ધાન્યની ચુકવણી રકમ ૧,૭૨,૭૫૨ કરોડ થવાનો અંદાજ છે અને કૃષિઉત્પાદનોમાં ૨૨ અન્ય ઉત્પાદનોને સામેલ કરવામાં આવશે. ૨૦૨૧માં ખેડૂતોને ઘંઉ માટે ૭૫, ૧૦૦ કરોડ રૂપિયાની ચુકવણી કરવામાં આવી. ઘઉં ઉગાડનાર ૪૩.૬૩ લાખ ખેડૂતોને એમએસપીની સરકારી ખરીદીથી લાભ થયો જેની સંખ્યા અગાઉ ૩૫.૫૭ લાખ હતી. નાણામંત્રીએ જ્યારે આ કહી રહ્યાં હતાં ત્યારે સંસદમાં વિપક્ષ ત્રણ કૃષિકાયદાના વિરોધમાં નારેબાજી કરી રહ્યો હતો. આ દરમિયાન નાણામંત્રીએ કહ્યું કે કૃષિ ખરીદીમાં સતત વધારો થયો છે અને તેનાથી ખેડૂતોને ફાયદો થયો છે. નાણામંત્રીએ કહ્યું કે, ૨૦૨૧-૨૨માં કૃષિધિરાણ લક્ષ્યને ૧૬.૫ લાખ કરવામાં આવી રહ્યું છે. એમણે જાણકારી આપી કે, સ્વામિત્વ યોજના આખા દેશમાં લાગુ કરવામાં આવશે. ઑપરેશન ગ્રીન સ્કીમની જાહેરાત કરી, જેમાં અનેક પાકોને સામેલ કરવામાં આવશે. પાંચ ફિશિંગ હાર્બરને આર્થિક ગતિવિધિના હબ તરીકે તૈયાર કરવામાં આવશે. તામિલનાડુમાં ફિશ લૅન્ડિંગ સેન્ટરનો પણ વિકાસ કરવામાં આવશે. આ વર્ષે બજેટમાં ખેડૂતો માટે જે જાહેરાતો કરવામાં આવી છે તે જોતાં એવું લાગી રહ્યું છે કે સરકારથી નારાજ ખેડૂતો માટે સરકારે કોઈ વિશેષ પેકેજ કે સહાય જાહેર કરી નથી જેનાથી ખેડૂતોને ખુશ થઈ જાય. દર વર્ષની માફક આ વર્ષે પણ ખેડુતોની આવક બમણી કરવા પર સરકારે ભાર મુક્યો છે પરંતુ આટલા વર્ષો અને બજેટ બાદ પર ખેડૂતોની આવક તો વધી નથી પરંતુ તેમની હાલત દર વર્ષે બદતર થતી જાય છે.



યાકુબ બાદી
તંત્રી

## ૨૧મી સદીના વિકસીત ચિતારને પ્રસ્તુત કરતી અદ્‌ભૂત ફ્યૂચર ફીક્શન નવલકથા.....




### પ્રકરણ ૫૪

"ઓ યે હીરો, સાઈડ પ્લીઝ, મારા ફોટોની ક્લિક પરફેક્ટ નથી આવતી." બોલવામાં કાઠીયાવાડીને બદલે વિદેશી છાંટ હતી. મેં પાછળ વળીને જોયું.

એક છોકરી આંખે કેમેરો માંડીને બેઠી હતી. હું ત્યાં જ ઊભો રહ્યો. નવા બનેલા રેસકોર્સ - ૨ માં તળાવની સુશોભિત કરેલી પાળી મને બહુ ગમતી. એ આથમતાં સૂર્યનો પોઝ લઈ રહી હતી.

"તમારા દેશમાં કોઈને હેલ્પ કરવાના સંસ્કારો આપ્યા જ નથી લાગતાં ?" તે ચીડાઈને બોલી. તે મારાથી થોડે જ દૂર હતી.

"સંસ્કારો તો ઘણા આપ્યા છે. અમને તો એમ પણ શીખવાડ્યું છે. પોતાના સ્વાર્થ માટે કોઈને તકલીફ ના આપવી.. થોડા બાજુમાં ખસીને શોટ લેશો તો પેલા ટાવરની ખૂણાની ગોળાઈનો લાભ પણ મળશે. તેના ગ્લાસ પાસેથી કંઈ અલગ જ ઈફેક્ટ આવશે." હું તળાવ સામે જોઈને બોલી રહ્યો હતો.

તે થોડી ખચકાઈ. જાણે શું સૂઝ્યું કે જગ્યા ફેરવી મારા કહ્યા પ્રમાણે ક્લિક કરી જોઈ. તેને બે - ચાર ફોટા પાડ્યા એ જોઈ લાગ્યું કે તેને ખરેખર જોઈએ તેવો 'ફોટો' ક્લિક થઈ ગયો હશે. ફોટો પાડી તે મારી પાછળ ઉભી રહેતાં બોલી. "થેંક્યું". મે પાછળ ફરીને તેની સામે જોયું. હું ઝટકો ખાઈને સાઈડમાં હટી ગયો. 'પેલી નીલી ભૂરી સમુદ્રી આંખો.... અને સિગારેટનો ધૂમાડો ઉડાડતો હતો એ જ ચહેરો.'

મારાથી બોલાઈ ગયું 'એન્જલ રાઈસ'? તેને ચોંકીને મારી સામે જોયું.

"તમને મારું નામ કેમ ખબર ? એને મને પૂછ્યું. " અવેડામાં પાણીમાં પડવું , મારા મોં પર સિગારેટના ધૂમાડા ઉડાડવા, મને તેની ઓફર કરવી, મારી રાતોની ઊંઘ હરામ કરવી....હી હું કેમ ભૂલી શકું ?" મેં ચમકતાં ચહેરે કહ્યું.

તે ખડખડાટ હસી પડી. એનું બિંદાસ હાસ્ય હું ક્યાંય સુધી માણતો રહ્યો. "યસ મને યાદ આવી ગયું. તે દિવસે તું હતો ? તારો ચહેરો જોવા જેવો હતો. કેવો સ્ટુપીડ બનીને મારી સામે આંખો ફાડીને જોતો હતો. જાણે આટલી રૂપાળી છોકરી લાઈફમાં ફર્સ્ટ ટાઈમ ના જોઈ હોય ?" તે શાંત થતાં બોલી.

"હુ ક્રિષ્ના પટેલ, મે તે દિવસે તમારા જેટલી રૂપાળી છોકરી ફર્સ્ટ ટાઈમ જ જોઈ હતી. તમારા એ રંગ રૂપ જોઈને હું ત્રણ દિવસ સુઈ નહોતો શક્યો." હું બોલ્યો.

"મારી ઉમર ૨૦ વર્ષ છે. બહુ માન આપવાની જરૂર નથી. તું મને તુંકારે બોલાવી શકે છે." તેને મારી સામે હાથ લંબાવ્યો. "ફ્રેન્ડસ"

મેં એકદમ વિશ્વાસથી હાથ મિલાવતાં કહ્યું. "આટલી ખૂબસુરત છોકરી સામેથી સામેથી ફ્રેન્ડશીપ માટે ઓફર કરતી હોય તો કોણ ના પાડે ? તે દિવસે સિગારેટની ઓફર હુકરાવી મૂર્ખાઈ કરેલી. આજે એવી ભૂલ નહીં કરું."

"ઈન્ડિયન છોકરાઓની આ જ તકલીફ છે. કોઈ છોકરીએ હસીને વાત શું કરી સીધું ફલટફ્લગ ચાલુ કરી દે." તે આંખો નચાવતી બોલી.

"થોડી સ્ટાઈલથી કે નખરાં કરતાં વાતો ના કરીએ તો છોકરીઓ ગામડાના ગમાર સમજે છે. બુદ્ધુ મુર્ખ કે બોતડા કહી ને તમારું અપમાન કરે." મેં કહ્યું.

"જસ્ટ સ્ટોપ ધીસ નોનસેન્સ ફીલોસોફી એવું કશું ના હોય છોકરી એક જ નજરમાં પામી લેતી હોય છે. છોકરો કેટલામાં છે ?" તે બોલી.

"યસ, છતાં રિલેશનમાં રહે છે. હકીકત ખબર હોય તો પણ ભોળવાય છે, છેતરાય છે. પરંતુ તે પોતાને સતત નિર્દોષ સાબિત કરવા માગતી હોય છે. મને સહુથી વધુ તકલીફ ત્યારે થાય છે. તે જ્યારે તેનો કોઈ વાંક જ નથી એવું સાબિત કરવાનો પ્રયત્ન કરે છે. ગમે તે હોય પરંતુ રિલેશનમાં આખરે તેનો હાથ ઉપર રહે છે. અંતે ધાર્યું તો છોકરીનું જ થાય છે." મેં કહ્યું.

"હમ્મ વાત સાચી છે. પણ આટલી લાંબી દલીલ કરવાની જરૂર નથી. તારામાં તો સારો નેતા બનવાના બધા ગુણ મોજુદ છે. બાય ધ વે, તું અત્યારે શું કરે છે ? આઈ મીન ભણવાનું કે પછી નકરી રખડપટ્ટી ?" તે બોલી.

"ફ્યુચર લૅબમાં ઈલેવન સાયન્સમાં સ્ટડી કરું છું" મેં કહ્યું.

"વાઉ, તારી પર્સનાલિટી જોતાં આ વાત મારા માટે સરપ્રાઈઝ છે. તું 'ફ્યુચર લેબ" સ્કૂલમાં સ્ટડી કરે છે. મારી એક હેલ્પ કરીશ ? તે કંઈક વિચારીને બોલી.

"પહેલા મારા વિશે કહી દઉ. હું અમેરિકાથી આવું છું. સ્ટેનફોર્ડ યુનિ, માં સ્ટડી કરું છું. આ વર્ષે મે સ્ટડી પ્રોજેક્ટ તરીકે સૌરાષ્ટ્રના કલ્ચર વિશે રિસર્ચ કરવાનું પસંદ કર્યું છે. આ રિસર્ચ માટે હું ઈન્ડિયા આવી છું. મારે તારી સ્કૂલની વિઝીટ કરવી છે તું મને હેલ્પ કરીશ ? મારે રાજકોટની અને સૌરાષ્ટ્રના ગામડાંઓની 'બાઈક રાઈડ' કરવી છે. આમ તો હું ટોટલી જર્નીનું પ્લાનિંગ કરીને આવી છું બટ, કોઈ લોકલ પર્સન સાથે હોય તો વધુ મજા આવે." તેને પૂછ્યું.

"નો પ્રોબ્લેમ, મારી સ્કૂલે તું ગમે ત્યારે આવી શકે છે. ત્યાં દરરોજ હજારો લોકો મ્યુઝિયમ અને સાયન્સ થિયેટરની વિઝિટ માટે આવે છે. એન્ડ રાજકોટ માટે તું ફાઈનલ ડેટ કહેજે હું કંઈક સેટિંગ કરી લઈશ."મેં કહ્યું.

તે બોલી "વન મિનિટ, મારે તારી સ્કૂલમાં ફરવા માટે નથી આવવું. બટ સ્કૂલ સિસ્ટમના સ્ટડી માટે આવવું છે. એ માટે સ્પેશ્યલ પરમિશન લેવી પડે. એ થોડું ટફ છે. બટ તારી ફ્રેન્ડ તરીકે મને એ ઈઝીલી મળી જશે."

"એક વાત પૂછું" હું બોલ્યો.

"યસ પૂછ, એમાં વારે ઘડીયે પરમિશન કાં માંગે છે ?" તે સહજતાથી બોલી.

"તું અમેરિકન છો બટ તારું ગુજરાતી આટલું સરસ કેમ છે ?" મેં પૂછ્યું.

" ઓહ, આઈ એમ ક્રોસ બ્રિડીંગ ચાઈલ્ડ. મારી મમ્મી ઈન્ડિયન છે. મારા ફાધર જર્મન છે. બંને જોબ કરતાં હતાં લવ થઈ ગયો. મેરેજ કરી લીધા. ઘરમાં ગુજરાતી, જર્મન, ઈંગ્લીશ એમ ત્રણ ભાષા બોલાય છે. મને નાનપણથી જ નવરાત્રિના ગરબા, અહીંની લોકવાર્તાઓ, પાળિયાઓની શૂરવીરતાની વાતો, પ્રત્યે ખૂબ લગાવ હતો. આ પહેલા પણ હું બે વાર ઈન્ડિયા આવેલી. યાર તમારું આઈ મીન અડધું મારું પણ કલ્ચર કેટલું અદભુત છે. પાર વગરની વિવિધતા, ના સમજાય તેવા ગૂઢ રહસ્યો, વિવિધ આવડત ધરાવતા લોકો, આઈ મીન ઈટ્સ અમેઝિંગ. ક્યારેય તેમને જીવતાં જોઈને લાગે આ અશક્ય છે."તે લાગણીશીલ થઈને બોલી.

"યસ, અહીંયા ઘણું એવું છે જેમાં વિજ્ઞાન અને ધર્મનું કોઈ અજબ બોન્ડિંગમાં જોવા મળે.અમારો ભૂતકાળ બહુ ભવ્ય છે. એના અમુક રહસ્યો આજનું વિજ્ઞાન કળી નથી શકતું." મે કહ્યું.

મેં તેને ચા માટે પૂછ્યું. અમે બંને ચાલતાં ચાલતાં વાતો કરતાં હતા. એક ટી સ્ટોલ પર અટક્યા. તેને પૂછ્યું. "યુ હેવ અ ગર્લફ્રેન્ડ?"

મે હસીને કહ્યું "અહીંયા કોલેજ ચાલુ થાય પછી ગર્લફ્રેન્ડ બનાવવા માટેનું લાયસન્સ મળે. ત્યાં સુધી અમે નાના છોકરાઓ કહેવાય. પણ તારે તો કોઈ બોયફ્રેન્ડ હશે જ ?

"જરૂરી નથી દરેક અમેરિકન છોકરીને બોયફ્રેન્ડ હોય જ. હું વર્જીન કલબની મેમ્બર છું. જો કે મેં મારી પસંદગીથી જોઈન કર્યું છે. તેમાં તમે લગ્ન સુધી સેક્સ ના કરી શકો ?"તે બોલી.

"ઈન કેસ, કોઈ સિચ્યુએશન એવી આવીને તમે કોઈ સાથે સેક્સ કર્યું તો ? હું પણ ખુલીને બોલ્યો.

"તો શું ? કંઈ નહીં. એ લોકો કંઈ ચેક નથી કરતાં. ઈટ્સ ઓલ અબાઉટ ટ્રસ્ટ. કલબમાં ઘણી ગર્લ્સના બોયફ્રેન્ડ હોય છે. ઈટ્સ ઈમોશનલ નીડ ફોર ધીસ એજ. લવમાં દરેક રિલેશન બેડ સુધી પહોંચે એ જરૂરી નથી. ઘણા બોયસ પણ તેના મેમ્બર છે તારે જોઈન થવું છે ? ગર્લફ્રેન્ડ ના મળે ત્યાં સુધી." તે હસતાં હસતાં બોલી.

"ના રે. મારી અંદર ઉછળતાં યુવાનીના હોર્મોન્સ એની પરમિશન નહીં આપે. એક્ચ્યુઅલી મારે એક સ્ટડી ગર્લફ્રેંડ હતી."મેં કહ્યું.

"વાવ, આ નવું સાંભળ્યું ? હું સ્ટડી, આ મારા ડ્રિમ પ્રોજેક્ટના રિસર્ચ અને એ બધા માટે જોબ કરી પૈસા કમાવામાંથી ફ્રી નથી થઈ શકતી. લવ એન્ડ રિલેશનશીપ વિશે વિચાર કરવાનો સમય જ નથી મળતો."તે પોતાના દરેક વિચારોમાં સ્પષ્ટ હતી.

શું કરવું ? શું ના કરવું ! જ્યારે હું દરેક બાબતે મૂંઝવણમાં અને અસ્પષ્ટ હતો.

અમે ચા પીધી. તે પેકેટમાંથી સીગારેટ કાઢતાં બોલી. "તું લઈશ ?

મેં ટેસ્ટ કરી હોવા છતાં ના પાડતાં કહ્યું. "ના હું નથી પીતો. સ્મોકિંગ હેલ્થ માટે ડેન્જર કહેવાય."

તું જસ્ટ ટ્રાય કર. કશું નહીં થાય. અનુભવ કર્યા વગર કોઈ વસ્તુ વિશે કેમ ડિસાઈડ કરી શકે ? આ વસ્તુ સારી છે કે ખરાબ ? તે સીગારેટ સળગાવતાં બોલી.

"દરેક બાબતમાં ઝેરના પારખાં ના હોય. અમુક બાબતોમાં લોકોની દુદર્શા જોઈને સમજી જવાનું હોય." મેં કહ્યું.

તેને મારા પરિવાર વિશે મારી વિશે પૂછ્યું. મેં ખુલ્લીને બધાં જવાબો આપ્યા. તેને મારી ઘરે આવવાની ઈચ્છા દર્શાવી. મે કહ્યું "પાક્કું, જઈશું ક્યારેક?"

તે એક મહિનો ગામડાં ખૂંદવાની હતી. અમે આવતાં મહીને રાજકોટની બાઈક રાઈડ અને મારી સ્કૂલની વિઝીટ ત્યારે કરવાનું નક્કી કર્યું. મેં કહ્યું "હું સાગરનું બુલેટ લઈ આવીશ."

તેને મને લાયસન્સ વગર ગાડી ચલાવવા માટે ના પાડી. આખરે અમે મીરાંની 'તીતલી' પર સવારી કરવાનું નક્કી કર્યું.

તેને કહ્યું "મારી પાસે હોટલમાં રહી શકું તેટલા ડોલર નથી. મે ઓવરટાઈમ કરીને ઈન્ડિયાની ટુરના પૈસા ભેગા કર્યા છે. મારે સૌરાષ્ટ્રના કલ્ચરનો સાચો ચહેરો જોવો છે. જે ખરેખર તો ગામડાંમાં વસે છે. રાજકોટ તેનું સેન્ટર છે. તારે મારા ગાઈડ બનવાનું છે."

અમે એકબીજા સાથે મોબાઈલ નંબર શેર કરી છૂટા પડ્યા. મારી ખુશીઓનો પાર નહોતો. મને મારી ડ્રિમ ગર્લ મળી ગઈ હતી. હું તેની સાથે ભલે મહિના દિવસ પછી પણ બાઈક રાઈડ પર જવાનો હતો. આ બધું અચાનક અને એટલું જલદી જલદી બની રહ્યું હતું કે મને સપનાં જેવું લાગતું હતું. હું આ બધા સાથે તાલમેલ નહોતો મિલાવી શકતો.

મને ક્યાં ખબર હતી.... મારી આર્ટિસ્ટ માંથી હાર્ટિસ્ટ બનવાની જર્ની આ બાઈક રાઈડથી જ શરૂ થવાની હતી.

(ક્રમશઃ)

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઇસ્લામીક સંવત-૨૦૨૦, તા. ૦૨-૦૨-૨૦૨૧, મંગળવાર, પોષ વદ-૫, સૂર્યોદય-૭-૨૭, સૂર્યાસ્ત-૬-૩૪, જૈન નવકારશી-૮-૧૫, આજની રાશિ : કન્યા (પ.ઠ.ણ.), નક્ષત્રઃ હસ્ત

**- શુભ ચોઘડીયા -**

૧૨-૩૮ થી અભિજીત-૧૩-૨૩ સુધી ૧૦-૧૪ થી ચલ-લાભ-અમૃત ૧૪-૨૪ સુધી ૧૫-૪૮ થી શુભ ૧૭-૧૧ સુધી ૨૦-૧૧ થી લાભ ૨૧-૪૮ સુધી, ૨૩-૨૪ થી શુભ ૨૫-૦૧ સુધી

**- શુભ હોરા-**

૯-૧૮થી ૧૨-૦૫ સુધી, ૧૩-૦૧થી ૧૩-૫૩ સુધી, ૧૫-૪૮થી ૧૮-૭૫ સુધી, ૧૯-૩૯ થી ૨૦-૪૦ સુધી

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

## રાશીફળ

» મેષ(અ.લ.ઈ.) :- દિવસ દરમ્યાન મનગમતી વ્યકિતની મુલાકાત થાય. મિલકત બાબત નસીબદાર રહેશો ખરીદીમાં લાભ

» વૃષભ(બ.વ.ઉ.) :- સામાજીક કાર્યોમાં સફળતા મળવાની સંયુકત પરિવારના પ્રત્યે હલ થાય નોકરીમાં કાર્યભાર પ્રવાસ થાય

» મિથુન(ક.છ.ઘ.) :- નાણાકીય બાબતોને લઈને પ્રગતિમાં અવરોધ રહે સગાઈના કાર્યમાં આગળ વધાવ-કર્જન કરવું.

» કર્ક(ડ.હ.) :- પ્રયત્નો ફળવાના મહેનતનું ફળે મળે. વિદેશથી લાભ નોકરીમાં પ્રમોશન -સીઝનલ ધંધાથી લાભ

» સિંહ(મ.ટ.) :- આવકનું પ્રમાણ જળવાઈ રહે શેર સાટામાં નવુ રોકાણ ન કરવું એજન્સી લાઈથી લાભ રહે.

» કન્યા(પ.ઠ.ણ.) :- મહત્વના નિર્ણયો બાબત કોઈ ઉતાવળ ન કરવી. નોકરીમાં લાભ ધાર્મિક કાર્યમાં સફળતા

» તુલા(ર.ત.) :- વ્યવસાવમાં નવા રોકાણની ઈચ્છા ફળે. ભાઈ-બહેનોથી સહકાર રહે. ન ધારેલી વ્યકિતનો સાથ - સહકાર રહે.

» વૃશ્ચિક(ન.ય.) :- બપોર સુધીનો સમય તનાવ વાળો રહે. આવકનું પ્રમાણ જળવાઈ રહે. કારણ વગરના વિચારોને ટાળજો.

» ધન(ભ.ધ.ફ.ઢ.) :- કાર્ય પરત્વે ઉપરી વર્ગનો સહકાર મળે. નોકરીમાં મનગમતી ઓફર પણ આવે. વિદેશ જવાનીતક મળે.

» મકર(ખ.જ.) :- ટેકનીકલ લાઈનમાં સફળતા ઉત્પાદન ક્ષેત્રે ન ધારેલી સફળતા આત્મ વિશ્વાસને જાળવી રાખજો.

» કુંભ(ગ.શ.સ.) :- ભાગીદારો સાથે મિટીંગનું આયોજન થાય કાર્ય ભાર રહે. સમાજમાં માન પ્રતિષ્ઠા મળે. ગુસ્સાને કાબુમાં રાખવો

» મીન(દ.ચ.ઝ.) :- રોજીંદા કાર્યમાં ચીવટ રાખવી. શેર - સાટાના જોખમ ન લેવું. મિલકતના પ્રશ્નોમાં કોઈ ઉતાવળ ન કરવી.

# પ્રજાના કરવેરા વાપરવાના આયોજન પત્રના હાડપિંજરની સોનોગ્રાફી

સરકાર બજેટ બહાર જાહેર કરે એટલે સૌથી પહેલા આખો દિવસ શેરબજાર તાત્કાલિક ઉંચે ચડે અને ચાર દિવસ પછી પાછુ પડે,

અંદાજપત્ર જાહેર થાય એટલે લાભ નુકસાનની મુર્ખતા ધરાવતા ગીધ લોકો બજેટના એક એક મુદાને ચુથવા માંડે છે, બે દિવસની ચુંથાચુંથ કર્યા પછી બધી ચર્ચા બીજા બજેટ સુધી ખુણામાં ફેંકી દેવામાં આવતી હોય છે

દરેક આયોજનોનુ આંતરીક માળખું હોય છે તેને હાડકા ગણવામાં આવે છે એના ઉપર સ્નાયુ જેવી ગોઠવણી કરીને જનતાના લાભો તરીકે એની બહારનું ચામડું મઢેલુ હોય છે ઉપર પ્રજા માટે લાભકારી યોજનાઓના ટાઈટલ બતાવી બજેટના કપાળે ચાંદલો કરેલો હોય છે, તેથી જેના કરવેરાથી આ રૂપિયા એકઠા થાય છે તેને ક્યારેય અંદરનું હાડપિંજર દેખાતુ નથી,

આ બજેટ આરોગ્ય અને માર્ગ મકાનના મોટા કોન્ટ્રાક્ટર કંપનીઓ માટે પ્રજાના સ્વાસ્થ્ય સુખાકારી માટે તૈયાર કરાયુ છે, આરોગ્ય લક્ષી ધંધાર્થીઓ, રસી બનાવતી કંપનીઓ માટે, આધુનિક સ્વાસ્થ્ય વ્યવસ્થાઓ માટે અઢળક પૈસા સ્વાસ્થ્ય રક્ષક સામાન અને વસ્તુઓ બનાવતી કંપનીઓના લાભાર્થે ફાળવાયા છે,

અબજો રૂપિયા કેવી રીતે વાપરવા તેના અવનવા ગ્રાફ બનાવીને બતાવાશે પરંતુ તે જનતા ખીસ્સામાંથી કેવી રીતે આવશે તે કયારે સુધી રીતે બતાવાતું નથી,

રૂપિયાનો દરીયો ભર્યો હોય અને ટેન્કરો ભરી ભરી ઠાલવવાના હોય તેમ દરેક મુદા ઉપર આઠ બાર બાર શૂન્ય વાળી રકમો ફાળવી છે એ જનતાની સમૃદ્ધિનો બોલતો પુરાવો છે'

ભારતમાં સરેરાશ દરેક વસ્તુ ઉપર ૧૬ ટકા કર છે અને પેટ્રોલ ડીઝલ ઉપર હાલમાં સરેરાશ ૧૭૫ ટકા કરવેરો છે એટલે પ્રજા ૧૦૦ રૂ ખર્ચ કરે ત્યારે સરેરાશ ૩૮ રૂ. સરકારમાં કરવેરો ભરાતો રહે છે, ભલભલા કોમર્સ નિષ્ણાતો જનતાને કયારેય સાબિત કરી શકે નહી કે પ્રજા કેટલા ટકા કરવેરારૂપે સરેરાશ કેટલા રૂપિયા ભરતા રહે છે,

આ બજેટમાં સરકારે ભારતની સાર્વજનીક સંપતિ એલ.આઈ.સી શેરબજાર દ્વારા પ્રજા પાસેથી પૈસા મેળવવા આઈપીઓ લાવશે, એનો અર્થ એવો થાય કે એલઆઈસી ની તીજોરી લુંટાય ચૂકી છે,

બજેટ ઉપર ફુલગુલાબી વાતો અને ચર્ચા કરનારા ગીધો બજેટના લાભોનો બગીચો બતાવશે પરંતુ પાછલા દરવાજે પ્રજાની પીઠ છોલાય જશે એ વાત રજુ કરશે નહી,

દવાઓ, રસીઓ, નવા બાંધકામો, નવી લેબોરેટરીઓ, હોસ્પિટલો, રસ્તાઓ, કોરીડોર હાઈવે આ બધા માટે સરકાર અબજો રૂપિયાના ટેન્ડરો બહાર પાડશે અને કંપનીઓને ટેન્ડરો આપશે લાંબા ગાળાની યોજનાઓના ટેન્ડરોમાં સુધારા વધારાઓ કરી કરી ટેન્ડરની રકમ પાછળથી વધતી રહેશે, કંપનીઓ પાર્ટી ફંડ ફાળા આપતી રહેશે,



રાજ પ્રજાપતિ
બ્રહ્માસ્ત્ર

પ્રજા સંરક્ષણ માટે યુદ્ધ વિમાનો ખરીદવા માટે પણ ૧૪ આંકડા વાળી રકમ ફાળવવામાં આવી છે ,

પ્રજાએ ખરેખર બજેટમાં જાણવા સમજવાનું શું હોય છે ? બજેટમાં પ્રજા માટે કરકસર અને ઘરવપરાશ અને જીવનમાં શોખ માટે વપરાતી રકમમાં ક્યાં કેટલો ઘટાડો કરવો એ જાણવા સમજવાનું છે,

આ બજેટ સંપૂર્ણ રીતે પ્રજાના આરોગ્ય અને પ્રજા માટે મોટા મોટા કોરીડોર બનાવવા માટેનું છે સરવાળે બજેટ ફાર્માકયુટીકલ કંપનીઓ અને રોડ એન્ડ બિલ્ડીંગની રાષ્ટ્રીય કંપનીઓ માટે છે,

પ્રજાએ જંકફૂડ ખાવાનું, વિદેશી બ્રાન્ડનો કચરો ફુડ ખાવાનું અને ભેળસેળવાળી ચટાકેદાર વસ્તુઓ ખાવાની છોડવા માટે પ્રતિજ્ઞા લેવાનું બજેટ છે, સમૃદ્ધિ બતાવવા માટે પેટ્રોલ સ્કુટર , બાઈક, કાર, ખાનગી વાહનો વાપરવાને બદલે પેટ્રોલ ડીઝલનો વપરાશ તદન ઓછો કરવા માટેનું બજેટ છે,

ચીજ વસ્તુઓ ઉપર વસુલાતા કરવેરામાં ખાસ કોઈ રાહત નથી ઉલટું જીવન જરૂરી બની ગયેલા મોબાઈલ લેપટોપ જેવા ડીઝીટલ ગેજેટો મોંઘા થશે અને સાથે સાથે ટેલીકોમ સેવાઓ પણ દોઢ ગણી થાશે,

આ બજેટ રાબેતા મુજબ ભરતગુંથણ ભરેલા કોથળામાં પંચશેરી જેવું છે એટલે પ્રજાએ આરોગ્ય બજેટ અને વાણીજ્ય કોરીડોરોના મૃગજળથી હરાખાવા જેવું નથી,

પ્રજાના કરવેરા સરકારી તીજોરીમાંથી સતાધીશો સીધા પોતાના ખાતાંમાં ટ્રાન્સફર કરી શકતા નથી તેથી પ્રજાના નામની યોજનાઓ માટે કંપનીઓને અબજો ટેન્ડરો આપી તે કંપનીઓ પાસેથી પરોક્ષ રીતે પ્રજાના કરવેરા લુંટવાના વાર્ષિક આયોજનને બજેટ કહેવાય છે,

મધ્યમ વર્ગ અને ગરીબ વર્ગને હાલ કરતા સવા ગણી મોંઘવારી ભોગવવાની તૈયારી રાખવાની છે ફકત લખી બોલીને આંકડાકીય રીતે સમજાવી શકાશે નહી,

સરકારી પગાર ભથ્થા પેન્શન વાહનોના ફરજીયાત ખર્ચ ઉપરાંત જે કરવેરાના પૈસા મળશે તે ફાર્માકયુટીકલ અને બિલ્ડર્સ સીવીલ કંપનીઓ માટે છે, આખુ બજેટ ગરીબો અને મધ્યમ વર્ગના નામે મોટી આંતરાષ્ટ્રીય કંપનીઓના લાભકર્તા સાબિત થશે,

પ્રજાની પાયાની જરુરીતાત સરકારી પ્રાથમિક શિક્ષણ, પીવાનું પાણી, ગરીબોના રોજગાર અને ખાદ્ય પુરવઠો, તેમજ ગ્રામીણ રોજગાર અને કૃષિ રોજગાર તેમજ મધ્યમ વર્ગને નિયમિત આવક ઉભી કરી શકાય તે માટે ખાસ કોઈ બજેટ આપ્યું નથી,

બહુમતિ પ્રજા ગરીબ અને મધ્યમવર્ગની છે જેની પાસે કોઈ સતા નથી કે વિશાળ વસતી હોવા છતાં બધા અન્યાય સહન કરવા સિવાય વિકલ્પ નથી એવી જનતાના નામે સરેરાશ કંપની કોર્પોરેટ બજેટ છે જેના કારણે ભવિષ્યમાં જાહેર સેવાની મોટાભાગની વ્યવસ્થાઓનું ખાનગીકરણ કરવુ ફરજીયાત બનશે, જીડીપી ની સાપેક્ષે બજેટ દોઢ ગણુ છે એટલે વિદેશી કરજમાં ઘણો વધારો કરશે.જેથી જનતાની કમર વધુ કમજોર થશે,

આ એવા પ્રકારનું બજેટ છે કે જનતાને તેના મતદાનના પાપની બરાબર સજા આપશે. કોને મતદાન આપવું નહી તે સમજે નહી ત્યાં સુધી જનતા કરવેરા એનકેન પ્રકારે ઉદ્યોગપતિઓની તીજોરીમાં ઠલવાતા બજેટ બનતા રહેશે.

# શબ્દ જ શરૂઆત અને અંત / શબ્દ ગ્રીન સિગ્નલ / શબ્દથી જીવનની ડોર..

શબ્દ બે લોકોની વચ્ચે બ્રીજનું કામ કરતા હોય છે. કોઈપણ ખીટ-પિટ થાય કે કોઈ નવી વ્યક્તિ સાથે મનમેળ સાધવો હોય તો શબ્દો ઘણા ઉપયોગી સાબિત થતાં હોય છે.

શબ્દો કોઈપણ હોય પણ કયા ભાવાર્થ સાથે વપરાય તે વધુ અગત્યનું છે. શબ્દ સારા વપરાય છતાં વાપરવાની ભાષા યોગ્ય ન હોય તો શબ્દોની સાથે માણસની પણ કિંમત થઈ જતી હોય છે.

ક્યારેક કોઈ અજાણી વ્યક્તિને મળીએ તો શબ્દથી થયેલી શરૂઆત જે-તે સંબંધનો સેતુ બની જાય છે આ સેતુ કાચો છે કે પાક્કો એ પણ વ્યવહારમાં વપરાતા આપણા શબ્દથી જ નક્કી થઈ જતો હોય છે. સામાન્ય રીતે શબ્દ એક અભિવ્યક્તિની ભાષા હોય છે, જેનાથી આપણે આપણી ઈચ્છાઓ કે ભાવનાઓ વ્યક્ત કરતા હોય. વાપરવામાં આવેલો શબ્દ જો સભ્યતાવાળો અને સરળ હશે તો કામ બની જશે નહિતર કામ બગડી પણ શકે છે.

શબ્દ તોડવાનું કામ કરે કે જોડવાનું એ તો આપણા વપરાશ પર આધાર રાખે છે પણ જો ક્યારેક કોઈ મુશ્કેલી હોય કે કોઈ સમસ્યાનો તોડ મળતો ન હોય તો તેવા સમયે વાતચીત થકી શબ્દો જ મલમનો રોલ ભજવી જતા હોય છે. પાણી,વીજળી,પૈસા અને બીજા ઘણા બધા સ્ત્રોતની જેમ શબ્દો પણ લિમિટમાં જ વાપરવામાં આવે તો તે આપણા સબંધોના સ્વાસ્થ્ય માટે ઘણું સારું રહે છે કેમ કે બોલેલા વેણ અને બનમાંથી નીકળેલું તીર પાછા ફેરવી શકતા નથી.

વાચા વગર બોલાતા શબ્દો પણ એકસપ્રેશનથી ઘણું બધું કહી જતા હોય છે. શબ્દોનો પણ સ્વાદ હોય છે, તમને ખબર છે ? ચાલો આજે એ પણ જાણી લઈએ,



શાહ ધ્વનિ
ધ્વનિના સથવારે

જે શબ્દો કડવા હોય છે તે આપણને સાંભળવા બિલકુલ ન ગમે તેવા પણ નિશ્ચિતપણે આપણા માટે સારા. અમુક મીઠા હોય છે પણ મોટાભાગે શોર્ટ ટર્મ ખુશી આપે એવા. અમુક શબ્દો ખાટા હોય છે જેમાંથી સબંધોમાં ખટાશ એટલે કે વેરીએશન આવતું હોય છે ને અમુક શબ્દ તીખા જેને બોલવાથી થોડીવાર તીખું લાગે પણ એ તીખાશ પાછળનો મર્મ અથવા રાજકારણ ઘણું મોડેથી સમજાય. ઘણા શબ્દોના ઉચ્ચારણનું માહાત્મ્ય પણ જબરદસ્ત હોય છે. આફ્ટર ઓલ, આપણા દરેક વ્યવહારમાં વપરાતા શબ્દો જ નહિ એક એક અક્ષરનું પણ ઘણું જ મહત્વ હોય છે.

શબ્દોનો જો વ્યવસ્થિત એટલે કે મર્યાદાપૂર્વક ઉપયોગ કરવામાં આવે તો શબ્દો વર્ષો જૂના પ્રશ્નો પણ ઉકેલી શકે છે અને જો મર્યાદાનું ઉલ્લંઘન થાય તો ભલભલાં સારા સબંધોમાં પણ કડવાશ આવી જાય છે. બોલવું જરૂરી છે પણ બિનજરૂરી નિરર્થક બોલવું ઘણી વખત આપણું મૂલ્યાંકન કરી જતું હોય છે.

શબ્દથી વ્યક્ત થયેલી વાત મનને હળવાશ આપે છે અને શબ્દથી માણસ બે મન વચ્ચેનું અંતર પણ ઘટાડી શકે છે. બેશક શબ્દનું મૂલ્ય ઘણું જ છે પરંતુ શબ્દ કરતા તેની અભિવ્યક્તિની પદ્ધતિ માણસનું વ્યક્તિત્વ તારવી શકે તેટલી શક્તિ ધરાવતી હોય છે.

અંતિમ બિંદુ

શબ્દ બે વ્યક્તિ વચ્ચેનો બ્રિજ હોય છે તો તેનો ઉપયોગ પણ લોકોને જોડવામાં થાય તે ઉત્તમ નહિ તો તોડવાનું કામ તો બીજા ઘણા કરે જ છે.

# મુંબઈમાં કૂતરાને બચાવવા જતા કાર અકસ્માતમાં એકનું મોત : ત્રણ ઘાયલ



ચક્રવાત ટીમ, મુંબઈ ૧

નાગપુર-મુંબઈ હાઈવે પર મ્હસલા ફાટા નજીક એક કારનો અકસ્માત થયો હતો.આ અકસ્માતમાં એકનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. તો ૩ લોકો ઘાયલ થયા છે. ઘાયલોને સરકારી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. પ્રાપ્ત માહિતી અનુસાર અમરાવતીથી કામરગાંવ તરફ જૈ રહેલી કારનો અકસ્માત થયો હતો. નાગપુર-મુંબઈ હાઈવે પર મ્હસલા ફાટા નજીક બનેલા આ દુર્ઘટનામાં એક વ્યક્તિનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું અને બે અન્ય ગંભીર રીતે ઘાયલ થયા હતા. કરંજા તાલુકાના કમરગાંવનો અબ્દુલ અઝીઝ અબ્દુલ હકીમ (૨૯) પરિવાર સાથે કારમાં પરત ફરી રહ્યો હતો ત્યારે રસ્તામા વચ્ચે કૂતરો આવતા તેને બચાવવા જતા મ્હસલા ફતેહ નજીક અકસ્માત થયો હતો. અકસ્માત એટલો ભયાનક હતો કે કાર કચડાઈ ગઈ હતી. અકસ્માતમાં અબ્દુલ અઝીઝનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું અને અબ્દુલ અઝીમ અબ્દુલ હકીમ (૩૨), એશિયા પરવીન અબ્દુલ અઝીમ (૨૪) અને તેનો ત્રણ વર્ષનો પુત્ર મહફુઝ અબ્દુલ અઝીમ ગંભીર રીતે ઘાયલ થયા હતા. તેમને વધુ સારવાર માટે અમરાવતી ખસેડવામાં આવ્યા છે. ધનજ પોલીસ મથકના થાણેદાર અનિલ ઠાકરેના માર્ગદર્શન હેઠળ ધનજ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# જ્વેલર્સ પાસેથી નવ લાખના દાગીના લૂંટનાર આરોપી રાજસ્થાનથી પકડાયો

ચક્રવાત,ટીમ, મુંબઈ ૧

દક્ષિણ મુંબઈના કાલબાદેવીમાં દુકાન ધરાવતા ઝવેરીનો વિશ્વાસ જીતી લીધા બાદ તેની પાસેથી નવ લાખ રૂપિયાના સોનાના દાગીના ક્રેડિટ પર લીધા બાદ ઠગાઈ કરવાના કેસમાં આરોપીને રાજસ્થાનથી પકડી પાડવામાં આવ્યો હતો. એલ. ટી. માર્ગ પોલીસે ધરપકડ કરેલા આરોપીની ઓળખ ભુફારામ સલારામ માળી તરીકે થઈ હતી. બે વર્ષ અગાઉ માળીએ કાલબાદેવીના ઝવેરી સાથે ઓળખાણ કરી હતી. હોલસેલમાં સોનાના દાગીના વેચવાનો પણ વ્યવસાય કરતા ફરિયાદીને માળીએ પોતાની ઓળખાણ સોનાના વેપારી તરીકે આપી હતી.

બેથી ત્રણ વાર ફરિયાદી પાસેથી સોનું લઈને માળીએ મુદતમાં તેની રકમ ચૂકવી દીધી હતી. પરિણામે ફરિયાદીનો તેના પર વિશ્ર્વાસ બેસી ગયો હતો. ઑગસ્ટ, ૨૦૧૯માં માળીએ નવ લાખ રૂપિયાના દાગીના ક્રેડિટ પર લીધા હતા. જોકે સમયસર તેની રકમ ન ચૂકવીને દાગીના પણ પાછા આપ્યા નહોતા. ત્યાર બાદ તેનો મોબાઈલ ફોન પણ સ્વિચ ઑફ્ફ આવતો હોવાથી ઝવેરીએ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. તપાસ દરમિયાન આરોપી રાજસ્થાનમાં હોવાની માહિતી પોલીસને મળી હતી. રાજસ્થાન પહોંચેલી પોલીસે સાદા વેશમાં સંબંધિત વિસ્તારમાં નજર રાખી હતી. આખરે માળીને પકડી પાડવામાં સફળતા મળતાં તેને મુંબઈ લાવવામાં આવ્યો હતો.

# ભિવંડીમા વેરહાઉસ બિલ્ડિંગની દિવાલ ઘસી પડતા એક કામદારનું મોત : પાંચને કાટમાળમાથી બહાર કાઢ્યા



ચક્રવાત ટીમ, મુંબઈ ૧

ભિવંડીમાં વેરહાઉસવાળી એક માળની ઈમારત ધરાશાયી થઈ છે. આ અકસ્માતમાં એક વ્યક્તિનું મોત નીપજ્યું છે. ફાયર બ્રિગેડ્‌ને પાંચ લોકોને બહાર કાઢવામાં સફળતા મેળવી છે. હજુ પણ કેટલાક કામદારોના ફસાયેલા હોવાના સમાચાર છે. એનડીઆરએફની એક ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે અને બચાવ કામગીરી ચાલુ છે. ભિવંડી તાલુકાના દાપોડામાં હરિહર કમ્પાઉન્ડમાં વેરહાઉસવાળી એક માળની ઈમારત આજે સવારે ધરાશાયી થઈ હતી. દસ કામદારો બિલ્ડિંગમાં ફસાયા હોવાના અહેવાલ છે. બનાવની માહિતી મળ્યા બાદ ભિવંડી ફાયર સ્ટેશનના ૩ ફાયર વાહન સ્થળ પર પહોંચ્યા હતા. બપોર સુધી બચાવ કામગીરી ચાલુ હતી ત્યારે ફાયર ફાઈટરો પાંચ લોકોને બહાર કાઢવામાં સફળ રહ્યા હતા. જોકે, આ અકસ્માતમાં એક સિક્યુરિટી ગાર્ડનું મોત નીપજ્યું હતું. મૃતક કર્મચારીનું નામ સૌરભ ત્રિપાઠી છે. સૌરભ આ વેરહાઉસમાં સિક્યુરિટી ગાર્ડ તરીકે કામ કરતો હતો. સુનિલ કુમરા, કલ્પના પાટીલ, રોશન પગી, અક્ષય કેની અને શૈલેષ તારે ફાયર બ્રિગેડે બચાવ્યા છે. ઘાયલ કામદારોને તાકીદે આઈજીએમ હોસ્પિટલમાં ખસેડાયા છે. થાણે ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલ, થાણે ફાયર સ્ટેશન અને થાણે ડિઝાસ્ટર રિસ્પોન્સ ટીમ (ટીડીઆરએફ) સ્થળ પર મદદ માટે પહોંચી છે. તેમજ એનડીઆરએફની ટુકડી મુંબઈથી ભિવંડી આવી છે. કેટલાક કામદારો હજી પણ કાટમાળની નીચે ફસાયેલા હોવાની શક્યતાએ. બચાવ કામગીરી ચાલુ છે.

# પતિએ પોતાની પત્ની વિરુદ્ધ પુત્રીના અપહરણનો ગુનો નોંધાવતા મહિલાની અટક

ચક્રવાત ટીમ, મુંબઈ ૧

અલગ થઈ ગયેલા પતિ સાથે રહેતી નવ વર્ષની પુત્રીનું કથિત અપહરણ કરવા બદલ થાણે ક્રાઈમ બ્રાન્ચે મહિલાને તાબામાં લીધી હતી. પતિ અને ત્રણ સંતાનને છોડી ગયા વર્ષે આ મહિલા થાણેનું ઘર છોડી અલગ રહેવા જતી રહી હતી. ક્રાઈમ બ્રાન્ચ યુનિટ-૧ના સિનિયર ઈન્સ્પેક્ટર નીતિન ઠાકરેએ જણાવ્યું હતું કે આ પ્રકરણે કલવામાં રહેતા શખસે ૨૭ જાન્યુઆરીએ પુત્રી ગુમ હોવાની ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ બાદ તાત્કાલિક પોલીસે તપાસ હાથ ધરી હતી. પોલીસની ટીમે છેલ્લે બાળકી જે વિસ્તારમાં નજરે પડી હતી ત્યાંના સીસીટીવી કૅમેરાનાં ફૂટેજની તપાસ કરી હતી. તપાસમાં પોલીસની ટીમ ફરિયાદીની પત્ની સુધી પહોંચી હતી. મહિલા ગયા વર્ષની ૨૫ જૂને ઘર છોડી ગઈ હતી અને શિવડીમાં અન્ય પુરુષ સાથે રહેતી હતી. મહિલાએ પોતાની પુત્રીનું અપહરણ કર્યું હતું અને તેને મુંબઈના દારૂખાના વિસ્તારમાં લઈ ગઈ હતી. બાળકીને છોડાવવામાં આવી હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

# અનૂપ જલોટા, સાધિકા રંધાવા, મધુશ્રી, રામશંકર અને અન્ય અતિથિઓ સત્ય સાંઈ બાબાના સ્ક્રીનિંગ પર



ચક્રવાત ટીમ, મુંબઈ ૧

ભજન સમ્રાટ અનૂપ જલોટા જુહુના પીવીઆર સિનેમામાં સત્ય સાંઈ બાબાના પોશાકમાં બાયોપિક ફિલ્મ સત્ય સાઇ બાબાની વિશેષ સ્ક્રીનિંગ માટે આવ્યા હતા. કાસ્ટ અને મહેમાનોને મીડિયા સાથેની ફિલ્મ જોવા આમંત્રણ અપાયું હતું. આ કાર્યક્રમમાં ગાયકો રામ શંકર, સુનીલ પાલ, મધુશ્રી, ડો.અબ્દુલ રહેમાન વનુ, અશફાક ખોપેકર, એકતા જૈન અને અન્ય લોકોએ ભાગ લીધો હતો. ફિલ્મમાં સાધિકા રંધાવા, જેકી શ્રોફ, ગોવિંદ નામદેવ, અરૂણ બક્ષી, મુસ્તાક ખાન, મુરલી શર્મા પણ મહત્વની ભૂમિકામાં છે. સુધાકર શર્માએ બપ્પી લાહિરી, સુમિત ટપ્પુ દ્વારા રચિત ગીતો લખ્યા છે. આમાન ફિલ્મ્સના બબનરાવ ગુલાપ એ એ ક્રિએશનના બાલકૃષ્ણ શ્રીવાસ્તવ દ્વારા નિર્માણિત ફિલ્મની રજૂઆત કરી. આ ફિલ્મ સુભાષ સહગલ, અંકિતા અને નિકિતા શ્રીવાસ્તવ સહ-નિર્માતા છે. બાપ્પા લાહિરીએ ફિલ્મનું બેકગ્રાઉન્ડ મ્યુઝિક આપ્યું છે અને સચિન્દ્ર શર્માએ ફિલ્મની સ્ટોરી લખી છે. આ ફિલ્મ ૪૦૦ થી વધુ થિયેટરોમાં રિલીઝ થઈ છે. તમામ મહેમાનોએ ફિલ્મની ખૂબ પ્રશંસા કરી.હતી.

# ભાજપના ભુતપૂર્વ કોર્પોરેટરના માતાની નિર્દયતાથી હત્યા કરી શબને બાળી નાખવાનો પ્રયાસ કરાયો

ચક્રવાત ટીમ, મુંબઈ ૧

ડોમ્બિવલીના શેલરનાકા વિસ્તારમાં પતિએ તેની પત્નીનું ગળું કાપ્યા બાદ ૪૮ કલાક કરતા પણ ઓછા સમય પછી, અન્ય ૮૪ વર્ષીય વૃધ્ધ વ્યક્તિએ તેની ૮૦ વર્ષીય પત્નીને છરીથી ધકેલીને મોતને ઘાટ ઉતારી દીધો હતો. આઘાતજનક રીતે, આ નિર્દય પતિએ તેના શરીરને બાળી નાખવાની કોશિશ કરી. હતી.મૃતક મહિલાનું નામ પાર્વતી પાટીલ છે અને તે કલ્યાણ-ડોમ્બિવલી મ્યુનિસિપલ કોર્પોરેશનના ભાજપના ભુતપૂર્વ કોર્પોરેટર રમાકાંત પાટિલની માતા છે. માનપાડા પોલીસે આ કેસમાં તેના પતિ બલિરામ પાટિલની ધરપકડ કરી છે. આટલા વર્ષો પછી ખુશખુશાલ જીવન જીવ્યા પછી, જીવનમા એકબીજાની સંભાળ રાખવાની અને ભૂતકાળની યાદોને પાછા લાવવાની આ વૃદ્ધ વ્યક્તિની કૃત્યએ શહેરમાં હંગામો મચાવ્યો છે. ભાજપના ભુતપૂર્વ કોર્પોરેટર રમાકાંત પાટિલના પિતા બલિરામ પાટીલ (૮૪) તેની પત્ની, સંતાનો, પુત્રવધૂ અને પૌત્રો સાથે ડોમ્બિવલીની પૂર્વમાં ગોલવાળી ગામના બે માળના બંગલામાં રહે છે. ગત રાત્રે ૯.૧૫ વાગ્યે રાબેતા મુજબ પાર્વતી અને બલિરામ જમ્યા બાદ તેમના રૂમમાં સૂવા ગયા હતા. આ પછી, પતિ-પત્ની, હંમેશની જેમ, કંઈક બાબતે તેઓ વચ્ચે ઝઘડો થતા. ગુસ્સે ભરાયેલા બલિરામે તેની પત્નીને ગળા, પીઠ, ગળા અને કાનમાં છરી મારીને હત્યા કરી હતી. હત્યા બાદ તેણે પુરાવા નષ્ટ કરવા માટે તે જ રૂમમાં તેના શરીરને બાળી નાખવાનો પ્રયાસ કર્યા બાદ ઘરમાંથી ભાગી ગયો હતો. વહુએ તેના સાસુ-સસરાના્‌ રૂમમામાંથી ધુમાડો આવતા જોતા રૂમમાં દોડી જઈ જોતા તેની સાસુની લાશ અડધી બળેલ જોઈ હતી અને તેના ચહેરા પર તીક્ષ્ણ છરીના નિશાન સાથે પલંગ પર સૂઈ હતી. આ કેસમાં વ્હુએ કરેલી ફરિયાદના પગલે પોલીસે સ્થળ પરથી હત્યામાં વપરાયેલ તીક્ષ્ણ હથિયાર કબજે કર્યું હતું. નાયબ પોલીસ કમિશનર વિવેક પાનસરેએ માહિતી આપતા જણાવ્યું કે નિર્દય પતિ બલિરામની ધરપકડ કર્યા બાદ આગળની તપાસ ચાલી રહી છે.

# એન્ટી નાર્કોટિક્સ સેલે ૨૬ લાખની કિમતના ૧૩૦ કિલો ગાંજા સહીત પાંચ જણની અટક કરી

ચક્રવાત ટીમ, મુંબઈ ૧

મુંબઈની એન્ટી નાર્કોટિક્સ સેલની વરલી યુનિટ દ્વારા ૨૬ લાખરૂપિયાની કિમતના ૧૩૦ કિલો ગાંજા સહીત પાંચ જણની ધરપકડ કરી છે.

મુંબઈની એન્ટી નાર્કોટિક્સ સેલની વરલી યુનિટને માહિતી મળી હતી કે ૩૧ જાન્યુઆરીના રોજ એક વ્યક્તિ આંન્ધ્રપ્રદેશથી ગાંજો લઈને મુંબઈમા કુર્લા ખાતે ફિનિકસ માર્કેટ મોલ પાસે ગાંજો વેચવા આવવાનો છે.પોલિસે તે સ્થળની આસપાસ હોટલ દ્વારકા, કામાની, એલબીએસ માર્ગ કુર્લા ખાતે જાળ બિછાવીને રાખી હતી. આ ઠેકાણે પાંચ જણ મહેન્દ્ર કંપનીની કારમા આવ્યા હતા.

તેઓ શંકાસ્પદ હાલતમા એકીસાથે જોવા મળતા પોલિસે તેઓની ઝડતી લીધી હતી.પાંચેય જણ પાસેથી ૨૫.૯૯,૬૦૦/- રૂપિયાની કિમતનું ૧૨૯ કિલો ૯૮૦ ગ્રામ ગાંજો મળી આવ્યો હતો.પોલિસે કાર સહિત માલ જપ્ત કરી પાંચેય જણની અટક કરી છે. આરોપીઓ અંધેરી વેસ્ટ આંન્ધ્રપ્રદેશ સાકીનાકા અંધેરી તેમ જ ભાયંદર અને મિરારોડના રહેવાસીઓ છે.

# ઈન્સ્ટ્રાગ્રામની મિત્રતા ભારે પડી : યુવતીના ફ્લેટમાંથી યુવક દ્વારા લાખોની ચોરી કરી

ચક્રવાત ટીમ, મુંબઈ ૧

ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ (સીએ)ના ફ્લૅટમાંથી સોનાના દાગીના અને રોકડ મળી અંદાજે ૧૨.૯૦ લાખની મતા ચોરવાના કેસમાં પોલીસે સીએની પુત્રીના મિત્રની ધરપકડ કરી હતી. ઈન્સ્ટાગ્રામની મિત્રતા બાદ મુલાકાત દરમિયાન યુવતી ભૂલી ગયેલી ઘરની ચાવીનો લાભ ઉઠાવી યુવકે ફ્લૅટમાં ખાતર પાડ્યું હોવાનું પોલીસનું કહેવું છે.

કોલાબા પોલીસે ધરપકડ કરેલા આરોપીની ઓળખ શેઝાન મોહમ્મદ સલીમ અગવાન તરીકે થઈ હતી. પોલીસ કસ્ટડીમાં રહેલા આરોપીની વધુ પૂછપરછ ચાલી રહી છે. પોલીસના જણાવ્યા મુજબ દક્ષિણ મુંબઈના કોલાબા ખાતે રહેતા સીએની પુત્રીની ઓળખાણ આરોપી સાથે સોશિયલ મીડિયા ઈન્સ્ટાગ્રામ પર થઈ હતી. બન્ને વચ્ચે મિત્રતા થતાં તેમણે મુલાકાત ગોઠવી હતી. બાદમાં બન્ને જણ એકબીજાને મળતાં હતાં. આવી એક મુલાકાત દરમિયાન યુવતી તેના ઘરની ચાવીનો સેટ યુવક પાસે ભૂલી ગઈ હતી. ૨૪ જાન્યુઆરીએ યુવતીના ઘરમાં કોઈ ન હોવાની જાણકારી મળતાં યુવક ત્યાં ગયો હતો. ચાવીની મદદથી કબાટમાંથી સોનાના દાગીના અને ૬૦ હજારની રોકડ તફડાવી તે રવાના થયો હતો. ૨૭ જાન્યુઆરીએ ફરિયાદીની બહેને કોઈ કારણસર કબાટ ખોલતાં સોનાના દાગીના અને રોકડ રકમ ગુમ હોવાની જાણ થઈ હતી. ઘરના સભ્યોને પૂછતાં કોઈને કંઈ ખબર ન હોવાનું કહ્યું હતું. જોકે પુત્રી કોઈ વાત છુપાવતી હોવાનો અણસાર ફરિયાદીને જતાં તેણે વિશ્ર્વાસમાં લઈ પૂછપરછ કરી હતી. અગવાને કરેલી ચોરીની જાણ તેણે યુવતીને કરી હતી. યુવતીએ આપેલી માહિતી બાદ આ અંગે પોલીસમાં ફરિયાદ નોંધાવાઈ હતી. પોલીસે મોબાઈલ લોકેશનને આધારે ટ્રેસ કરી આરોપીને મઝગાંવમાં ડોક્યાર્ડ રોડ ખાતેના લોહારખાના પાસેથી પકડી પાડ્યો હતો. તેની પાસેથી રોકડ અને એક લાખની કિંમતનો આઈ ફોન જપ્ત કરાયો હતો.

# મુંબઈમા વડાપાવને મોંઘવારી નડી : તેલ અને બેસનના ભાવમાં વધારો થતાં લેવાયો નિર્ણય

ચક્રવાત ટીમ, મુંબઈ ૧

મુંબઈ શહેરની ઓળખ ગણાતા વડાપાવ મોંઘા થવાની શરૂઆત થઈ છે. મંદીના સમયે ૧૦થી ૧૨ રૂપિયામાં મળતા વડાપાવની કિંમતમાં વધારો જોવા મળી રહ્યો હોવાથી ભાવવધારા પર અંકુશ લાવવાની માગણી નાગરિકો સરકારને કરી રહ્યા છે. મુંબઈ શહેરમાં બ્રાન્ડેડ વડાપાવની સાથે ભજીયાની પ્લેટની કિંમતમાં બેથી પાંચ રૂપિયાનો વધારો નોંધાયો છે. રસ્તા પર હાલમાં રૂ. ૧૨માં મળતા વડાપાવ રૂ. ૧૫માં વેચાઈ રહ્યા છે. વડાપાવના મોટા વેપારીઓએ વડાપાવના ભાવ રૂ. ૨૦ કરી નાંખ્યા હોવાનું જાણવા મળ્યું હતું. છેલ્લા છ મહિનાથી ચણાના લોટના દરમાં વધારો થતાં ૧૦થી ૧૨ રૂપિયામાં વડાપાવ વેચવા પરવડતા ન હોવાનું વિક્રેતાએ જણાવ્યું હતું. અનાજના એક વેપારીએ આ અંગે જણાવ્યું હતું કે, ચણાની દાળની કિંમતમાં દિવાળી બાદ સાધારણપણે ત્રીસ ટકાનો વધારો નોંધાયો છે ત્યારે ચણાના લોટના ભાવમાં ૧૫ ટકાનો વધારો કરવામાં આવ્યો હોવાથી તેનાથી બનતા ખાદ્યપદાર્થ મોંઘા વેચાઈ રહ્યા છે, વધતી મોંઘવારીનો ફટકો સામાન્ય નાગરિકોને મોટા પ્રમાણમાં થઈ રહ્યો હોવાને કારણે સરકારને તેના પર અંકુશ લાવવો જોઈએ એવી માગણી કરવામાં આવી રહી છે.

# સંપત્તિ અને સુખના બહાને દુર્લભ માંડૂલ પ્રજાતિનાં સાપ વેચવા બદલ ગેંગની ધરપકડ



ચક્રવાત ટીમ, મુંબઈ ૧

સાંગલી જિલ્લાના કવથેમહંકાલમાં પોલીસે દુર્લભ માંડૂલ પ્રજાતિનાં સાપ વેચતી ગેંગને પકડી પાડી છે. કપાળની દાણચોરી કરવા બદલ છ લોકોની ધરપકડ કરવામાં આવી છે અને તેમની પાસેથી ત્રણ માંડૂલ સાપ ઝડપાયા છે. ધન, દૌલત અને સુખ મેળવવાની લાલચ બતાવી માંડૂલ સાપ ગેંગ દ્વારા વેચવામાં આવી રહ્યો હતો. જોકે, પોલીસને સમયસર ડીલ અંગે માહિતી મળી હતી અને દરોડા પાડ્યા હતા. સાંગલી જિલ્લાના કવથેમહંકલ શહેર નજીક પોલીસે કાળા જાદુ અને દવા બનાવવાના ઉપયોગમા લેવામા આવતા દુર્લભ માંડૂલ પ્રજાતિનાં સાપ વેચતી ગેંગની ધરપકડ કરી છે. કવતેમહંકલ પોલીસે દુર્લભ માંડુલ સાપના વેચાણના સંબંધમાં છ લોકોની ધરપકડ કરવામાં આવી છે. આ સમયે આ ટોળકી પાસેથી ૩ દુર્લભ માંડુલ પ્રજાતિના સાપ કબજે કરવામાં આવ્યા છે. તેમાંથી એકની કિંમત આશરે ૨૫ લાખ રૂપિયા છે. પોલીસે જણાવ્યું હતું કે ત્રણ માંડુલ પ્રજાતિના સાપ કુલ રૂ. ૬૦ લાખમાં વેચવાના હતા. પોલીસને બાતમી મળી હતી કે દુર્લભ પ્રજાતિના કપાળ ના સાપનો સંપત્તિ મેળવવાનોૌ હર્મ્બોગ કરીને લોકોને છેડતી કરવામાં આવી રહ્યા છે. તે પછી પોલીસે કવથેમહંકલ સ્થિત મેઘરાજ મંદિર પાસે છટકું ગોઠવ્યું હતું. પોલીસે કપાળના સાપ વેચવા સ્થળ પર આવેલા છ લોકોની ટોળકીની ધરપકડ કરી હતી. તેમના કબજામાંથી દુર્લભ માંડુલ સાપ કબજે કરવામાં આવ્યા છે, જ્યારે કવથેમહંકલ પોલીસ મથકમાં છ શખ્સો સામે વન કાયદા હેઠળ સાપનો ગેરકાયદે કબજો રાખવા અને કપટી પ્રવૃત્તિઓ કરવાના ગુના નોંધવામાં આવ્યા છે.

# કંગનાની મુશ્કેલીમા વધારો : કોર્ટે કંગના રનૌતને નોટિસ ફટકારી

## જાવેદ અખતર્રે કોર્ટમા કંગના વિરુધ્ધ માનહાનીનો કેસ કર્યો



ચક્રવાત તીમ, મુંબઈ ૧

જાણીતા લેખક જાવેદ અખ્તરે અભિનેત્રી કંગના રાનાઉત સામે માનહાનિનો દાવો કર્યો હતો કે કંગનાએ વિવિધ ઈન્ટરવ્યુમાં તેમને બદનામ કર્યા છે. હવે આ કિસ્સામાં, કંગના રનૌતની મુશ્કેલીઓ વધી રહી છે. મુંબઈ મેજિસ્ટ્રેટ કોર્ટે કંગનાને નોટિસ ફટકારી છે. થોડા દિવસ પહેલા જ કંગનાએ એક મુલાકાતમાં જાવેદ સામે ગંભીર આક્ષેપો કર્યા હતા. "એકવાર જાવેદ અખ્તરએ મને તેના ઘરે બોલાવી હતી. અને મને કહ્યું કે રાકેશ રોશન અને તેમનો પરિવાર ખૂબ મોટા લોકો છે. જો તમે તેમની પાસે માફી માંગશો નહીં, તો તમને નુકસાન થશે. તેઓ તમને જેલમાં જવુ પડશે.. તે સમયે તમારી પાસે કંઈ જ બચશે નહીં. તે સમયે તેણે આત્મહત્યા કરવી પડશે.. તેઓ કેમ વિચારે છે કે જો હું રિતિક રોશનની માફી નહીં માંગું તો મારે આત્મહત્યા કરવી પડશે. તેઓ મારા સાથે આટલા જોરથી બોલતા હતા કે મારા પગ ધ્રુજવા લાગ્યા હતા, એમ"કંગનાએ ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું. કંગનાએ જાવેદની આ રીતે અનેક વખત ટીકા કરી છે. કંગનાની બહેન રંગોલીએ પણ જાવેદ સામે સોશિયલ મીડિયા પર આવા જ આક્ષેપો કર્યા હતા. જાવેદ અખ્તરે કંગના રનૌત સામે માનહાનિનો દાવો કર્યો છે. કંગના ૨૨ જાન્યુઆરીએ પોલીસ સમક્ષ હાજર થવ્ય પડ્યુ હતુ.. કંગના રનૌતે તે બધા પર પ્રતિક્રિયા આપી હતી. કંગનાએ ટ્વીટ કર્યું હતું કે આજે સમન્સ જારી કરવામાં આવ્યું છે. જો તમે મને જેલમાં નાખો અને સતામણી કરશો તો પણ હું લડીશ, જો તમે ઈચ્છો તો મારી સામે ૫૦૦ ગુનાઓ દાખલ કરો.

# બજેટમાં વિમાની રકમ ૧ લાખથી વધારીને ૫ લાખ કરાઈ

(જી.એન.એસ)ન્યુ દિલ્હી,તા.૧

કેન્દ્ર સરકારે બજેટ ૨૦૨૧ માં બેંકોના ખરાબ દેવાઓને મેનેજ કરવા માટે એક કંપની બનાવવાની જાહેરાત કરી છે. તેમજ કેન્દ્ર સરકારે બેંક ખાતા ધારકોને મોટી રાહત આપી છે, કેન્દ્ર સરકારે વીમાની રકમ ૧ લાખ રૂપિયાથી વધારીને ૫ લાખ કરી દીધી છે. મતલબ કે જો તમે તમારા પૈસા બેંકમાં રાખશો, તો તમને ૫ લાખ રૂપિયા મળી શકશે. એટલે કે, બેંકો બંધ થવા પર ગ્રાહકોને મળતું નુકસાન ચૂકવી શકાય છે. અગાઉ બેંકમાં રાખેલા પૈસાનો વીમો એક લાખ રૂપિયા હતો, પરંતુ સરકારે તેમાં વધારો કર્યો છે. તે જ સમયે, સરકાર બેંકોના ખરાબ દેવાઓને મેનેજ કરવા માટે એક કંપની બનાવશે.

# સોના-ચાંદીના વાયદામાં સામસામા રાહ : સોનું રૂ.૮૦૧ ગબડ્યું, ચાંદીમાં રૂ.૩,૮૯૬નો ઉછાળો

ચક્રવાત ટીમ, મુંબઈ,૦૧

વિવિધ કોમોડિટી વાયદા, ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં મળીને પ્રથમ સત્રમાં એમસીએક્સ પર ૩૬૭૬૧૪ સોદામાં રૂ.૨૯૨૨૧.૨૩ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાના ભાવમાં સામસામા રાહ હતા. સોનાનો વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૮૦૧ ગબડ્યો હતો, જ્યારે ચાંદીનો વાયદો કિલોદીઠ રૂ.૩,૮૯૬ ઊછળ્યો હતો. બિનલોહ ધાતુઓમાં મિશ્ર વલણ હતું. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને નેચરલ ગેસ બંને વધી આવ્યા હતા. કૃષિ કોમોડિટીઝમાં કપાસ, કોટન, સીપીઓ, રબરમાં સાર્વત્રિક સુધારાનો સંચાર થયો હતો, જ્યારે મેન્થા તેલમાં નરમાઈ વાયદાના ભાવમાં રહી હતી. કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં કુલ ૨૯૩૩૦૭ સોદાઓમાં રૂ.૨૨૩૭૪.૭૮ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૪૯૩૭૦ ખૂલી, ઊપરમાં રૂ.૪૯૪૦૦ અને નીચામાં રૂ.૪૭૨૦૦ ના મથાળે અથડાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૮૦૧ ઘટીને રૂ.૪૮૨૯૫ બંધ રહ્યો હતો. ગોલ્ડ-ગિની ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ.૫૧૯ ઘટીને ૮ ગ્રામદીઠ રૂ.૩૮૯૪૭ અને ગોલ્ડ-પેટલ ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ.૭૪ ઘટીને ૧ ગ્રામદીઠ રૂ.૪૮૩૮ થયા હતા, જ્યારે સોનું-મિની ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૮૨૬ ઘટીને બંધમાં રૂ.૪૮૨૮૫ ના ભાવ રહ્યા હતા. ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ.૭૧૬૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૭૪૪૨૬ અને નીચામાં રૂ.૭૧૬૫૦ ના સ્તરને સ્પર્શી પ્રથમ સત્રનાં અંતે રૂ.૩૮૯૬ વધીને રૂ.૭૩૬૦૨ બંધ રહ્યો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી રૂ.૩૭૫૦ વધીને રૂ.૭૩૪૧૮ અને ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી રૂ.૩૭૫૭ વધીને રૂ.૭૩૪૧૧ બંધ રહ્યા હતા. એનર્જી સેગમેન્ટમાં કુલ ૪૩૬૧૪ સોદાઓમાં રૂ.૨૦૯૭.૯૯ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ.૩૮૪૭ ખૂલી, ઊપરમાં રૂ.૩૮૬૫ અને નીચામાં રૂ.૩૮૨૫ બોલાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૩૫ વધીને રૂ.૩૮૫૫ બંધ રહ્યો હતો. કૃષિ કોમોડિટીઝમાં ૫૭૭૨ સોદાઓમાં કુલ રૂ.૭૮૩.૪૯ કરોડનાં કામકાજ થયાં હતાં. કોટન ફેબ્રુઆરી વાયદો ગાંસડીદીઠ રૂ.૨૧૧૦૦ ખૂલી, ઊપરમાં રૂ.૨૧૨૪૦ અને નીચામાં રૂ.૨૦૯૮૦ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૪૦ વધીને રૂ.૨૧૦૯૦ ના સ્તરે બંધ રહ્યો હતો. સીપીઓ ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ.૯૭૪.૯ ખૂલી, પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૦.૮ વધીને બંધમાં રૂ.૯૮૦.૧ ના ભાવ હતા, જ્યારે મેન્થા તેલ ફેબ્રુઆરી વાયદો કિલોદીઠ રૂ.૯૭૪.૧ ખૂલી, ઊપરમાં રૂ.૯૭૬.૫ અને નીચામાં રૂ.૯૫૭ રહી, અંતે રૂ.૯૬૯.૨ બંધ રહ્યો હતો. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ રૂ.૧૧૯૭ ખૂલી, ઊપરમાં રૂ.૧૨૦૭ અને નીચામાં રૂ.૧૧૯૫ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૭ વધીને રૂ.૧૧૯૬.૫ ના સ્તરે બંધ રહ્યો હતો. રબરનો ફેબ્રુઆરી વાયદો ૧૦૦ કિલોદીઠ રૂ.૧૫,૩૯૦ના ભાવે ખૂલી, ઊપરમાં રૂ.૧૫,૪૭૯ અને નીચામાં રૂ.૧૫,૩૬૦ના મથાળે અથડાઈ, અંતે રૂ.૯૦ વધી બંધમાં રૂ.૧૫,૪૪૪ના ભાવ થયા હતા. વાયદાઓમાં કામકાજની દષ્ટિએ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વિવિધ વાયદાઓમાં મળીને ૭૦૩૯૪ સોદાઓમાં કુલ રૂ.૧૧૪૭૪.૪૪ કરોડ ની કીમતનાં ૨૩૭૧૪.૩૩ કિલો, ચાંદીના વિવિધ વાયદાઓમાં મળીને ૨૨૨૯૧૩ સોદાઓમાં કુલ રૂ.૧૦૯૦૦.૩૩ કરોડ ની કીમતનાં ૧૪૮૩.૫૩૯ ટન, ક્રૂડ તેલમાં ૧૪૬૪૬ સોદાઓમાં રૂ.૮૨૭.૨૪ કરોડનાં ૨૧૫૧૬૦૦ બેરલ્સ.

# મુંબઈ-નાસિક હાઈવે પર કાર અને ખાનગી બસનું અકસ્માત : ચાર જણના મોત

ચક્રવાત ટીમ, મુંબઈ ૧

મુંબઈ-નાસિક હાઈવે પર કાર અને ખાનગી બસ વચ્ચે થયેલ અકસ્માતમા ચાર લોકોના મોત નીપજ્યાં. આ અંગે કોનગાંવ પોલીસ સ્ટેશનમાં અકસ્માતની બાબતે નોંધ કરવામા આવી છે. ગોકુલ મધુકર ગ્વાટે (૨૯), રા. પિંપલગાંવ સિન્નર, નાસિક, પંકજ ભગીરથ જાવડે (૨૯), રા. અહમદનગર, જ્વાલા વિજય બહાદુરસિંહ (૨૭), રા. નાસિક, ગૌરવ સુધીરસિંઘ (૨૭), રા. નાસિક એ મૃતકનું નામ છે.

મુંબઈ-નાસિક હાઈવે પર ભિવંડી તાલુકાના પિંપલાસ પાસે આજે સવારે નાસિકથી મુંબઈ જઈ રહેલી એક કાર સ્પીડમા જઈ રહી હતી. તે સમયે જ પિંપલાસ ગામની સીમમાં પહોંચતાં જ ડ્રાઈવરે કારનો કાબૂ ગુમાવ્યો હતો અને કાર રસ્તાના ડિવાઈડર પર મળી આવી હતી અને સામેની દિશામાં ફેંકાઈ ગઈ હતી. તે જ સમયે, મુંબઈથી નાસિક તરફ જતી એક ખાનગી બસ કાર સાથે ટકરાઈ હતી. આ અકસ્માત એટલો ભયાનક હતો કે કાર ક્રેશ થતાં કારમાં સવાર ચાર લોકોનાં મોત નીપજ્યાં હતાં. દરમિયાન, અકસ્માતમાં માર્યા ગયેલા લોકોના નામ ગોકુલ મધુકર ગ્વાટે (૨૯), રા. પિંપલગાંવ સિન્નર, નાસિક, પંકજ ભગીરથ જાવડે (૨૯), રા. અહમદનગર, જ્વાલા વિજય બહાદુરસિંહ (૨૭), રા. નાસિક, ગૌરવ સુધીરસિંઘ (૨૭), રા. હોવાનું જાણવા મળે છે.પોલીસ દ્વારા મૃતદેહને અંતિમ ઈન્દિરા ગાંધી હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યા છે.

### બજેટ એક ચૂંટણી માટેનું જાહેરનામુ છે, સરકારી સંપત્તિ વેચવાનું સંકલ્પ પત્ર!: બાળાસાહેબ થોરાટ

# બજેટથી ખેડુતો, મજૂરો, યુવાનો, સેવકો અને મધ્યમ વર્ગ પણ નિરાશ

### મહારાષ્ટ્ર પર મોદી સરકાર દ્વારા અન્યાય કરવામાં આવે છે જે સૌથી વધુ વેરો ચૂકવે છે

ચક્રવાત મુંબઈ ૧ ફેબ્રુઆરી

મોદી સરકારનું આજનું બજેટ જે રાજ્યોમાં ચૂંટણી થઈ રહી છે ત્યાં વિકાસ યોજનાઓની ઘોષણા કરવાની નવી પદ્ધતિ લઈને આવી છે. આ બજેટ દર્શાવે છે કે કેન્દ્રોની રાજનીતિની નીતિ છે કે જે રાજ્યોમાં ચૂંટણી ન હોય ત્યાં કંઈ ન આપવું. આ સરકારે બજેટને ચૂંટણી ઢંઢેરો બનાવ્યું છે. નાણામંત્રીનું આજનું બજેટ ભાષણ સાંભળ્યા પછી, તે ચૂંટણીનું જાહેરનામુ હતુ.. કે, શું તે સરકારી સંપત્તિ વેચવાનો ઠરાવ છે કે કેમ, તે સવાલ ઉભો થયો છે, તેમ મહારાષ્ટ્ર પ્રદેશ કોંગ્રેસ સમિતિના અધ્યક્ષ અને મહેસૂલ પ્રધાન બાલાસાહેબ થોરાતે જણાવ્યું હતું. આજના બજેટ અંગે મીડિયા સાથે વાત કરતા થોરાટે વધુમાં કહ્યું કે દેશના ઈતિહાસમાં બજેટ માળખાગત વિકાસ પ્રોજેક્ટની જાહેરાત કરતું હતું. સિત્તેર વર્ષોમાં, ઘણા પ્રોજેક્ટ્સ આમાંથી ઉભા કરવામા આવ્યા છે. જોકે, આજના બજેટથી નાણાં પ્રધાને આ તમામ પ્રોજેક્ટ વેચીને સ્વનિર્ભર ભારતની ખોટી ઘોષણા કરી છે. આઝાદી પછી, મોદી સરકારે કોંગ્રેસ સરકાર દ્વારા સ્થપાયેલી નફાકારક જાહેર ક્ષેત્રની કંપનીઓને વેચવાનું નક્કી કર્યું છે. નાણાં પ્રધાને ખુદ પોતાના ભાષણમાં મહોર મારી દીધી છે કે મોદી કહેતા હતા કે તેઓ દેશ વેચશે નહીં. સરકાર એરપોર્ટ, હાઈવે, પાવર લાઈન, રેલ્વે માલવાહક લાઈનોના કેટલોક ભાગો, સરકારી વેરહાઉસ, ગેઈલ, ઈન્ડિયન ઓઈલ પાઈપલાઈન્સ અને સ્ટેડિયમ વેચશે. તેમજ દેશના સાત બંદરો ખાનગી કંપનીઓને સોંપવામાં આવશે. દેશની સંપત્તિ અને સુરક્ષા ખાનગી કંપનીઓને વેચી દેવામાં આવી છે.આજની તારીખે, એલઆઈસી ભારતીય નાગરિકો માટે સલામત રોકાણનું માધ્યમ રહ્યું છે. આજે બજેટમાં એલઆઈસીના વેચાણની ઘોષણા કરવામાં આવી છે. આનાથી લાખો લોકોનું ભવિષ્ય અંધકારમય બન્યું છે જેઓ તેમના ભાવિને આરામદાયક અને સલામત બનાવવા માટે એલઆઈસીમાં રોકાણ કરે છે. સરકાર દ્વારા બિનઆયોજિત લોકડાઉનને કારણે અબજો લોકો બેરોજગાર થઈ ગયા છે. આ બજેટ આવવાની અપેક્ષા રાખી હતી,પરંતુ નાના ઉદ્યોગો માટે નાણામંત્રીએ તેના વિશે એક પણ શબ્દ બોલ્યા નહીં. સરકાર દ્વારા જીએસટીના અતિરેક દરમાં ઘટાડો કરવાની અપેક્ષા રાખવામાં આવી હતી, પરંતુ તે દરોમાં ઘટાડો થયો નથી. આ સામાન્ય ગરીબોની સાથે એક મોટી છેતરપિંડી કરવામા આવી છે. પરિણામે મોંઘવારી વધતી રહેશે. કોરોના કટોકટી દરમિયાન, મોદી સરકારના અચાનક કોઈ આયોજનમાં લોકડાઉન થતાં અર્થતંત્રનું ચક્ર ઉલટું થઈ ગયું હતું, જેના કારણે કરોડો લોકો બેરોજગાર થઈ ગયા. લાખો પરિવારો રસ્તાઓ પર ઉતરી ગયા છે. રાહુલ ગાંધીએ માંગ કરી હતી કે આ ગરીબ લોકોને ન્યાય યોજના દ્વારા ગરીબોના ખાતામાં રોકડ આપવામાં આવે. તેનાથી અર્થવ્યવસ્થાને વેગ મળ્યો હોત. કેન્દ્ર સરકારે આ સંદર્ભમાં સકારાત્મક નિર્ણય લેવાની અપેક્ષા રાખવામાં આવી હતી પરંતુ સરકારે ગરીબોને નિરાશ કર્યા છે.. બિહારની ચૂંટણી પ્રચાર દરમિયાન નાણાં પ્રધાન નિર્મલા સીતારામને બિહારમાં ભાજપ સત્તા પર આવ્યા ત્યારે મફત કોરોના રસીની જાહેરાત કરી હતી. આજે બજેટમાં દેશવાસીઓને મફત કોરોના રસી જાહેર કરવાની અપેક્ષા હતી પરંતુ સરકારે દેશને નિરાશ કર્યો. આ બજેટમાંથી મહારાષ્ટ્ર અને મુંબઈને કંઈ મળ્યું નથી. આનાથી ફરી એકવાર મહારાષ્ટ્ર પર વેરની ભૂમિકા જોવા મળી, જેણે દેશના વિકાસમાં સૌથી મોટો ફાળો આપ્યો છે. મહારાષ્ટ્ર વેરાના રૂપમાં કેન્દ્રને સૌથી વધુ રકમ ચૂકવે છે પરંતુ બજેટમાંથી મહારાષ્ટ્રને કંઈ મળ્યું નથી. કેન્દ્ર સરકારે આવકવેરાની મર્યાદાનો ઉલ્લેખ ન કરતાં મજૂર વર્ગને નિરાશ કર્યા છે. થોરાટે જણાવ્યું હતું કે, બજેટમાં ખેડુતો, મજૂરો, મજૂરો, યુવાનો અને મહિલાઓ સહિત મધ્યમ વર્ગને નિરાશ કર્યા છે.

# ઓઢણીએ એક બીજાના હાથ બાંધી ૧૨ વર્ષની બાળકી સહિત માતા-પિતાની નદીમાં આત્મહત્યા



ચક્રવાત ટીમ, મુંબઈ ૧

નાગપુર જિલ્લાના અંભોરામાં વૈંનગંગા નદીમાં કૂદીને એક દંપતીએ તેમની ૧૨ વર્ષની પુત્રી સાથે મળીને આત્મહત્યા કરી લીધી હતી. આઘાતજનક વાત એ છે કે આત્મહત્યા કરતા પહેલા ત્રણેય એક બીજાના હાથ ઓઢણીથી બાંધી દીધા હતા. રવિવારે નાગપુર જિલ્લાના અંભોરામાં વૈંનગંગા નદીના પટ્ટમાં એક દંપતીએ તેમની પુત્રી સાથે મળી આત્મહત્યા કરી હતી. શ્યામ ગજાનન નારનવરે (૪૬) સવિતા શ્યામ નારનવર્રે (૩૫) અને કુ. સમિતા સમીક્ષા શ્યામ નારનવર્રે (૧૨) એ ત્રણેય મૃતકોનું નામ છે. આ દંપતી વાઠોડાના અનમોલ નગરના રહેવાસી હતા. તે પ્રકાશમાં આવ્યું છે કે શ્યામ નારણવેર સંત જગનાડે મહારાજ સહકારી મંડળીમાં કેશિયર છે. નદીના કિનારા પાસે ટુ વ્હીલર પાર્ક થતાં સ્થાનિકોને કંઈક થયુ હોવાની શંકા જતા તેઓએ પોલીસને જાણ કરી હતી. . પોલીસ ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને નદીના તટમાં મહિલાની લાશ મળી હતી. પોલીસે સ્થાનિકોની મદદથી લાશને બહાર કાઢી હતી. જ્યારે ત્રણેયના મૃતદેહને બહાર કાઢવામાં આવ્યા, ત્યારે બધાને આઘાત લાગ્યો. ત્રણેય હાથ જોડાયેલા હતા. આથી, પોલીસે સામૂહિક આપઘાત કર્યો હોવાનું પ્રાથમિક અંદાજ આપ્યો છે. જાણવા મળ્યું છે કે શ્યામ નારણવેર છેલ્લા કેટલાક દિવસોથી તણાવમાં હતા. જોકે મોતનું કારણ હજી સ્પષ્ટ નથી. આ સંદર્ભે વેલતુર પોલીસ મથકે અકસ્માત મોતનો કેસ નોંધવામાં આવ્યો છે. દરમ્યાનમાં ૧૨ વર્ષીય યુવતી સહિત ત્રણ લોકોએ આત્મહત્યા કરી લીધી છે, આ વિસ્તારમાં શોકનું વાતાવરણ ફેલાયુ છે.

# આણંદમાં ફ્રન્ટલાઈન કોરોના વોરિયર્સનું કોરોના વેક્સીનેસન

### સર્વ પ્રથમ આણંદ જિલ્લા કલેક્ટર આર.જી.ગોહીલે કોરોના વેક્સીન લીધી



ચક્રવાત ટીમ, તા.૦૧

આણંદ જિલ્લામાં સરકારી સેવાના ફ્રન્ટ લાઈન કોરોના વોરિયર્સ અને જિલ્લાના વરિષ્ઠ અધિકારીઓને કોરોના વેકસીન આપવાનો આજથી જિલ્લાભરમાં પ્રારંભ થયો હતો. જિલ્લા કલેક્ટર આર.જી.ગોહિલે સ્વયમ સર્વ પ્રથમ વિધાનગર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે વેકસીન લીધી હતી વેકસીન લીધા બાદ કલેક્ટર આર.જી. ગોહિલે સૌ નાગરિકોને સંદેશ આપતા જણાવ્યું હતું કે, આ કોરોના વેકસીન સંપૂર્ણ સલામત છે, કોઈ આડ અસર નથી અને કોઈ ચિંતાનું કારણ પણ નથી અને કોરોના સામે રક્ષણ મેળવવા વેકસીન લેવી જરૂરી પણ છે. આણંદ જિલ્લામાં પહેલા તબીબોને વેકસીન આપવામાં આવી હતી જેના પરિણામો સફળ રહ્યા છે કલેક્ટરએ વધુમાં જાહેર જનતાને અપીલ કરતા જણાવ્યું કે રસી લીધા બાદ ૪૫ મીનીટ બાદ કોઈ આડ અસર થઈ નથી તેમ જણાવી સમગ્ર જિલ્લાની જનતાએ જ્યારે પોતાનો વારો આવે ત્યારે આ વેકસીન લેવી જોઈએ. આ વેકસીન સલામત છે જેથી કોઈ જ આડ અસર નથી .જ્યારે વારો આવે ત્યારે વેકસીન લેવામાં કોઈપણ પ્રકારના ગભરાટ કે શંકા માં આવ્યા વગર વેકસીન લેવા કલેક્ટરએ નાગરિકોને અનુરોધ કર્યો હતો. કોવિડ–૧૯ રસીકરણ કાર્યક્રમ મુજબ જિલ્લા વિકાસ અધિકારી આશિષ કુમાર, અધિક કલેક્ટર પી.સી.ઠાકોર, ગોપાલ બામણિયાએ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર વિદ્યાનગર ખાતે કોરોનાની રસી લઈને આ અભિયાનની શરૂઆત કરવામાં આવી હતી, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર વિદ્યાનગર ખાતે ડો.રાજેશ પટેલે સૌનું સ્વાગત કર્યું હતું.

# એબીપીએસએસના ઉના-ગીરગઢડા પત્રકાર સંઘની નવનિયુક્ત રચના કરવામાં આવી



ચક્રવાત ટીમ ગીર સોમનાથ, તા.૦૧

અખીલ ભારતીય પત્રકાર સુરક્ષા સમિતી (ABPSS) એ ભારતનુ પત્રકારોનુ સૌથી મોટુ અને દિલ્હીથી રજીસ્ટ્રેશન થયેલ સંસ્થા છે જેમા ગીર સોમનાથ જીલ્લા ના ઉના-ગીરગઢડા પત્રકાર સંઘની નવનિયુક્ત રચના કરવામા આવી જેમા ગીર સોમનાથ જીલ્લાના પ્રભારી દિપકભાઈ કકકડ, જીલ્લા પ્રમુખ મિતેષભાઈ પરમાર, વેરાવળ પ્રમુખ અતુલભાઈ કોટેચા, જીલ્લા મંત્રી તુલસીભાઈ કારીયા, જીલ્લા આઈટી સેલના કન્વીનર મહેન્દ્ર ટાંક સહીતની ઉપસ્થિતમા ઉના-ગીર ગઢડા પત્રકાર સંઘના પ્રમુખ તરીકે (જી ૨૪ કલાક ના રીપોર્ટર) રજનીભાઈ કોટેચા તેમજ ઉપપ્રમુખ તરીકે મહેશભાઈ બાંભણીયા, હમીરસિહ તેમજ મંત્રી તરીકે ચીંતનભાઈ ગઢીયા, સહમંત્રી તરીકે ભાવેશભાઈ ઠાકર (સંદેશ ન્યુઝ)ની કરવામા આવેલ છે.

# વાંકાનેર : રાજવડલા ગામેથી જાહેરમાં જુગાર રમતા ચાર ઝડપાયા

ચક્રવાત ટીમ વાંકાનેર, તા.૦૧

વાંકાનેર પોલીસને મળેલ ચોક્કસ ખાનગી બાતમીના આધારે વાંકાનેર તાલુકાના રાજાવડલા ગામ ખાતેથી જાહેરમાં જુગાર રમતા ચાર શખ્સોની પોલીસે ધરપકડ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી. બનાવની પ્રાપ્ત વિગતો મુજબ વાંકાનેર તાલુકાના રાજવડલા ગામના ઝાંપા પાસેની શેરીમાં પોલીસે ચોક્કસ ખાનગી બાતમીના આધારે દરોડો પાડી જુગાર રમતા પ્રવિણભાઈ મેરૂભાઈ દેત્રોજા, રાજુભાઈ ગાંડુભાઈ દલસાણીયા, ગોવીંદભાઈ ખેંગારભાઈ ગમારા, દિનેશભાઈ ઉર્ફે હકાભાઈ પ્રેમજીભાઈ દેત્રોજાને ઝડપી લીધા હતા જ્યારે પોલીસની આ રેડમાં રાજુભાઈ લાખાભાઈ શીહોરા, દર્શીત રમેશભાઈ ભોરણીયા ફરાર થઈ ગયા હતા જેથી પોલીસે જુગાર રોકડ રકમ રૂ.૨૪,૫૦૦ સાથે ચાર આરોપીઓ ધરપકડ કરી છ શખ્સો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# વાંકાનેર તાલુકામાં ૨૪,૬૫૫ બાળકોને પલ્સ પોલીયો રસી અપાઈ

ચક્રવાત ટીમ વાંકાનેર, તા.૦૧

આજે સમગ્ર ગુજરાતમાં પલ્સ પોલીયો રસીકરણ અભિયાન અંતર્ગત વાંકાનેર તાલુકાનાં ૦ થી પાંચ વર્ષની ઉંમરના ૨૪,૬૫૫ જેટલા બાળકોને પોલીયો રસીના ટીપાં પીવડાવવામાં આવ્યાં હતાં જેમાં સૌથી સારી કામગીરી પીપળીયારાજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દ્વારા કરવામાં આવી હતી. આ સાથે જ વાંકાનેર શહેર વિસ્તારમાં રહેતા ૫,૨૬૭ બાળકોને પણ આ રસીકરણ અભિયાનમાં આવરી લેવામાં આવ્યા હતા. પલ્સ પોલીયો રસીકરણ અભિયાન અંતર્ગત બાકી રહી ગયેલ બાળકોને આવતી કાલ અને ત્રીજા દિવસે ઘરે ઘર પહોંચી અને પોલીયોના ટીપાં પીવડાવવાનું આયોજન પણ આરોગ્ય વિભાગ દ્વારા કરવામાં આવ્યું છે. વાંકાનેર તાલુકામાં પલ્સ પોલીયો રસીકરણ અભિયાનને સફળ બનાવવા સઘન મોનીટરીંગ અને સુપરવિઝન સાથે તાલુકા બ્લોક હેલ્થ ઓફિસર ડો. આરીફ શેરસીયા અને મોરબી જીલ્લા મુખ્ય આરોગ્ય અધિકારી ડો. જે. એમ. કતીરાએ ભારે જહેમત ઉઠાવી હતી.

# મહીસાગર LCBએ ૧.૩૨ લાખના દારૂ સાથે ૧ ઝડપ્યો

ચક્રવાત ટીમ મહીસાગર, તા.૦૧

મહીસાગર એલસીબીના પો.ઈન્સ વી.ડી ધોરાડા સહિત સ્ટાફના માણસો સરકારી તથા ખાનગી વાહનમાં લુણાવાડા થી સંતરામપુર તરફ પેટ્રોલિંગમા નીકળેલા હતા.ત્યારે બાતની મળેલ હતી કે એક સફેદ કલરની સ્કોડા ગાડીની ડીકીમાં દારૂ ભરીને ઝાલોદ થી લુણાવાડ તરફ આવે છે.બાતનીના આધારે બાયપાસ સંતરામપુર રોડ પર એલસીબી દ્વારા વોચ ગોઠવામાં આવી હતી.તે દરમિયાન બાતનીવારી ગાડી આવતા તેને રોકી ચેક કરતા ભારતીય બનાવટનો વિદેશી દારૂ મળી આવયો હતો.૧.૩૨ લાખના દારૂ સાથે ગાડી ચાલકને જડપી પાડવામાં આવ્યો હતો.સંતરામપુર પોલીસ સ્ટેશનમા ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# બજેટ રજૂ કરતા જ નાણાંમંત્રી સીતારમણે નવો રેકોર્ડ બનાવ્યો

(જી.એન.એસ)ન્યુ દિલ્હી,તા.૧

નાણા મંત્રી નિર્મલા સીતારમણ કોરોના કાળમાં પ્રથમ વખત બજેટ રજૂ કર્યું હતું. તેઓ ત્રીજી વખત બજેટ રજૂ કરી રહ્યા છે. બજેટ રજૂ કરવાની સાથે જ તેમના નામે એક અનોખો રેકોર્ડ નોંધાઈ ગયો છે.નિર્મલા સીતારમણ દેશના પ્રથમ પૂર્ણકાલિન મહિલા નાણા મંત્રી છે. આ પહેલા પ્રધાનમંત્રી તરીકે ઈન્દિરા ગાંધી પણ નાણા મંત્રાલય સંભાળી ચુક્યા છે.

નિર્મલા સીતારમણનો જન્મ તમિલનાડુમાં થયો છે અને લગ્ન આંધ્રપ્રદેશમાં થયા છે.૧૯૮૦માં તેમણે જેએનયૂથી એમએ કર્યુ અને પછી ગ્રેટ ફ્રેમવર્કની અંદર ભારત-યૂરોપ ટેક્સટાઈલ વેપાર પર પીએચડી કરી છે. તેમણે લંડનમાં પ્રાઈસવોટર હાઉસકૂપર્સ રિસર્ચમાં કામ કર્યુ. જ્યાંથી થોડા વર્ષ પછી પતિ સાથે હૈદરાબાદ પરત ફર્યા બાદ એક શાળા અને પબ્લિક પૉલીસી સંસ્થા ખોલી હતી.

# મહીસાગર જિલ્લામાં બીજા તબકકામાં ફ્રન્ટલાઈન કોરોના વોરિયર્સને વેકિસન આપવાનો પ્રારંભ



ચક્રવાત ટીમ લુણાવાડા, તા.૦૧

કોરોના વાયરસના સંક્રમણનો અંત લાવવા દેશ અને ગુજરાતમાં કોરોના રસીકરણનું મહાઅભિયાન ચાલી રહ્યું છે. આ અભિયાન અંતર્ગત મહીસાગર જિલ્લામાં હેલ્થ કેર પ્રોવાઈડર્સને રસીકરણ બાદ કોરોના પ્રતિરોધક વેકિસનેશનના બીજા તબકકાનો પ્રારંભ થઈ ચૂકયો છે. આ અભિયાન અંતર્ગત સરકારી સેવાના ફ્રન્ટ લાઈન કોરોના વોરિયર્સ અને જિલ્લાના વરિષ્ઠ અધિકારીઓને કોરોના વેકિસન આપવાનો આજથી જિલ્લાભરમાં પ્રારંભ થતાં જિલ્લા કલેક્ટર આર. બી. બારડે લુણાવાડા ખાતે વેકિસન સેન્ટર ઉપર જઈને રસી મૂકાવીને જિલ્લાના નાગરિકોને પ્રેરક સંદેશો આપ્યો હતો. કલેક્ટર બારડે વેકિસનેશનનું કવચ ગ્રહણ કર્યા બાદ જિલ્લાના નાગરિકોને આ કોરોના વેકસીન સંપૂર્ણ સલામત છે, કોઈ આડઅસર નથી અને કોઈ ચિંતાનું કારણ પણ નથી અને કોરોના સામે રક્ષણ મેળવવા વેકસીન લેવી જરૂરી હોઈ જયારે આપણો વેકિસનેશન માટેનો વારો આવે ત્યારે વેકિસનેશન કરાવી લેવાની અપીલ કરી હતી. કલેકટરએ જિલ્લામાં પ્રથમ તબકકામાં આરોગ્યના ૫૫૦૦થી વધુ ફ્રન્ટલાઈન કોરોના વોરિયર્સ રસીનું કવચ ગ્રહણ કરી ચૂકયા છે. જેઓને કોઈ આડઅસર થયેલ નથી. અને આજે બીજા તબકકામાં મહેસુલી, પોલીસ, નગરપાલિકા, ડીઝાસ્ટર મેનેજમેન્ટ જેવા વિભાગના અધિકારીઓ-કર્મચારીઓને રસી મૂકવામાં આવી રહી હોવાનું જણાવી જિલ્લા-તાલુકાના તમામ ઉચ્ચ અધિકારીઓ-કર્મચારીઓ આ અભિયાનમાં સહભાગી બની રસી મૂકાવી રહ્યા હોવાનું કહ્યું હતું.

# ધ્રાંગધ્રામા કોરોના વોરીયર્સ દ્વારા બીજા તબક્કાની કોરોના વેક્સીનની રસી મુકાવી



ચક્રવાત ટીમ ધ્રાંગધ્રા, તા.૦૧

દેશ અને દુનિયામાં હાહાકાર મચાવનાર કોરોના વાયરસને નાથવા કોરોના વેક્સીનની શોધ ભારત દેશ દ્વારા કરાઈ છે ત્યારે એક બાદ એક તમામ સરકારી અધિકારીઓ અને દેશના નાગરીકોને કોરોના વેક્સીનનો ડોઝ આપવાની પણ શરુવાત થઈ ચુકી છે ત્યારે હાલ રાજ્યમા બીજા તબક્કાનુ રસીકરણ શરુ થતા સુરેન્દ્રનગર જીલ્લાના ધ્રાંગધ્રા તાલુકામા તમામ ઉચ્ચ અધિકારીઓએ કોરોના વેક્શીનનો ડોઝ લીધો હતો. સરકારી હોસ્પીટલ ખાતે પોલીસ જવાનો, સેવા-સદન કચેરીના સ્ટાફ સહિતના અધિકારીઓ દ્વારા કોરોના વાયરસને ખતમ કરવાની રસી મુકાવાઈ હતી. જેમા નાયબ પોલીસ અધિક્ષક, ડે.કલેક્ટર, મામલતદાર સહિતના કોરોના વોરીયર્સ સ્વૈચ્છીક કોરોના વેક્શીનનો ડોઝ લઈ અન્ય લોકોને પણ ઉદાહરણ પુરુ પાડ્યુ હતુ.

# હડીયાણામાં પોલીયો રસીકરણ કરવામાં આવ્યું



ચક્રવાત ટીમ હડિયાણા, તા.૦૧

ગુજરાત રાજ્ય સરકારની ગાઈડ લાઈન મુજબ પલ્સ પોલિયો રસીકરણ અભિયાન અંતર્ગત સમગ્ર ગુજરાતમાં આરોગ્ય વિભાગ દ્વારા ૦ થી ૫ વર્ષ સુધીના બાળકોને પોલિયોના ટીપા પીવડાવીને પોલિયો મુક્તિ કરવાની સરકારની આ યોજનામાં આજે હડિયાણા પ્રા. આ. કેન્દ્ર ખાતે જોડિયા તાલુકા હેલ્થ ઓફીસસર ડો. અલ્તાફ મલેક સાહેબના વરદ હસ્તે બાળકને પોલિયોના ટીપા પીવડાવીને શુભારંભ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે હડિયાણા પ્રા. આ.કેન્દ્રના મેડિકલ ઓફીસ સર ડો.અભિષેક મોરી સાહેબ. અને પ્રા. આ.કેન્દ્રના સ્ટાફ નર્સ. આગણવાડીનો સ્ટાફ અને હોસ્પિટલનો સ્ટાફ હાજર રહ્યા હતા.

# હડીયાણામાં ફ્રન્ટલાઈન કોરોના વોરીયર્સને વેક્સીનેશન



ચક્રવાત ટીમ હડિયાણા, તા.૦૧

જોડિયા તાલુકા પંચાયત કચેરી ખાતે સરકારની ગાઈડ લાઈન મુજબ દેશમાં લાંબા સમયથી ભયંકર કોરોનાની મહામારીનો સામનો કરી રહ્યા છીએ ત્યારે હાલમાં થોડા સમયમાં કોરોનાને નાબૂદ કરવાના પ્રયાસોને વેગ મળ્યો છે ત્યારે દેશ ભરમાં બીજા રાઉન્ડમાં કલાસ વન અધિકારીઓને કોરોના વેકસીન આપવાનું શરૂ કરવામાં આવ્યું છે. તો જોડિયા તાલુકા વિકાસ અધિકારી કુ.માધુરીબેન પટેલ અને તેમના તમામ કર્મચારીઓને કોરોના વેકસીન આપવામાં આવેલ છે.

# જોડિયા પોલીસ સ્ટેશનમાં કોરોના વેક્સિનેશન કરવામાં આવ્યું



ચક્રવાત ટીમ જોડિયા, તા.૦૧

જોડિયા ગામે બીજા તબક્કાના કોરોના વેકસીનેસનમાં જોડિયા પોલીસ સ્ટેશનમાં ના PSI એમ.આર. વાળા સાહેબ અને તમામ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા કર્મચારીઓએ કોરોના વેકસીન લેવામાં આવ્યા હતા.

# ભૂતપૂર્વ બોલર અનીલ કૂંબલેની મિમિક્રી કરતો જોવા મળ્યો બૂમરાહ



(જી.એન.એસ.)ચેન્નાઇ,તા.૩૧

ટીમ ઈન્ડિયાએ ઈંગ્લેન્ડ વિરુદ્ધ ૫ ફેબ્રુઆરીથી ટેસ્ટ સિરીઝ રમવાની છે.આ પહેલા ફાસ્ટ બોલર્સ જસપ્રીત બુમરાહ લેગ સ્પિન પર કામ કરી રહ્યાં છે. શનિવારે બીસીસીઆઈએ બુમરાહનો એક વીડિયો શેર કર્યો. જેમાં તે ભારતના પૂર્વ સ્પિનર અનિલ કુંબલેના એક્શનથી લેગ સ્પિન બોલિંગ કરતા જોવા મળી રહ્યાં છે. કુંબલેએ પણ આ વીડિયો અંગે પ્રતિક્રિયા આપી. તેમણે કહ્યુ કે, 'વેલ ડન બૂમ, એક્શન ઘણી નજીક હતો. ફાસ્ટ બોલર્સ જસપ્રીત બુમરાહ લેગ સ્પિન પર કામ કરી રહ્યાં છે. શનિવારે બીસીસીઆઈએ બુમરાહનો એક વીડિયો શેર કર્યો. જેમાં તે ભારતના પૂર્વ સ્પિનર અનિલ કુંબલેના એક્શનમાં લેગ સ્પિન બોલિંગ કરતા જોવા મળી રહ્યાં છે. કુંબલેએ પણ આ વીડિયો અંગે પ્રતિક્રિયા આપી. તેમણે કહ્યું કે, 'વેલ ડન બૂમ, એક્શન ઘણી નજીક હતો'

બીસીસીઆઈએ વિડિયો પોસ્ટ કરી કેપ્શનમાં લખ્યું અમે સૌએ બુમરાહને ઘાતક યોર્કર અને બાઉન્સર ફેંકતા જોયો છે. વિડિયોમાં બુમરાહ ૬ લેગ સ્પિન બોલ ફેંકે છે. જેમાંથી એક કાંતો બે બોલ ગૂગલી હતા.

વિરૂષ્કાનો દીકરી સાથેનો પ્રથમ ફોટો.....



નામ રાખ્યું "વામિકા"

# કોહલીને આઉટ કરવા અંગે મૂઈન અલી ચિંતીત



(જી.એન.એસ.)ચેન્નાઇ,તા.૩૧

ભારત વિરુદ્ધ ટેસ્ટ સીરિઝના પ્રારંભ પહેલાં ઇંગ્લેન્ડને ભારતના કેપ્ટન વિરાટ કોહલીને આઉટ કરવાની ચિંતા હેરાન કરી રહી છે. ઇંગ્લેન્ડના ખેલાડી મોઇન અલીએ કહ્યું કે, મને ખબર નથી કે અમે તેને કેવી રીતે આઉટ કરીશું. કેમ કે, મને નથી લાગતું કે તેની કોઇ કમજોરી છે. પરંતુ અમારું બોલિંગ આક્રમણ સારું છે અને અમારી પાસે સારા ઝડપી બોલર છે. સાથે જ મોઇન અલીએ કહ્યું કે, તે બહુ સારો વ્યક્તિ છે અને મારો સારો મિત્ર છે.

મોઇન અલીએ વીડિયો કોન્ફરન્સમાં કહ્યું કે, કોહલી શાનદાર ખેલાડી છે અને વિશ્વસ્તરીય બેસ્ટમેન છે. તે સારું પ્રદર્શન કરવા માટે પ્રેરિત રહે છે. મને વિશ્વાસ છે કે ઓસ્ટ્રેલિયામાં ટીમના સારા પ્રદર્શન બાદ તે વધુ પ્રેરિત હશે. કેમ કે, દિકરીના જન્મને લીધે તે દેશ પરત ફર્યો હતો. તેણે કહ્યું કે, મારી ટીમમાં પસંદગી થાય કે નહીં, તે અલગ વિષય છે. પરંતુ જ્યાં સુધી રમતની વાત છે તો મને લાગે છે કે હું તૈયાર રહીશ. મેં લાંબા સમય રાહ જોઇ. મને હજુ પણ લાગે છે કે હું વિકેટ લઇ શકું છું, રન બનવી શકું છું અને મેચ વિનિંગ પ્રદર્શન કરી શકું છું. મારા નાના-નાના લક્ષ્ય છે, જે હાંસલ કરવા માંગું છું. હું ૨૦૦ વિકેટથી વધુ દૂર નથી. ૩૩ વર્ષીય ખેલાડી મોઇન અલી ઇંગ્લેન્ડની ટીમ શ્રીલંકા પહોંચી ત્યારે કોરોના પોઝિટિ આવ્યો હતો.

# ભેટમાં મળેલી વિરાટની જર્સીથી વૉર્નરની પુત્રી ખુશખુશાલ

(જી.એન.એસ.)મેલબર્ન,તા.૩૧

ઑસ્ટ્રેલિયનો તાજેતરમાં ઘરઆંગણે ભારત સામેની ટેસ્ટ-સિરીઝ ૧-૨થી હારી ગયા એને પગલે ડેવિડ વૉર્નર અને ટીમના બીજા ખેલાડીઓ હજી વધુ થોડા દિવસ ગમગીનીમાં રહેશે, પરંતુ વૉર્નરની દીકરી ઈન્ડિ રેઇ ખુશખુશાલ છે. વિરાટ કોહલીએ ઈન્ડિ માટે ભેટ આપેલી પોતાની જર્સીમાં સજ્જ ઈન્ડિના ફોટાને ખુદ વૉર્નરે શનિવારે ઈન્સ્ટાગ્રામ પર શૅર કર્યો હતો. વૉર્નર ઘણા વર્ષોથી ભારતની આઈપીએલમાં રમે છે અને તેને ભારત ખુદ પ્રિય છે એટલે જ તેણે પુત્રીનું નામ 'ઈન્ડિયા' પરથી પાડ્યું છે. વૉર્નરે ફોટા સાથેની પોસ્ટમાં લખ્યું હતું, 'હું જાણું છું કે અમે ભારત સામે સિરીઝ હારી ગયા, પણ આ છોકરીને જુઓ... તે કેટલી બધી ખુશ છે. વિરાટે તેનું જર્સી મારી દીકરી ઈન્ડિને બક્ષિસમાં આપ્યું એ બદલ તેનો ખૂબ આભાર. ઈન્ડિને એ જર્સી ઘણું જ ગમ્યું છે. ઈન્ડિને તેના ડૅડી અને ઍરોન ફિન્ચ તો ગમે જ છે, તે વિરાટ કોહલીની પણ ફૅન છે.'

વૉર્નરની પત્નીનું નામ કૅન્ડિસ છે. તેમને ત્રણ પુત્રીઓ છે. કૅન્ડિસે તાજેતરની રેડિયો ચૅટમાં કહ્યું હતું કે 'અમારા બાળકોને ક્રિકેટ રમવું ખૂબ ગમે છે. અમે બંગલાની પાછળના પ્લૉટમાં ઘણી વાર રમીએ છીએ. મારી સૌથી મોટી દીકરી તેના ડૅડીની ફૅન છે, જ્યારે સૌથી નાની પુત્રીને ફિન્ચની બૅટિંગ ખૂબ ગમે છે.

# અભિનવનાં સમર્થનમાં ઉતર્યા ટીવી સ્ટાર્સ રાખીના સપોર્ટ પર ટ્રોલ થયો સલમાન ખાન





(જી.એન.એસ.)મુંબઈ,તા.૩૧

બિગ બોસ ૧૪માં જ્યારથી રાખી સાવંતની એન્ટ્રી થઈ છે. તે તેનાં ઘણાં રૂપ દર્શકોને દેખાડી ચૂકી છે. ક્યારેક ડરાવનો તો ક્યારેક રોમેન્ટિક અંદાજથી તે દર્શકોનું મનોરંજન કરી રહી છે. રાખીએ ગત અઠવાડિયા પહેલાં જ રુબીના દિલૈક નાં પતિ અને એક્ટર અભિનવ શુક્લા સાથે લવ ટ્રેક શરૂ કર્યુ છે. જે અભિનવ અને રૂબીનાને જરાં પણ પસંદ નથી આવી રહ્યું. હાલમાં જ અભિનવને રાખી સાવંતે એટલો પરેશાન કર્યો કે તે રડી પડ્યો હતો. અને તેણે ઘરે જવાની માંગણી પણ કરી લીધી. તો બીજી તરફ સલમાન ખાને રાખી સાવંતની હરકતો બદલ તેને સમજાવવાની જગ્યાએ તેનું સમર્થન કર્યુ હતું. જે બાદ હવે સલમાન ખઆન ટ્રોલર્સનાં નિશાને આવી ગયો છે. ઘણાં ટીવી સ્ટાર્સ સહિત એક્સ બિગ બોસ કંટેસ્ટંટ પણ સલમાન ખાનનાં રાખી સાવંતને સપોર્ટ કરવા પર તેનાંથી નારાજ છે. સૃષ્ટિ રોડેથી લઈ રાહુલ મહાજન સુધીનાં ઘણાં સ્ટાર્સે સલમાન ખાનનાં નિવેદનની નિંદા કરી છે. જેમાં તે અભિનવ શુક્લાને કહે છે કે, 'રાખી સાવંત શોની સૌથી મોટી એન્ટરટેઈનર છે અને તે જે કંઇ કરી રહી છે તેનાંથી અભિનવને જ ફાયદો થઈ રહ્યો છે.' ઘણાં ટીવી સ્ટાર્સનું માનવું છેકે, સલમાન ખાન રાખી સાવંતનાં ખોટા હોવા પર પણ તેને સાચી સાબિત કરવામાં લાગેલો છે. સૃષ્ટિ રોડેએ અભિનવનાં સમર્થનમાં એક ટ્વિટ કરી છે. જેમાં તે લખે છે કે, 'અભિનવ શુક્લા તૂ હિંમત ન હારતો, આ લોકો ખોટા છે, તુ નહીં. આ વાતો તને સ્ટ્રોંગ બનાવશે. તો એન્ડી કુમાર લખે છે કે, 'મને વિશ્વાસ નથી થઈ રહ્યો આવું હેરેસમેન્ટ અને બિગ બોસ ૧૪માં તેને ફાયદાનું નામ આપવામાં આવી રહ્યું છે.

# તાંડવના વિરોધ બાદ ઓટીટી પ્લેટફોર્મ માટે આવી શકે છે ગાઈડલાઈન

(જી.એન.એસ.)મુંબઈ,તા.૩૧

કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી પ્રકાશ જાવડેકરે ઓવર ધી ટોપ પ્લેટફોર્મ પર પ્રસારિત થતી વેબ સીરિઝને લઈને કડક વલણ અપનાવ્યું છે. તેમણે જણાવ્યું કે, તાંડવ સહિત અન્ય કેટલીક સીરિઝ સામે સંખ્યાબંધ ફરિયાદો મળ્યા બાદ કેન્દ્ર સરકાર ટૂંક સમયમાં નિયમન માટે વિસ્તૃત માર્ગદર્શિકા જાહેર કરશે. કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું હતું કે, અમને ઓટીટી પ્લેટફોર્મ પર આવતી સીરિયલો અંગે અનેક ફરિયાદો મળી છે. ઓટીટી પ્લેટફોર્મ પર રીલિઝ થતી ફિલ્મ અને સીરિયલ તેમજ ડિજિટલ ન્યુઝપેપર પ્રેસ કાઉન્સિલ એક્ટ, કેબલ ટેલિવિઝિન નેટવર્ક (રેગ્યુલેશન) એક્ટ અથવા સેન્સર બોર્ડના દાયરામાં નથી આવતા.

જેને પગલે અમે ઓટીટી માટે વિસ્તૃત ગાઈડલાઈન ટૂંક સમયમાં જાહેર કરીશું. તાજેતરમાં જ એમેઝોન પ્રાઈમ વીડિયો પર રજૂ થયેલી વેબ સીરિઝ તાંડવને લઈને ભારે વિવાદ થયો હતો. હિન્દુઓની લાગણી દુભાવવા બદલ ઉત્તર પ્રદેશના લખનઉ, ગ્રેટર નોઈડા અને શાહજહાપુરમાં એફઆઈર પણ દાખલ થઈ હતી. આ ઉપરાંત મધ્ય પ્રદેશમાં બે અ કર્ણાટક તેમજ બિહારમાં એક-એક ફરિયાદ દાખલ કરવાઈ હતી.

# 'લાલ સિંહ ચઢ્ઢા' રિલીઝ નહીં થાય ત્યાં સુધી મોબાઈલનો ઉપયોગ નહીં કરે આમીર ખાન



મુંબઈ,તા.૧

આમિર ખાને મોબાઈલ ડિટોક્સિંગનો નિર્ણય લીધો છે. હાલમાં આમિર ખાન રાજસ્થાનમાં છે. તે અહીંયા પોતાના મિત્ર અમીન હાજીની ફિલ્મ 'કોઈ જાને ના'ના ગીત માટે આવ્યો છે. આમિરે પોતાની ફિલ્મ 'લાલ સિંહ ચઢ્ઢા'ના શૂટિંગમાંથી બ્રેક લીધો છે. જોકે, આ દરમિયાન આમિરે ફોનનો ઉપયોગ ના કરવાના સોગન લીધા છે. જ્યાં સુધી 'લાલ સિંહ ચઢ્ઢા' રિલીઝ નહીં થાય ત્યાં સુધી આમિર ખાન મોબાઈલ હેન્ડસેટ્સને હાથ લગાવશે નહીં.

આજના ડિજિટલ યુગમાં આપણે ૧૫ મિનિટ પણ મોબાઈલથી દૂર રહી શકતા નથી. મોબાઈલ વગર જીવનની કલ્પના કરવી હવે તો મુશ્કેલ બની ગઈ છે. જોકે, આમિરે મોબાઈલનો ઉપયોગ ના કરવાનું નક્કી કર્યુ છે. આમિરને લાગે છે કે મોબાઈલને કારણે તેના કામમાં અડચણો આવી રહી છે.

આમિરે 'નો ફોન પોલિસી' માત્ર સેટ પર જ નહીં, પરંતુ પર્સનલ લાઈફમાં પણ અપનાવી છે. આમિરે આજથી એટલે કે પહેલી ફેબ્રુઆરીથી આનો અમલ શરૂ કરી દીધો છે. પરિવાર તથા નિકટના સાથીઓએ જો આમિરનો સંપર્ક કરવો હશે તો તેમણે એક્ટરના મેનેજર સાથે વાત કરવાની રહેશે. આમિરના સોશિયલ મીડિયા અકાઉન્ટ્સ પણ હવેથી તેની ટીમ જ મેનેજ કરશે.

આમિર ખાન રાજસ્થાનથી મુંબઈ પરત ફરીને 'લાલ સિંહ ચઢ્ઢા'નું શૂટિંગ શરૂ કરશે. આમિરની ફિલ્મની રાહ માત્ર ચાહકો જ નહીં, પરંતુ થિયેટર માલિકો પણ જોઈ રહ્યાં છે. છેલ્લાં એક વર્ષથી કોરોનાને કારણે થિયેટરમાં દર્શકો જતા નથી.

આમિરની ફિલ્મનું ડિરેક્શન અદ્વૈત ચંદને કર્યુ છે. આમિરની ફિલ્મનું પોસ્ટ પ્રોડક્શનનું કામ ટૂંક સમયમાં શરૂ કરશે. ફિલ્મ આ વર્ષે ક્રિસમસમાં રિલીઝ થશે. ફિલ્મમાં આમિરની સાથે કરીના કપૂર, મોના સિંહ પણ છે.

# અનન્યા પાંડેએ ઈનફિનિટી પૂલમાં નાહતો વિડિયો કર્યો શેર

(જી.એન.એસ.)મુંબઈ,તા.૩૧

અનન્યા પાંડે હાલમાં જ રજાઓ ગાળવા માલદીવ્સ ગઇ હતી. અનન્યાએ વર્ષ ૨૦૨૧નું સ્વાગત આવી રીતે કર્યું હતું. આમ તો અનન્યા માલદીવ્સથી ક્યારની પરત આવી છે પણ હજુ તેનો જીવ તો ત્યાં જ હોય તેમ લાગે છે. પહેલાં તેનાં વેકેશનની તસવીરો તેણે સોશિયલ મીડિયામાં શેર કરી અને હવે તેણે તેનાં વેકેશનનો વીડિયો શેર કર્યો છે. જે હાલમાં સોશિયલ મીડિયામાં છવાયેલો છે. આ વીડિયોમાં અનન્યા ઇનફિનિટી પૂલમાં નહાતી નજર આવે છે. માલદીવ્સનો સુંદર નજારો પાછળ જોવા મળે છે. સોશિયલ મીડિયામાં આ વીડિયોને ખુબ બધી લાઇક્સ અને કમેન્ટ્સ મળી રહી છે.

વીડિયો શેર કરતાં અનન્યાએ કેપ્શનમાં લખ્યું છે કે, પ્રોમિસ, આ લાસ્ટ માલદીવ્સ પોસ્ટ છે. આ વીડિયોથી માલૂમ થાય છે કે, તેને તેની માલદિવ્સ ટ્રિપ કેટલી પસંદ છે અને તે તેને કેટલું મિસ કરી રહી છે. અનન્યા પાંડેનો આ વીડિયો ફેન્સ ખુબજ પસંદ કરી રહ્યાં છે. આ વીડિયો શેર કરે હજુ માત્ર ૧૬ કલાક થયા છે અને આટલાં સમયમાં તેને ૧૬ લાખથી વધુ લાઇક્સ મળી ગઇ છે. આ વીડિયોમાં અનન્યા એક લેવિશ રિઝોર્ટનાં ઇનસાઇડ સ્વીમિંગ પૂલમાં નહાતી નજર આવે છે.

જેમાં તે ઘણી જ સુંદર પણ દેખાઇ રહી છે. અનન્યાનાં વર્કફ્રન્ટની વાત કરીએ તો હાલમાં તે ઇશાન ખટ્ટરની સાથે 'ખાલી-પીલી'માં નજર આવી હતી. જે બાદ અનન્યા વિજય દેવરકોંડાની સાથે 'લાઇગર'માં નજર આવશે. આપને જણાવી દઇએ કે અનન્યા આ વખતે તેનાં ખાલી પીલી પાર્ટનર ઇશાન ખટ્ટરની સાથે જ માલદિવ્સ વેકેશન પર ગઇ હતી.



# દુનિયાની ટોપ ૧૦ આકર્ષક સુપર મોડલ્સમાં ઉર્વશી રૌતેલાનું નામ સામેલ



(જી.એન.એસ.)મુંબઈ,તા.૩૧

બોલીવુડ અભિનેત્રી ઉર્વશી રોતેલા દુનિયાની ટોપ ૧૦ સૌથી આકર્ષક સુપરમોડલ્સની યાદીમાં સામેલ થઈ ગઈ છે. અભિનેત્રીએ પોતાના ઈંસ્ટાગ્રામ એકાઉન્ટ પરથી પોસ્ટ કરી આ ખુશખબરી પોતાના ફેન્સની સાથે શેર કરી છે.

ઈંસ્ટાગ્રામ પર ઉર્વશીના ૩ કરોડ ૪ લાખથી પણ વધારે ફોલોઅર્સ છે અને તેમને શુક્રવારે ટોપ ૧૦ વર્લ્ડસ સેકસીએટ સુપર મોડલ ૨૦૨૧ યાદીમાં સામેલ થવાના સમાચાર શેર કર્યા હતા. તેમણે પોસ્ટ થકી પોતાના ફેન્સનો પ્રેમ અને તેમના સપોર્ટનો આભાર માન્યો. તેમણે પોતાની પોસ્ટમાં લખ્યું, હું દુનિયાની ટોપ ૧૦ સૌથી આકર્ષક સુપરમોડલ્સની યાદીમાં આવી ગઈ છું અને તે માટે દિલથી તમારો આભાર વ્યક્ત કરું છું. ઉર્વશીએ લખ્યું કે, 'ભગવાનની કસમ હું હેરાન છું કારણ કે, કેવી રીતે હું આવુ કરનારી પ્રથમ મહિલા બની ગઈ છું. મેં પોતાના જીવનમાં ડ્રમેજ, લુક અથવા અપીયરેંસમાં કોઈ ફેરફાર કર્યો નથી.

# રાજ્યમાં ધોરણ ૯ અને ૧૨ના શિક્ષણ કાર્યનો શુભારંભ : અઠવાડીયામાં ત્રણ દિવસ હાજરી



(જી.એન.એસ.)અમદાવાદ,તા.૧

રાજ્યમાં કોરોનાના કેસ નિયંત્રણમાં આવ્યા છે અને સાથે કોરોના રસીકરણ અભિયાન પણ ચાલી રહ્યું છે. ત્યારે ૫ હેલી ફેબ્રુઆરીથી શિક્ષણ વિભાગ દ્વારા ધોરણ ૯ અને ૧૧ ના શૈક્ષણિક વર્ગો પણ શરૂ થયા છે. ત્યારે હવે શાળામાં ધોરણ ૧૦થી ૧૨ના વિદ્યાર્થીઓનો અભ્યાસ શરુ થયો છે. પરંતુ શાળામાં ચાર વર્ગોના વિદ્યાર્થીઓની ભીડને ધ્યાને રાખીને હાલ શાળાના સંચાલકોએ ધોરણ ૯ અને ૧૧ના વિદ્યાર્થીઓ માટે એમએફડબલ્યુ સિસ્ટમ લાગુ કરી છે.

જ્યારે ધોરણ ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓ માટે ટીટીએસ સિસ્ટમ અપનાવી છે. ધોરણ ૯ અને ૧૧ ના વિદ્યાર્થીઓ માટે પણ સ્કૂલ શરૂ કરવામાં આવી છે. જેને લઈ હવે શાળામાં ૯થી ૧૨ના વર્ગો ચાલશે. વિદ્યાર્થીઓની સુરક્ષાને ધ્યાને લઈ શાળાઓએ કોવિડ ૧૯ને લગતી તમામ ગાઈડલાઈનનું પાલન કરવું પડશે. જેને લઈને શાળામાં વિદ્યાર્થીઓની ભીડ એકઠીના થાય તેને લઈ હાલ પૂરતા વિદ્યાર્થીઓ ને એમડબલ્યુ એફ એટલે કે મંડે, વેન્સડે અને ફ્રાઈડે બોલાવવાનું નક્કી કર્યુ છે જ્યારે ધોરણ ૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓ માટે ટીટીએસ એટલે કે ટયૂઝડે, થર્સડે બોલાવવામાં આવશે.

# કચ્છમાં નદી કિનારે રમતા ત્રણ માસૂમ બાળકોના માટીમાં દબાઈ જતા મોત

(જી.એન.એસ.)કચ્છ,તા.૧

નાના બાળકો તમામ વસ્તુઓ રમતમાં લઈ લેતાં હોય છે. પણ અમુક વાર રમત તેમના માટે જીવનની અંતિમ રમત સાબિત થઈ શકે છે. અને તે માટે જ નાના બાળકો રમતાં હોય ત્યારે તેમના પર નજર રાખવી ખૂબ જ જરૂરી છે. કચ્છમાં ૩ બાળકો નદી પાસે માટીનું ઘર બનાવી રમતાં હતા. તે સમયે માટીનું ઘર તૂટી પડતાં તમામ બાળકો દટાઈ જતાં તેઓનાં મોત નિપજ્યા હતા.



ભુજ તાલુકાના ખાવડાના હુસેનીવાડ ધ્રોબા ગામે માટી નીચે દટાઈ જવાથી ૩ બાળકોનાં કરૂણ મોત નિપજ્યા છે. ગઈકાલ મોડી રાતનો આ બનાવ છે. ગામ પાસે આવેલ નદીમાં ૩ બાળકો રમવા ગયા હતા. નદી પાસે માટીનું દર બનાવી અંદર બેઠેલાં બાળકો પર માટી ધસી પડતા બાળકોનાં મોત થયા હતા. ત્રણ બાળકોના મોતના સમાચાર આવતા માતા-પિતા આઘાતમાં ગરકાવ થઈ ગયા છે. મોડે સુધી બાળકો પરત ના આવતાં ગ્રામજનો દ્વારા શોધખોળ સમયે ત્રણે બાળકો દટાયેલી હાલતમાં લાશ મળી આવી હતી. પોલીસે ઘટનાસ્થળ પર પંચનામું કરી આગળની તપાસ હાથ ધરી છે. હુશેનીવાઢ ધ્રોબાના ગામમાં ૩ બાળકોના ઘટનામાં મોત થતાં પરિવાર પર આભ ફાટી પડ્યું હતું. તો આખું ગામ હિબકે ચઢ્યું હતું.

# આત્મનિર્ભરતાની વાતો વચ્ચે દેશની સંપત્તિ વેચવાનું ચાલુ : સીપીઆઈ(એમ)

## સી.પી. આઈ. (એમ) પક્ષ ગુજરાત એકમના અરૂણ મહેતાની બજેટ અંકે કડક પ્રતિક્રિયા

ચક્રવાત ટીમ અમદાવાદ તા.૦૧

આજે નાણામંત્રી દ્વારા સંસદમાં રજૂ કરવામાં આવેલ બજેટને ભાજપના આગેવાનો ભરપેટ વખાણી રહ્યા છે ત્યારે કેટલાક ઔદ્યોગિક-વ્યાપારિક અને શ્રમિક સંગઠનોએ બજેટમાં ગરીબ અને મધ્યમવર્ગ માટે નિરાશાજનક વર્ણવેલ છે. ગરીબોના ખિસ્સા તથા બચત ખાલી થતાં હવે સરકાર દ્વારા મધ્યમ વર્ગ અને ઉચ્ચ મધ્યમવર્ગ તરફ નિશાન તાક્યુ છે. કેન્દ્રિય બજેટ અંગે પોતાના પ્રતિભાવ વ્યક્ત કરતા ગુજરાત એકમ સી.પી. આઈ.(એમ)નાં અરૂણ મહેતાએ બજેટને નોકરીયાતો કર્મચારીઓ, શ્રમિકો અને મધ્યમવર્ગ માટે નિરાશાજનક વર્ણવી સરકારની નીતિ પર ચાબખા મારતા જણાવેલ છે કે વર્તમાન કેન્દ્ર સરકાર પો કોઈપણ બાબતમાં ક્યાં અને કેમ આગળ વધવું તેના અનુભવની સાથે આયોજનનો પણ અભાવ સ્પષ્ટ રીતે નજરે ચડે છે.

એક તરફ આત્મનિર્ભરતાની વાતો કરાય છે તો બીજી તરફ દેશની સંપત્તિઓ ને અનેક એકમો પાછલા બારણે સરકાર વેચી રહી છે. સરકાર દ્વારા બે ધારી ચાલ ચલાવાતી હોવાનું જણાવી કેન્દ્રના બજેટમાં મધ્યમ વર્ગને મોટ કોઈ રાહત ન મળી હોવાથી સમાજ માટે નિરાશાજનક ગણાવ્યું હતું.

# વાંકાનેરમાંથી સગીરાનું અપહરણ થતા સમગ્ર તાલુકામાં ચકચાર

ચક્રવાત ટીમ વાંકાનેર,તા.૧

વાંકાનેર તાલુકા પંથકમાંથી એક સગીરાનું લગ્નની લાલચે એક શખ્સ અપહરણ કરી લઈ ગયો હોવાની ફરિયાદ સગીરાના પિતાએ વાંકાનેર તાલુકા પોલીસ મથકમાં નોંધાવી છે. જે ફરિયાદ પરથી પોલીસે આરોપી સામે અપહરણનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

બનાવની પ્રાપ્ત વિગતો મુજબ વાંકાનેર તાલુકા પંથકમાં રહેતા અને સિરામિક કારખાનામાં મજુરી કામ કરતા એક પરિવારની સગીરાને આરોપી પ્રેમી માનજી ભાંભર લલચાવી-ફોસલાવી લગ્ન કરવાના ઈરાદે વાલીપણામાંથી અપહરણ કરી લઈ ગયો હોવાની ફરિયાદ સગીરાના પિતાએ વાંકાનેર તાલુકા પોલીસમાં નોંધાવી છે. જે બનાવમાં વાંકાનેર તાલુકા પોલીસે આરોપી સામે અપહરણનો ગુનો નોંધી આ બનાવની વધુ તપાસ વાંકાનેર સી.પી.આઈ એચ. એન. રાઠોડ ચલાવી રહ્યા છે. સમગ્ર ઘટનાની જાણ થતા સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામ્યો છે.

# ૬૦ વર્ષથી ઉપરના ભાજપીઓ ચૂંટણી નહીં લડી શકે

## ભાઉનો ફતવો : નિર્ણય બાદ કેટલાય જૂના જોગીઓની ઉમેદવારી પર બ્રેક લાગશે

ચક્રવાત ટીમ ગાંધીનગર તા.૦૧

રાજ્યની સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ૬ મહાપાલિકાના ઉમેદવારીપત્રો ભરવાનો પ્રારંભ થતા જ ભાજપ પ્રદેશ પાર્લામેન્ટ્રી બોર્ડની બેઠક મુખ્યમંત્રીનાં નિવાસ સ્થાને યોજાઈ હતી. જેમાં લંબાણપૂર્વકની ચર્ચાઓના અંતે ચૂંટણી ઉમેદવારી પ્રક્રિયા બાબતે કેટલાક મહત્વનાં નિર્ણયો પક્ષ પ્રમુખ સી.આર. પાટીલની અધ્યક્ષતામાં લેવાયા હતા. જેમાં ત્રણથી વધુ વાર ચૂંટણી લડી ચૂકેલા (જીતેલા કે હારેલા), ૬૦ થી વધુ વય ધરાવતા અને પક્ષનાં નેતા કે આગેવાનના નજીકના કોઈ સગા-પરિવારના સભ્યને ટીકીટ નહીં ફાળવવા નિર્ણય લેવાતા ભાજપમાં કેટલાક આગેવાનો પોતાનું ફાઈનલ છે તેવું માની આગળ ધપી રહ્યા હતાં તેને બ્રેક લાગી જવા પામી છે. આવા કાર્યકરોનો ચૂંટણી આયોજનમાં ભરપૂર ઉપયોગ કરવામાં આવશે.

રાજ્યમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીનાં ઉમેદવારોની પસંદગી બાબતે નિર્ણય કરવા પ્રદેશ ભાજપની પાર્લામેન્ટ્રી બોર્ડની ત્રણ દિવસની બેઠકના પ્રથમ દિવસે ઉપરોક્ત નિર્ણયો લેવાતા પક્ષમાં આગામી સમયમાં ઘણા મોટા પરિવર્તનો આવી રહ્યાનાં સંકેતો દર્શાવવામાં આવી રહ્યા છે. નવા જાહેર કરાયેલા નિર્ણયના કારણે અમદાવાદ, રાજકોટ, સુરત, વડોદરા સહિતનાં ૬ મહાનગરોમાં જે ઉમેદવારોની ઉમેદવારી નિશ્ચિત માનવામાં આવતી હતી તેવા આશરે ૭૦ થી ૮૦ પૂર્વ કોર્પોરેટરોનાં પત્તા નવા નિયમ હેઠળ કપાશે.

# ઓડિશામાં પિકઅપ વેન પલટી જવાથી ૧૦ના મોત, ૧૫ ઘાયલ

(જી.એન.એસ.)ભુવનેશ્વર,તા.૧

ઓડિશાના કોરાપુટ જિલ્લામાં એક પિકઅપ વેનના પલટવાથી ઓછામાં ઓછા ૧૦ લોકોના મોત થયા છે. જ્યારે ૧૫ અન્ય લોકો ઘાયલ થયા છે.

પોલીસના એક અધિકારીએ જણાવ્યું કે ઘટના કોટપડ પોલીસ સ્ટેશનના મુર્તાહાંડીમાં થઈ છે. તેમણે જણાવ્યું કે આ દુર્ઘટના તે સમયે થઈ જ્યારે લગભગ ૩૦ લોકો પડોશી છત્તીસગઢ રાજ્યમાંથી એક સંબંધીના બેસણામાં સામેલ થયા બાદ પોતાના ગામ પાછા ફરી રહ્યા હતા.

કોરાપુટના પોલીસ અધિક્ષક વરુમ ગુંટુપલ્લીએ જણાવ્યું કે ૧૦ લોકોના સ્થળ પર જ મોત થઈ ગયા હતા. તેમણે જણાવ્યું કે ૧૫ ઘાયલોને કોટપડના એક હોસ્પિટલમાં ભરતી કરાવવામાં આવ્યા છે. ઘાયલોમાં ૧૦ લોકોની હાલત નાજુક બતાવવામાં આવી રહી છે. કોરપુટના ડીએમ મધુસુદન મિશ્રાએ જણાવ્યુંકે યાત્રી ઓડિશાના સિંધિગુડા ગામથી છત્તીસગઢના કુલ્ટા ગામ તરફ જઈ રહ્યા હતા. ઘાયલોની સારવાર માટે હોસ્પિટલ મોકલી દેવામાં આવ્યા છે.

# સોશિયલ મીડિયામાં દૂષણ વધતા કાયદા હેઠળ લાવવા સુપ્રિમની કેન્દ્ર સરકારને નોટીસ

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૧

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સના નિયમન માટે કાયદો ઘડવાનો આદેશ આપવા અને નફરત ફેલાવતા ફેક ન્યૂઝને ફેલાતા અટકાવવા માટે સોશિયલ મીડિયા સાઈટ્સ ફેસબુક, વ્હોટ્સએપ, ઈન્સ્ટાગ્રામ અને ટ્વીટરને જવાબદાર ઠેરવતી માંગ વાળી અરજી પર સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને નોટિસ પાઠવી છે. આ અરજી વકીલ વિનીત જિંદલ દ્વારા દાખલ કરવામાં આવી છે.

જેમાં કોર્ટને આગ્રહ કરવામાં આવ્યું છે કે, તે કેન્દ્ર સરકારને એવી વ્યવસ્થા બનાવવાનો આદેશ આપે. જેમાં નફરત ફેલાવતા ભાષણ અને ફેક ન્યૂઝ સોશિયલ મીડિયા સાઈટ ૫ રથી દૂર થાય. જેથી ભડકાઉ ભાષણ કે ફેક ન્યૂઝની નકારાત્મક અસરને ઓછી કરી શકાય.

અરજીમાં સોશિયલ મીડિયા પ્લેટફોર્મ થકી નફરત ફેલાવતા ભડકાઉ ભાષણો અને ફેક ન્યૂઝના ફેલાવા માટે દાખલ દરેક કેસમાં નિષ્ણાંત તપાસ અધિકારી નિયુક્ત કરવાનો આદેશ આપવાની સુપ્રીમ કોર્ટ સમક્ષ માંગ કરવામાં આવી છે. કોર્ટમાં દાખલ અરજી મુજબ, ચેનલ શરૂ કરવા માટે એક રજિસ્ટર્ડ એકાઉન્ટ ૫ ૂરતું છે. જે ટ્વીટર, યૂ-ટ્યૂબ, ફેસબુક, ઈન્સ્ટાગ્રામ વગેરે જેવા સોશિયલ મીડિયા સાઈટો પર વીડિયો અપલોડ કરવા માટે પ્લેટફોર્મ પૂરુ પાડે છે. જેનો અર્થ છે કે, કોઈ ફણ ઈન્ટરનેટ મીડિયા પર કોઈ પણ વસ્તુ અપલોડ કરી શકે છે. તેમની પોસ્ટ માટે કોઈ પ્રતિબંધ કે અંકુશ નથી અને સરકાર તરફથી પણ કોઈ નિયમન નથી.

# કચ્છના સફેદ રણમાં યોજાશે ભવ્ય ગુજરાતી ફિલ્મ એવોર્ડ

(જી.એન.એસ.)કચ્છ,તા.૧

આગામી ૨૮ ફેબ્રુઆરીના રોજ ૨૦૧૯-૨૦ માટે ગુજરાતી ફિલ્મનો એવોર્ડ સમારંભ યોજવામા આવશે. જો કે આ કાર્યક્રમ અત્યાર સુધીના કાર્યક્રમ કરતા કંઈક અલગ હશે. કારણ કે, આ એવોર્ડ સમારંભ કચ્છના સફેદ રણમા એટલે કે ટુરીઝમ પ્લેસ પર રાખવામા આવ્યો છે. આ એક અલગ પ્રકારનો કનસેપ્ટ છે. ગુજરાત ટુરીઝમ ફીલ્મ એકસલન્સ એવોર્ડની વાત કરતા અભિલાષ ઘોડાએ જણાવ્યુ હતું કે, ગુજરાતી ૨૦૧૯-૨૦ માટે ૨૭ ફિલ્મો આવી છે અને કુલ ૨૮ કેટેગરીમા નોમીનેશન જાહેર કરવામા આવ્યા છે. કોરોનાકાળમાં લોકો મુશ્કેલીમાંથી પસાર થયા છે, ત્યારે આ પ્રકારના પ્રવાસન સ્થળ પર આ કાર્યક્મ કરવાથી લોકોને થોડો ચેન્જ મળશે.

**શ્રી ગંગા સિંહ, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, વાંકાનેર**

**જન્મ/મરણ/પરચુરણ અરજી નં.૦૪/૨૦૨૧**

સરવૈયા કેશુભાઈ વાલાભાઈ
રહે. જેપુર, તા. વાંકાનેર, જિ. મોરબી ......અરજદાર

વિરૂદ્ધ

તલાટી-કમ-મંત્રીશ્રી,
(જન્મ-મરણ રજીસ્ટ્રાર ઓફીસર)
જેપુર ગ્રામ પંચાયત
મું. જેપુર, તા. વાંકાનેર, જી. મોરબી .........સામાવાળા

**વિષય :** જન્મ/મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ મરણની નોંધણી કરાવવા બાબત.

આથી આ જાહેરથી નોટીસથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે, સદર અરજીમાં અરજદારશ્રી સરવૈયા કેશુભાઈ વાલાભાઈના પિતાશ્રી વાલાભાઈ નાજાભાઈ સરવૈયાનું તારીખ :- ૧૭/૦૭/૧૯૯૧ ના રોજ અવસાન મું. જેપુર, તા. વાંકાનેર, જિ. મોરબી મુકામે થયેલ છે અને તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અરજણ હોઈ ભુલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલી છે તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર મરણની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરાવવા સામે કોઈ પણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૩૦માં યા તો મુદત તા. ૦૮/૦૨/૨૦૨૧ના રોજ વાંધો રજુ કરવો. જો વાંધો નહીં આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.

આજ રોજ તા.૧૫/૦૧/૨૦૨૧ના રોજ મારી સહી તથા કચેરીનો ગોળ સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ વાંકાનેર**

**શ્રી એન.એફ. વસાવા, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, વાંકાનેર**

**જન્મ/મરણ/પરચુરણ અરજી નં.૧૮૪/૨૦૨૦**

શ્રી પરબતભાઈ ગાંડુભાઈ સરૈયા,
રહે. ભરવાડ પરા, વાંકાનેર
તા.વાંકાનેર, જિ. મોરબી ......અરજદાર

વિરૂદ્ધ

રજીસ્ટ્રારશ્રી,
જન્મ-મરણ વિભાગ,
નગરપાલિકા કચેરી, વાંકાનેર
તા.વાંકાનેર, જી. મોરબી .........સામાવાળા

**વિષય :** જન્મ/મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ મરણની નોંધણી કરાવવા બાબત.

આથી આ જાહેરથી નોટીસથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે, સદર અરજીમાં અરજદારશ્રી પરબતભાઈ ગાંડુભાઈ સરૈયાના દાદશ્રી મચ્છાભાઈ ભુરાભાઈ સરૈયાનું તારીખ :- ૧૫/૦૬/૧૯૮૩ ના રોજ અવસાન મું. ભરવાડપરા, તા. વાંકાનેર, જિ. મોરબી મુકામે થયેલ છે. અને તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અરજણ હોઈ ભુલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલી છે તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર મરણની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરાવવા સામે કોઈ પણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૩૦માં યા તો મુદત તા. ૦૮/૦૨/૨૦૨૧ના રોજ વાંધો રજુ કરવો. જો વાંધો નહીં આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.

આજ રોજ તા.૦૫/૦૯/૨૦૨૦ના રોજ મારી સહી તથા કચેરીનો ગોળ સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

**નાયબ કલેક્ટર અને**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ વાંકાનેર**

# ફ્રાન્સના પર્યાવરણ પ્રધાને સુરતમાં રિક્ષા ચલાવતા લોકો આશ્ચર્યમાં

(જી.એન.એસ.)સુરત,તા.૧

રાફેલ બનાવનાર દેશ પ્રાંતના ૫ ર્યાવરણ મંત્રીએ બાર્બરા પોમપિલીને સુરત શહેરની ઓટો રિક્ષા ચલાવતા જોઈ દરેક આશ્ચર્યમાં મૂકાઈ ગયા છે. મહાનગર પાલિકાની ગાંધીગીરીથી પ્રભાવિત થઈને ફ્રાન્સના પર્યાવરણ પ્રધાન બાર્બરા સુરત શહેરની મુલાકાતે આવી છે. ફ્રાન્સના મંત્રીનું પ્રતિનિધિમંડળ એરપોર્ટથી સીધુ મનપા કચેરી પહોંચ્યું હતું. ત્યારબાદ મનપાના વિવિધ પ્રોજેક્ટની સમીક્ષા કરી મુલાકાત દરમિયાન તેઓએ સુરત મહાનગર પાલિકા કચેરી ખાતે એક ઓટો રીક્ષામાં બેસી રીક્ષા ચલાવી હતી. એક વિદેશથી આવેલી મંત્રી દ્વારા આવી રીતે એ રીક્ષા ચલાવતા જોઈ લોકો પણ આશ્ચર્યમાં મુકાઈ ગયા હતા. બાર્બરા પિંક રીક્ષા અને એ બસ જોઈ પણ આનંદિત થઈ ગયા હતા.

સુરત મહાનગરપાલિકાની કામગીરીથી પ્રભાવિત થઈને ૧ ફેબ્રુઆરીનાં રોજ ફ્રાન્સનાં પર્યાવરણ પ્રધાન બાર્બરા પોમપિલી સુરત શહેરની મુલાકાતે આવી પહોંચ્યા હતા.

# અમદાવાદમાં મેડિકલ એસોસિએશનના તબીબો ભૂખ હડતાળ પર

(જી.એન.એસ.)અમદાવાદ,તા.૧

આજથી ઈન્ડિયન મેડિકલ એસોસિએશન ફરી એકવાર મિક્ષોપ થીનો વિરોધ શરૂ કરાયો છે. આયુર્વેદના અનુસ્નાતક પદવીધારકો જનરલ સર્જરી કરી શકે તે નવા બદલવાનો એલોપથી તબીબો વિરોધ કરી રહ્યા છે. દેશવ્યાપી ભૂખ હડતાળ અને વિરોધ પ્રદર્શનોના માધ્યમથી તબીબોએ મિક્ષોપથીનો વિરોધ શરૂ કર્યો છે. આઈએમએ ના એલાનને પગલે ગુજરાત બ્રાન્ચ તરફથી પણ ભૂખ હડતાળ અને વિરોધ કાર્યક્રમોને સમર્થન આપવામાં આવ્યું છે. આજે અમદાવાદ મેડિકલ એસોસિએશન ખાતે ૨૦ જેટલા મેડિકલ ક્ષેત્ર સાથે સંકળાયેલા તબીબો અમે વિદ્યાર્થીઓએ ભૂખ હડતાળ શરૂ કરી છે. ૪ દિવસ અમદાવાદમાં ત્યારબાદ સુરત, વડોદરા, રાજકોટ અને જામનગરમાં તબીબો ભૂખ હડતાળ કરી સીસીઆઈએમ એક્ટનો વિરોધ કરશે.કેન્દ્ર સરકાર તરફથી આયુર્વેદીકના તબીબોને ૫૮ જેટલી શસ્ત્રક્રિયા કરવાની પરવાનગી આપ વામાં આવ્યા બાદથી એલોપથીના તબીબોમાં રોષ જોવા મળી રહ્યો છે.




